Chanakyament (Gujarati)

Chanakya

ચાણક્યમૅન્ટ™

મૅનેજમૅન્ટનું સર્વોચ્ચ શિખર







આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

જીવનમાં કોઈ પણ ક્ષેત્રે સફળ થવા માટે મૅનેજમૅન્ટની જરૂરિયાત હોય છે. આજના હરીફાઈભર્યા જીવનમાં મૅનેજમૅન્ટનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. યોગ્ય મૅનેજમૅન્ટનો અમલ તમારી આવક તો વધારે જ છે, પણ એ ઉપરાંત તમારા વ્યવસાયની પ્રતિષ્ઠા, વિકાસ, આયોજન અને સુરક્ષામાં પણ વધારો કરે છે.

ચાણક્ય – વિશ્વ સંસ્કૃતિના એક એવા યુગપુરુષ જેમણે ૨૩૦૦ વર્ષ પહેલાં રજૂ કરેલું સમાજ, ધર્મ, રાજનીતિ અને કર્મનું અમૂલ્ય જ્ઞાન આજે પણ એટલું જ વ્યવહારિક છે.

આ પુસ્તકમાં રજૂ થયેલા મૅનેજમૅન્ટ સિદ્ધાંતો ખૂબ ઉપયોગી છે. આ નાના નાના સિદ્ધાંતોનો અમલ કરતી વ્યક્તિ સફળ થશે જ તેની ગૅરંટી છે. એટલે જ ૨૩૦૦ વર્ષ પહેલાં ચાણક્યએ રચેલા મૅનેજમૅન્ટના એવા શાશ્વત સિદ્ધાંતોને આધુનિક સંદર્ભમાં રજૂ કરતા આ પુસ્તકનું નામ છે **ચાણક્યમૅન્ટ.**

ચાણક્યમૅન્ટ™

મૅનેજમૅન્ટનું સર્વોચ્ચ શિખર

ચાણક્યમૅન્ટ™

મૅનેજમૅન્ટનું સર્વોચ્ચ શિખર

રજૂઆત

ચંદ્રેશ મકવાણા



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧
'દ્વારકેશ',
રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩
Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

CHANAKAYAMENT
Principles on Management told by Chanakya before 2300 Years
Compiled by Chandresh Makwana
Published into Gujarati by R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai – Ahmedabad
2012
EISBN: 978-93-80868-82-0

મુદ્રણો
પ્રથમ આવૃત્તિ: ફેબ્રુઆરી, ૨૦૧૧
પુનર્મુદ્રણ: ફેબ્રુઆરી, ૨૦૧૨

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ – અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

પ્રસ્તાવના

હાથમાં એક પણ પ્રકારનું હથિયાર ઉઠાવ્યા વગર જ એક સામાન્ય શિક્ષકે એક આખી સત્તા ઉથલાવી નાખી, નંદવંશનો નાશ કરી મૌર્યવંશની સ્થાપના કરી. શું હતું એ શિક્ષક પાસે? સૂક્ષ્મ સંચાલનશક્તિ! કોણ હતો એ શિક્ષક?કૌટિલ્ય... અને કૌટિલ્ય એટલે જ ચાણક્ય. મૂળ નામ આચાર્ય વિષ્ણુગુપ્ત, જે પિતાના 'ચણક' નામ પરથી 'ચાણક્ય' કહેવાયા.

વિશ્વ આખાના મોટા મોટા રાજનીતિજ્ઞો જે ગ્રંથને વાંચતાં જ મોઢામાં આંગળાં નાખી જાય છે એ ગ્રંથ છે, 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર'. એ ગ્રંથમાં આચાર્ય ચાણક્યે રાજ્ય વ્યવસ્થાના સંચાલન અંગે જે જ્ઞાન દાખવ્યું છે એ 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું છે. ચાણક્યનું એ જ્ઞાન અજોડ છે, અનન્ય છે, શાશ્વત છે.

પોતાના ગ્રંથ 'અર્થશાસ્ત્ર'માં **'अर्थ एव प्रधान इति कौटिल्य'** એમ કહી એ ધર્મ, અર્થ, કામ, મોક્ષ: એ ચાર પુરુષાર્થમાં અર્થની પ્રધાનતા પર ભાર મૂકે છે. અર્થ એટલે નાણું, ધન, જે સમગ્ર માનવજીવનનો મુખ્ય આધાર છે. જગતની કોઈ પણ વ્યવસ્થાના પાયા આ અર્થ નામના આધારબિંદુ પર જ ટકેલા છે. વિશ્વની કોઈ પણ વ્યવસ્થા, એ ભલે સમાજવ્યવસ્થા હોય, રાજ્યવ્યવસ્થા હોય, રાષ્ટ્રવ્યવસ્થા હોય કે કોઈ પણ વ્યવસ્થા હોય – સર્વેએ આ ખ્યાલને સ્વીકારવો જ રહ્યો. આચાર્ય ચાણક્યે આ ખ્યાલને બરોબર પચાવ્યો હતો, એ અર્થમાં આચાર્ય ચાણક્ય પ્રખર અર્થશાસ્ત્રી હતા, મહાન સંચાલક હતા અને એટલે જ આજે પણ જો કોઈ વ્યક્તિ સૌથી શ્રેષ્ઠ મૅનેજમૅન્ટનું ઉદાહરણ પૂરું પાડે તો તેને 'ચાણક્ય' નું બિરુદ મળે છે.

હવે વાત કરીએ મૅનેજમૅન્ટની. તો મૅનેજમૅન્ટ સંદર્ભે પણ ચાણક્ય માઈલસ્ટોન છે, જે એમને વાંચનાર દરેકે સ્વીકારવું જ રહ્યું. મૅનેજમૅન્ટને સમજીએ તો મૅનેજમૅન્ટ એ માનવજીવનનું સૌથી અનિવાર્ય અંગ છે. માનવજીવનનાં જેટલાં પાસાં છે, એટલાં જ પાસાં મૅનેજમૅન્ટનાં પણ છે. 'મૅનેજમૅન્ટ' શબ્દને આપણે જ્યારે માત્ર વ્યવસાય સંદર્ભે જોઈએ છીએ ત્યારે તે ખૂબ સંકુચિત અર્થ દર્શાવે છે. ખરેખર તો મૅનેજમૅન્ટ એ જીવનના દરેક પાસાને આવરી લેતી એક અતિવિશાળ બાબત છે. આપણે જોઈએ છીએ કે માણસ શારીરિક, માનસિક, આર્થિક, ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક, રાજનૈતિક, વૈચારિક, કૌટુંબિક, સામાજિક – એમ દરેક બાબતમાં નફો રળી લેવા માગે છે. તે દરેક ક્ષેત્રમાં સફળતાની ટોચે પહોંચવા... દરેક તબક્કે કશુંક નવું કરવા ઇચ્છે છે, એ સનાતન સત્ય છે અને એટલે જ જીવનના દરેક તબક્કે મૅનેજમૅન્ટ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે.

આપ કોઈ પણ યુગની કે ક્ષેત્રની સફળ વ્યક્તિનો અભ્યાસ કરશો તો આપને આપોઆપ સમજાઈ જશે કે એનામાં કશુંક એવું હતું જે બીજાઓમાં નહોતું. શું હતું એવું જે બીજાઓમાં નહોતું? એનો ઉત્તર છે 'મૅનેજમૅન્ટ'. ટૂંકમાં, 'મૅનેજમૅન્ટ' જ સફળતાનો આધારસ્તંભ છે. કોઈ પણ વ્યક્તિ કે શક્તિ જો સફળ છે તો એનું શ્રેય માત્ર ને માત્ર એની સંચાલનશક્તિને ફાળે જ જાય. સૃષ્ટિનું સર્જન અને સંચાલન કરનાર સ્વયં ઈશ્વર પણ એ જ સત્યને વરેલા છે. જો ઈશ્વર પાસે યોગ્ય સંચાલનશક્તિ ન હોય તો ક્ષણે ક્ષણે પ્રલય

સર્જાય, પગલે પગલે મહાવિનાશ થાય. થવાનું ન થાય અને ન થવાનું થયાં જ કરે. પ્રકૃતિ એક પળ જો એના સંચાલન પરનો અંકુશ ગુમાવી દે તો મહાઅનર્થ થઈ જાય. પૃથ્વી પોતાની ધરી પર ૨૪ કલાકમાં ૨૪ હજાર વાર ફરી જાય. સૂરજ ઊગે જ નહીં અને દરિયા સુકાઈ જાય. ટૂંકમાં, આપ કલ્પના પણ ન કરી શકો એવું ઘણુંબધું થાય; પણ એવું બધું થતું નથી, કારણ? કારણ કે આ સમગ્ર બ્રહ્માંડનો નાનામાં નાનો અણુ પણ નિયમબદ્ધ છે. સૃષ્ટિમાં જે કંઈ થાય છે, નિયમબદ્ધ થાય છે. નિયમ વિરુદ્ધ કંઈ જ નથી થતું... એટલે જ બધું સમુસૂતરું ચાલે છે. જેવું ઈશ્વરનું છે એવું જ માનવીનું છે. એણે એની યાત્રાને હેમખેમ ચલાવવી હોય તો નિયમમાં રહેવું પડે અને નિયમબદ્ધતા એટલે જ સંચાલન. સંચાલન એ આજના જ નહીં, દરેક સમયની માંગ છે. અર્થાત્, સંચાલન એટલે કે મૅનેજમૅન્ટ વગર સૃષ્ટિનું ચક્ર ચાલી જ ન શકે. આપણે માનવજીવનનો ઇતિહાસ જોઈશું તો ખબર પડશે કે આદિમાનવથી લઈને આધુનિક માનવ સુધીની માનવ-જીવનની વિકાસયાત્રા દરમિયાન એક બીજી યાત્રા પણ અવિરત ચાલ્યા જ કરી છે, જેનું નામ છે 'મૅનેજમૅન્ટની યાત્રા'. આદિમાનવ જો આધુનિક માનવ બની શક્યો હોય તો માત્ર ને માત્ર એની સંચાલનશક્તિને કારણે જ.

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી છે. એ માનવજીવનનાં તમામ પાસાંઓ પર પ્રકાશ પાડે છે, કારણ કે માણસ જે કંઈ કરે છે એ જીવવા માટે કરે છે. જીવવું એ જ માનવજીવનનું અંતિમ ધ્યેયબિંદુ છે. જીવવું એટલે માત્ર જીવી નાખવું એવું નથી... આ જીવી નાખવાથી જીવી જાણવા સુધીની સફર પાર પાડવા જે શક્તિની જરૂર પડે એનું નામ જ સંચાલનશક્તિ. માનવની તમામ આંતરક્રિયાઓમાં જીવવું એ ખ્યાલ સૌથી ટોચ ઉપર છે; અને જીવવા માટે નાણું જોઈએ; અર્થાત્, નાણું એ આજીવિકાનો આધારસ્તંભ છે અને એટલે જ આચાર્યે પોતાના અર્થશાસ્ત્રમાં અર્થની પ્રધાનતા પર ભાર મૂક્યો છે. દરેક વ્યક્તિ એ સત્ય સ્વીકારશે જ કે અર્થ અર્થાત્ ધન કમાવું એ માનવજીવનનું અતિ મહત્ત્વનું ધ્યેય છે.

પણ ધન થોડું કંઈ સહેલાઈથી કમાઈ શકાય છે! ધન જો સહેલાઈથી કમાઈ શકાતું હોત, મેળવી શકાતું હોત કે અર્જિત કરી શકાતું હોત તો મૅનેજમૅન્ટની જરૂર જ ન પડત ને!

આજે આધુનિક ટૅક્નૉલૉજીએ વિશ્વને એક નાનકડું ગામડું બનાવી દીધું છે, જેના એક છેડેથી બીજે છેડે પહોંચતાં આંગળીને વેઢે ગણી શકાય એટલી મિનિટો કે કલાકોથી વધારે સમય લાગતો નથી. આજે તમે કોઈ એક વ્યવસાય કરવા માગતા હો તો તે વિશેની ઢગલાબંધ માહિતી તમને ગણતરીની સેંકડોમાં મળી જશે, પણ નૉલેજ-મૅનેજમૅન્ટના જમાનામાં માત્ર માહિતીથી કામ ન ચાલી શકે. એ માટે તમારે તમે મેળવેલી બધી જ માહિતીમાંથી તમારા માટે સૌથી સારી અને સુલભ તેમ જ ઝડપી માહિતી કઈ છે એનું પણ મૅનેજમૅન્ટ કરવું જ પડે! એ પછી જ બીજાં મૅનેજમૅન્ટો સંભવે. અહીં ચાણક્યના મૅનેજમૅન્ટ-વિષયક ખ્યાલો ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. ચાણક્યે ભારતીય પ્રાદેશિકતા અને તેની પ્રજાની માનસિકતાને બરાબર સમજી, પચાવી અને જે કહ્યું છે એ ગૂઢ અને સૂક્ષ્મ અભ્યાસનો નિચોડ છે. આજથી ૨૩૦૦ વર્ષ પૂર્વે તેમણે મૅનેજમૅન્ટ સંબંધી જે વાતો કહી હતી – જો તે આજે પણ એટલી જ ઉપયોગી કે સ્વીકાર્ય ન હોય તો કોઈ પણ વ્યક્તિ તેને શું કામ સ્વીકારે? ચાણક્યને આજે આપણે ઓળખીએ છીએ, એની પાછળનું કારણ માત્ર ને માત્ર તેમનું શક્તિશાળી મૅનેજમૅન્ટ છે.

યોગ્ય Management વગર એક સામાન્ય બ્રાહ્મણ એક આખા સામ્રાજ્યને ઉથલાવી શકે ખરો? ના... ના... ન જ ઉથલાવી શકે. એનો અર્થ એ કે ચાણક્ય પાસે ગજબની આયોજનશક્તિ હતી, જેનો લાભ આપણે પણ લેવાનો છે. પ્રશ્ન માત્ર એક જ છે કે, શું ચાણક્યના બધા વિચારોને આપણે એના એ જ સ્વરૂપે સ્વીકારી લેવા?

જવાબ છે, ના.

કારણ કે ભૂતકાળની કોઈ પણ વસ્તુને એના એ જ સ્વરૂપે સ્વીકારી લેવા જેવી મોટી ભૂલ બીજી કોઈ ન હોઈ શકે. ભૂતકાળની ભૂલો આપણને વર્તમાનમાં ટકવાનો અને ભવિષ્યમાં સફળ થવાનો આધાર પૂરો પાડે છે. માટે જ ચાણક્યના વિચારોને પણ આપણે એના એ જ સ્વરૂપે નથી સ્વીકારવાના. આપણે ખૂબ સફળ થવું છે એટલે ચાણક્યમાં સફળ થવા જેવું જ જે કંઈ પણ હોય તે શોધવાનું છે અને તેને આધુનિક પ્રવાહો સાથે જોડી દઈ એક નવું મૅનેજમૅન્ટ ઊભું કરવાનું છે. એ નવું મૅનેજમૅન્ટ જ આપણને આ ડિજિટલ યુગમાં ટકાવી શકશે.

ચાણક્યે જે કંઈ કહ્યું છે તે એમના સમયની માંગ હતી. આપણા સમયની માંગ શું છે, તેમાં ચાણક્ય આપણને કઈ રીતે મદદરૂપ થશે, તે આપણે જોવાનું છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વ મૂડીવાદી વિચારધારા તરફ ઢળી રહ્યું છે એવા સમયમાં બજારમાં નિરંતર સ્પર્ધા જોવા મળશે એટલે કે આ યુગ અતિ તીવ્ર સ્પર્ધાનો યુગ બની રહેશે. આ સમયમાં આપણે નિત્ય નવું અને એ પણ પાછું બીજાઓ કરતાં જુદું કરવું પડશે તો જ આપણે ટકીશું. વળી, આપણે જાણીએ જ છીએ કે આદિમાનવની આધુનિક માનવ સુધીની યાત્રામાં તેની નિત્ય નવું કરવાની વૃત્તિ જ કારણભૂત છે. જે નિત્ય નવું કરવાની આ પ્રવૃત્તિમાં પાછળ રહી જાય છે અથવા જેમની ગતિ મંદ થઈ જાય છે તેવા લોકો, ઉદ્યોગો, સંસ્થાઓ, સમાજો, રાજ્યો અને રાષ્ટ્રો 'વિકાસશીલ', 'અલ્પવિકસિત', 'વિકાસની દિશામાં અગ્રેસર' જેવાં નામધારી બની રહી જાય છે. આ સમસ્યાના નિવારણ માટે પણ ચાણક્યનું મૅનેજમૅન્ટ અભ્યાસનો વિષય બની જાય છે.

હવે આપણે મૅનેજમૅન્ટ વિશે જગતના મહાન સંચાલન-નિષ્ણાતો શું કહે છે તે પણ જોઈએ. આધુનિક સંચાલન વિજ્ઞાનના પિતા ગણાતા ફ્રેંચ સંચાલન-શાસ્ત્રી શ્રી હેલ્લી ફેયોલના મત મુજબ

(૧) "સંચાલન એટલે પૂર્વાનુમાન અને આયોજન કરવું, વ્યવસ્થાતંત્રની રચના કરવી, આદેશો આપવા, સંકલન સાધવું અને અંકુશ રાખવો!"

તો મહાન સંચાલન-શાસ્ત્રી જી. આર. ટેરી સંચાલનની કંઈક આવી વ્યાખ્યા બાંધે છે,

(૨) "સંચાલન એ આયોજન, ઉત્તેજન અને અંકુશની બનેલી એક વિશિષ્ટ પ્રક્રિયા છે, જે ધ્યેયો નક્કી કરવા માટે અને નક્કી કરેલા ધ્યેયોને માનવશક્તિ તથા અન્ય સાધનોનો ઉપયોગ કરીને સિદ્ધ કરવા માટે હાથ ધરવામાં આવે છે."

અમેરિકાના પ્રસિદ્ધ સંચાલન-નિષ્ણાત શ્રી લૉરેન્સ સંચાલનની કંઈક આવી વ્યાખ્યા બાંધે છે,

(૩) "સંચાલન વ્યક્તિઓના વિકાસની પ્રક્રિયા છે, નહીં કે વસ્તુઓની ગોઠવણીની. સંચાલનનું કાર્ય મુખ્યત્વે આયોજન અને નિયંત્રણ કરવાનું છે."

એક વિચાર મુજબ સંચાલન-અધિકારીએ મુખ્યત્વે ત્રણ કાર્યો કરવાનાં હોય છે.

(૧) માણસો દ્વારા (પાસેથી) શું કાર્ય કરાવવા માગો છો તે નક્કી કરવું.

(૨) અમુક સમયના અંતરે એ કાર્યો અંગે તપાસ અને મૂલ્યાંકન કરતાં રહેવું.

(૩) માણસો વધુ અસરકારક રીતે કાર્યને ન્યાય આપી શકે તેવી પદ્ધતિઓ, યુક્તિઓ વિકસાવવી...

આ બધી વ્યાખ્યાઓ તો બહુ મોડી લખાઈ. આ બધા વિચારો તો બહુ મોડા રજૂ કરાયા. મહાન અર્થશાસ્ત્રી ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં આ બધા વિચારોને ૨૩૦૦ વર્ષ પહેલાં રજૂ કરી ચૂક્યા છે અને અમલમાં મૂકી સફળ રીતે પાર પણ પાડી ચૂક્યા છે. એમની પ્રગાઢ સંચાલનશક્તિને બળે જ ચંદ્રગુપ્ત મૌર્યે ચક્રવર્તી રાજા બનીને વર્ષો સુધી એક વિશાળ સામ્રાજ્ય પર રાજ કર્યું. આ પુસ્તક મૅનેજમૅન્ટ અંગેની આચાર્યની શક્તિશાળી વિચારધારાનો પરિચય કરાવવાના હેતુથી જ આપ સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યું છે.

આ પુસ્તક ચાણક્યના 'અર્થશાસ્ત્ર' અને 'સંપૂર્ણ ચાણક્યનીતિ'ને આધારે લખાયું છે. તેમાંથી બુદ્ધિશાળી વાચકને પોતાને જે જોઈએ એ દૃષ્ટિ મળી જ રહેશે. શાસકને શાસન સંબંધી અને વેપારીને વેપાર સંબંધી, ગૃહસ્થને ઘર સંબંધી અને સંચાલકને સંચાલન સંબંધી કશુંક ને કશુંક મળી જ રહેશે.

આ પુસ્તકમાં જે કંઈ માહિતી છે એ સ્વયં કૌટિલ્યનાં સૂત્રોને આધારિત જ છે. હા, આજના સમયને ધ્યાનમાં રાખીને એમાં વિશેષ નોંધો ઉમેરવામાં આવી છે. એનો આધાર પણ સ્વયં ચાણક્યમાંથી પ્રાપ્ત થયેલ સમજશક્તિ જ છે.

આ પુસ્તક આપને એક નવી દિશા ચીંધવામાં ઉપયોગી થશે તો અમારો ઉદ્દેશ પાર પડ્યાનો અમને ચોકક્સ આનંદ થશે.

આપના પ્રતિભાવો આવકાર્ય છે.

ચંદ્રેશ મકવાણા

તા. ૧-૧-૨૦૧૧

ચાણક્ય: પરિચય

મગધના રાજા ધનનંદે દરબાર ભર્યો હતો. તેમાં ઋષિ ચણકનો યુવાન પુત્ર વિષ્ણુગુપ્ત રાજ્યની સ્થિતિ વિશે રાજાને વાકેફ કરી રહ્યો હતો.

'મહારાજ! પ્રજામાં શાસન પ્રત્યે ભારોભાર અસંતોષ પ્રગટી રહ્યો છે.' વિષ્ણુગુપ્તે કહ્યું.

'અસંતોષ? પ્રજાને વળી અસંતોષ કેવો?' અભિમાનમાં ચૂર મગધપતિ ધનનંદે પૂછ્યું.

'મહારાજ! પ્રજા જેટલું કમાય છે તેનો અડધો ભાગ કરવેરામાં જાય છે અને બાકીની આવકમાંથી અડધી રકમ આપણા શાસન-અધિકારીઓ ગુપચાવી પાડે છે. પ્રજા એક તરફ કરવેરાના ભાર નીચે દબાઈ ગઈ છે તો બીજી તરફ અધિકારીઓની લૂંટફાટથી ત્રાહિ મામ્ પોકારી ગઈ છે.' વિષ્ણુગુપ્તે રાજ્યમાં વ્યાપેલી અરાજકતાનો ચિતાર આપતાં કહ્યું.

'પ્રજા કરવેરો નહિ ભરે તો રાજ કેવી રીતે ચાલશે? પ્રજા કપટી છે, રાજાને એક ફૂટી કોડી પણ આપવી તેને ગમતી નથી એટલે આપણા અધિકારીઓને બદનામ કરે છે.' ધનનંદે વિષ્ણુગુપ્તની વિનંતી ફગાવી દીધી.

'મહારાજ! જો પ્રજા કરવેરો ન ભરતી હોત તો શાસન-અધિકારીઓ અને તમે પોતે આટલા બધા ભોગવિલાસ ન કરી શકતા હોત. તમારી સુખ-સાહ્યબી, તમારો વૈભવ પ્રજાના કરવેરાના કારણે જ છે તે તમારે ભૂલવું ન જોઈએ.' સત્યપ્રિય વિષ્ણુગુપ્તનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો.

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. વિષ્ણુગુપ્તે આ શું કર્યું! સત્ય બહુ કડવું હોય છે. તેનો સ્વીકાર બધા કરી શકતા નથી. તેમાં વળી આ તો રાજા ધનનંદ. 'સમરથ કો નહિ દોષ ગોસાઈ' જેવો ન્યાય ધનનંદની સભામાં પણ પ્રવર્તતો હતો. તે અહંકારી અને અન્યાયી રાજા હતો. તેને મન પ્રજા ગુલામથી વધીને કંઈ જ નહોતી પણ વિષ્ણુગુપ્ત તો ઋષિપુત્ર હતો. તે ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો વિદ્વાન હતો. તે જાણતો હતો કે અન્યાય સહન કરવાની પણ એક હદ હોય છે. જ્યારે અન્યાય અને અહંકાર હદને ઓળંગી જાય છે ત્યારે પ્રજા બધું ભાન ગુમાવી દે છે અને રાજાને તેનાં મૂળિયાં સહિત ઉખાડીને ફેંકી દે છે. તે ધનનંદને ચેતવવા માગતો હતો કે હજી પણ સમય છે. તે ઇચ્છે તો રાજ્યમાં ફરી સુશાસન સ્થાપી શકે છે; પણ વિનાશકાળે વિપરીત બુદ્ધિ. અહંકારના મદમાં રાવણ જેવો પ્રકાંડ વિદ્વાન, પણ ભાન ભૂલી ગયો હતો તો ધનનંદ જેવા અજ્ઞાનીની શી વિસાત?

વિષ્ણુગુપ્તની તેજાબી વાણી સાંભળવા છતાં ધનનંદને ભાન ન થયું. તેને વિષ્ણુગુપ્ત

દુશ્મન જેવો લાગ્યો. તરત જ સૈનિકોને બોલાવ્યા અને આદેશ કરતાં કહ્યું:

'સૈનિકો! આ હરામખોર બ્રાહ્મણને અત્યારે ને અત્યારે મારી નજર સામેથી દૂર કરો અને રાજ્યની હદમાંથી હાંકી કાઢો. તે રાજાનું અન્ન ખાય છે પણ તેના હૈયામાં પ્રજાનું હિત વસે છે. તેની વફાદારી ધનનંદ પ્રત્યે નહિ પણ પ્રજા પ્રત્યે છે. તે મારા અધિકારીઓ વિરુદ્ધ મને ઉશ્કેરી રહ્યો છે. આ આપણો મિત્ર નહિ, દુશ્મન છે.'

'મહારાજ! આપના આ સેવકના હૃદયમાં આપનું અને આપના નંદવંશનું જ હિત વસે છે, એટલે જ આપને ચેતવી રહ્યો છું.' વિષ્ણુગુપ્તે સમજાવવાનો એક વધુ પ્રયાસ કર્યો .

'તું મને ચેતવી રહ્યો છે? મહારાજ ધનનંદને? રાજ્યની માલિક પ્રજા છે કે રાજા? તું ભૂલી ગયો છે એટલે હવે તને યાદ કરાવવું પડશે. સૈનિકો, આ મૂર્ખ બ્રાહ્મણને ઉપાડીને સભામાંથી બહાર ફેંકી દો.' ધનનંદ ગુસ્સાથી ધ્રૂજતો હતો.

સૈનિકોએ વિષ્ણુગુપ્તને ઉઠાવીને સભામાંથી બહાર ફેંકી દીધો અને અટ્ટહાસ્ય કરવા લાગ્યા. સૈનિકો પણ ધનનંદની જેમ મદમસ્ત થઈ ગયા હતા અને તેઓ પ્રજાને તુચ્છ સમજવા લાગ્યા હતા, પણ વિષ્ણુગુપ્ત તો પ્રજાજનોને જરાજ્યના સાચા પાલનહાર ગણતો હતો. તે પ્રજાના સુખને રાજ્યનું સુખ માનતો હતો. તે ઊભો થઈને પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો, પણ તેનું મન તો ધનનંદના શાસનના વિચારોમાં જ રમતું હતું.

તે વિચારતો હતો કે નંદવંશના શાસનમાં હવે પ્રજા સુરક્ષિત નથી. જે રાજ્યમાં રાજા જ પોતે પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરતો હોય ત્યાં રહેવું ઉચિત નથી. માતૃભૂમિને તેના હાલ પર છોડી દેવી પણ ઉચિત નથી. પોતાના દેશબાંધવોને અન્યાયમાં સબડવા દેવા યોગ્ય નથી. ઘેર આવીને તરત જ તેણે નિર્ણય કર્યો કે નંદવંશનું નામોનિશાન મિટાવી દેવું. પણ કેવી રીતે?

તે એકલો આ કામ કરી શકે તેમ નહોતો. શું કરવું તેની તેને સૂઝ પડતી નહોતી. લક્ષ્ય સ્પષ્ટ હતું પણ ત્યાં સુધી પહોંચવું કેવી રીતે તેની સમજ પડતી નહોતી. અચાનક તેને તક્ષશિલા (આ નગરના અવશેષો પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદ પરથી મળી આવ્યા છે.) વિદ્યાપીઠમાંથી તેડું આવ્યું અને વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર ભણાવવાની તક મળી. તેણે તે તક ઝડપી લીધી. તે તક્ષશિલા પહોંચી ગયો અને ત્યાં તેના પિતા ચણકના નામ પરથી ચણકપુત્ર ચાણક્ય તરીકે જાણીતો થયો.

તે સમયગાળો હતો ઈ. સ. પૂર્વે ૩૩૦ની આસપાસનો. તે સમયે મગધની પ્રજા ધનનંદના શાસનથી ત્રાસી ગઈ હતી અને એક એવા શાસકને ઇચ્છતી હતી જે મગધ સામ્રાજ્યનું રક્ષણ અને તેની વૃદ્ધિ કરી શકે; એટલું જ નહિ, આર્યાવર્તના જુદા જુદા ભાગોને એક શાસનસૂત્રમાં બાંધીને ચક્રવર્તી સમ્રાટના આદર્શને ચરિતાર્થ કરી શકે. કહેવાય છે કે તે દરમિયાન ચાણક્યની મુલાકાત ચંદ્રગુપ્ત સાથે થઈ. ચંદ્રગુપ્ત લડાયક યોદ્ધો અને કુશળ સેનાનાયક હતો. ચાણક્યે તેની શક્તિ પારખી લીધી. તેને થયું કે જો મારી વ્યૂહરચના અને ચંદ્રગુપ્તની શક્તિ એક થાય તો નંદવંશનો નાશ કરી શકાય. તેની અને ચંદ્રગુપ્ત વચ્ચે મિત્રતા સ્થપાઈ અને તેમણે પહેલાં પંજાબ તથા સિંધ સર કર્યું.

પંજાબ અને સિંધમાં તે સમયે વિશ્વવિજેતા સિકંદરના પ્રતિનિધિઓ સામંત બની રાજ કરતા હતા. તેમની નીતિ પ્રજાને ચૂસવાની હતી. પ્રજામાં તેમની વિરુદ્ધ ગુસ્સો ભભૂકતો હતો. ચંદ્રગુપ્ત તેમને વિદેશી સૂબાઓમાંથી મુક્ત કરાવવા રણે ચડવા માગતો હતો. ચાણક્યની કૂટ નીતિએ પ્રજાના મનમાં રહેલી ચિનગારીને ભડકાવી અને પ્રજાએ બળવો પોકાર્યો. બરાબર તે જ સમયે ચાણક્યે ચંદ્રગુપ્તને વિદેશી સૂબાઓ પર આક્રમણ કરવાની

સલાહ આપી. ચાણક્યની કૂટ નીતિ સામે વિદેશી સૂબા નતમસ્તક થઈ ગયા અને ચંદ્રગુપ્ત ચાણક્યને ગુરુ માનવા લાગ્યો.

પછી ચાણક્ય અને ચંદ્રગુપ્તની જોડીએ નંદવંશ પર આક્રમણ કર્યું. ધનનંદ પાસે ચંદ્રગુપ્ત કરતાં મોટું સૈન્ય હતું, પણ પ્રજા તેની વિરુદ્ધ હતી. ચાણક્યે ફરી એક વખત પ્રજાને પોતાની સાથે કરી લીધી અને ધનનંદને પરાસ્ત કરી નંદવંશનું નામોનિશાન મિટાવી દીધું. કહેવાય છે કે નંદવંશનો નાશ ન કરે ત્યાં સુધી ચાણક્યે ચોટલી નહિ બાંધવાની પ્રતિજ્ઞા લીધી હતી અને ધનનંદના શિરચ્છેદ પછી ચંદ્રગુપ્તે જ તેમને ચોટલી બાંધવાની વિનંતી કરી હતી.

ચાણક્યના આશીર્વાદથી ચંદ્રગુપ્તે પાટલિપુત્ર(આજના બિહારની રાજધાની પટના)માં મૌર્યવંશની સ્થાપના કરી. તે પોતે મૌર્યસામ્રાજ્યનો પ્રમુખ બન્યો અને ચાણક્યને મહાઅમાત્ય બનાવ્યો. તે સમયે ચાણક્યે ચંદ્રગુપ્તને રાજ્યનો પાયો પ્રજા છે તે સમજાવતાં કહ્યું હતું કે –

'રાજાના શાસનનો પાયો પ્રજા છે. પ્રજાના હિતમાં જ રાજા અને રાજ્યનું હિત છે. જે રાજા પ્રજાવત્સલ હોય છે તેના રાજ્યની સમૃદ્ધિ વધે છે. પ્રજાની ભલાઈમાં જ રાજાની ભલાઈ છે. રાજાનું મુખ્ય કાર્ય પ્રજાની સુખ-શાંતિ અને સમૃદ્ધિ વધારવાનું છે. રાજા માટે હિતકારક તે જ છે જે પ્રજા માટે હિતકારક હોય. પોતાના માટે હિતકારક હોય, પણ પ્રજા માટે નુકસાનકારક હોય તેવી નીતિ ક્યારેય અપનાવવી નહિ.'

તે પછી ચાણક્ય કૌટિલ્ય નામે જાણીતો થયો અને તેણે જગપ્રસિદ્ધ અર્થશાસ્ત્રની રચના કરી. આ શાસ્ત્રમાં પ્રજા અને રાજાએ કેવી નીતિ અપનાવવી તેનું વર્ણન આપ્યું હતું. સાથે સાથે તેણે નીતિશાસ્ત્રની પણ રચના કરી હતી. તેમાં તેણે રાજાનાં કાર્યો, પ્રજાની ફરજ, ધર્મ એટલે શું, સ્ત્રીનું મહત્ત્વ જેવા અનેક જીવનોપયોગી, દેશોપયોગી અને સમાજોપયોગી સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે. આ સિદ્ધાંતો દરેક કાળ અને દરેક સમાજ માટે ઉપયોગી છે. એ સર્વકાલીન સંદર્ભ ધરાવે છે.

તેણે અને ચંદ્રગુપ્તે ભારતમાં પૂર્વથી પશ્ચિમ સુધી પોતાની વિજયપતાકા લહેરાવી દીધી હતી. ઉત્તરે ગાંધાર (આજનું અફઘાનિસ્તાન)થી દક્ષિણમાં મૈસૂર સુધી મૌર્યસામ્રાજ્યનો ધ્વજ લહેરાતો હતો. તિબેટી લામા તારનાથ અને જૈન અનુશ્રુતિ અનુસાર ચાણક્યે ૧૬ રાજ્યના રાજાઓનો અને સામંતોનો નાશ કર્યો હતો. મૌર્ય સામ્રાજ્યમાં ચાણક્યે સ્થાપેલી શાસનવ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓ આધુનિક ગણતંત્રને ઘણીબધી મળતી આવતી હતી; જેમ કે, સત્તાનું વધુ ને વધુ કેન્દ્રીકરણ, વિકસિત અધિકારતંત્ર, યોગ્ય ન્યાયવ્યવસ્થા, નગરશાસન, કૃષિ, શિલ્પ-ઉદ્યોગ, સંચાર, વાણિજ્ય અને વ્યાપારની વૃદ્ધિ.

ચાણક્યની શાસનવ્યવસ્થાનો મુખ્ય હેતુ લોકહિત હતો. ચંદ્રગુપ્ત અને ચાણક્ય બંને ધર્મમાં રુચિ ધરાવતા હતા. જીવનનાં અંતિમ વરસોમાં ચંદ્રગુપ્તે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. જૈન અનુયાયીઓના કહ્યા મુજબ જ્યારે મગધમાં ૧૨ વર્ષનો દુકાળ પડ્યો ત્યારે લગભગ ઈ. સ. પૂર્વે ૩૦૦માં ચંદ્રગુપ્તે પોતાના પુત્ર બિંબિસારને મૌર્ય સામ્રાજ્ય સોંપી રાજ્યનો ત્યાગ કરી દીધો હતો અને પછી તે જૈન આચાર્ય ભદ્રબાહુ સાથે મૈસૂર નજીક શ્રવણ બેલગોળા ચાલ્યો ગયો હતો. ત્યાં તેણે એક સાચા જૈન ભિક્ષુની માફક નિરાહાર સમાધિસ્થ થઈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો.

ચંદ્રગુપ્તે પાટલિપુત્રનો ત્યાગ કર્યો તે પછી ચાણક્ય બિંબિસારનો પ્રધાનમંત્રી બન્યો

હતો, પરંતુ તેનું માન ધીમે ધીમે ઓછું થતું ગયું. બિંબિસારમાં તેના પિતા ચંદ્રગુપ્ત જેવી માણસ પારખવાની ક્ષમતા નહોતી. તેને ચાણક્ય કરતાં તેના એક મંત્રી અને મિત્ર સુબંધુ પર વધુ વિશ્વાસ હતો. સુબંધુને મૌર્યસામ્રાજ્યમાં પ્રધાનમંત્રી થવું હતું અને ચાણક્ય તેને કણાની માફક ખૂંચતા હતા. તે ચાણક્યનો કાંટો કાઢી નાખવા ઉત્સુક હતો. તેણે ઘણા પ્રયાસ કર્યા પણ બહુ ફાવ્યો નહિ. તેણે હિમ્મત હારી નહિ. એક વખત તેને બિંબિસારના જન્મ અને તેની માતાના મૃત્યુના રહસ્યની ખબર પડી ગઈ.

જૈન સંશોધન મુજબ, ચંદ્રગુપ્તને કોઈ દુશ્મન ઝેર ન આપી દે તે માટે ભોજન સાથે થોડું થોડું વિષ લેવાની ચાણક્યે સલાહ આપી. એક વખત ચંદ્રગુપ્તની પત્ની દુર્ધાએ તે વિષયુક્ત ભોજન ભૂલથી લઈ લીધું પણ તે ગર્ભવતી હતી. દુર્ધાના વિષનો ભોગ તેના ઉદરમાં ઊછરી રહેલું બાળક ન બને તે માટે ચંદ્રગુપ્તે ચાણક્યની સલાહથી દુર્ધાનું પેટ ચીરી નાખ્યું અને ઝેર ગર્ભમાં ઊછરી રહેલા બિંબિસારના મસ્તક પાસેથી પસાર થઈ ગયું. બિંબિસાર બચી ગયો પણ દુર્ધા મૃત્યુ પામી.

આ રહસ્યથી બિંબિસાર અપરિચિત હતો. સુબંધુએ ચાણક્યનો કાંટો કાઢવા છેલ્લો દાવ અજમાવ્યો અને બિંબિસારને તેની માતાના મૃત્યુનું રહસ્ય કહી દીધું, પણ ચાણક્યના સાચા ઉદ્દેશની તેને સમજ ન આપી. બિંબિસાર ચાણક્ય પર રોષે ભરાયો અને રાજ્ય છોડીને ચાલ્યા જવાનો આદેશ આપ્યો. ચાણક્યે તમામ ધન-સંપત્તિ ગરીબ-ગુરબાંઓમાં વહેંચી દીધી અને તેણે અન્ન-જળનો ત્યાગ કરી દીધો. પછી બિંબિસારને દાયણો પાસેથી ચાણક્ય અને ચંદ્રગુપ્તની મિત્રતા અને તેના જન્મની સાચી વાતની જાણ થઈ. તેને પારાવાર પસ્તાવો થયો. તે ચાણક્યને મનાવવા ગયો પણ તેણે ફરી મૌર્ય શાસનમાં કોઈ પણ પદ સંભાળવાનો ઇનકાર કરી દીધો.

બિંબિસારે સુબંધુને સજા કરી અને મંત્રીપદેથી હઠાવી દીધો. આ કારણે સુબંધુ વધારે રોષે ભરાયો અને તેણે ચાણક્યની હત્યા કરી દેવાનો નિર્ણય લીધો. તેણે ચાણક્યનું સન્માન કરવાને બહાને એક સમારંભ યોજ્યો જેમાં ષડ્યંત્ર રચી ચાણક્યને જીવતો સળગાવી દીધો. ઐતિહાસિક ગ્રંથો ચાણક્યનો જીવનકાળ ઈ.સ. પૂર્વે ૩૫૦થી ઈ.સ. પૂર્વે ૨૮૩ ગણાવે છે. અંગ્રેજી અને અંગ્રેજોથી પ્રભાવિત થયેલા ભારતીય ઇતિહાસકારો ચાણક્યને ‘ભારતનો મેક્યાવિલી’ કહે છે પરંતુ ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ આ તુલના સાથે અસંમત હતા.

તેમણે ચાણક્ય વિશે પોતાના પુસ્તક ‘ડિસ્કવરી ઑફ ઇન્ડિયા’માં લખ્યું છે કે,

‘ચાણક્યનું જીવન સાદું અને સંયમી હતું, રાજ્યના ઉચ્ચ દરજ્જાના ઠાઠમાઠ અને ભપકામાં તેને જરા સરખો પણ રસ નહોતો અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં તથા પોતાનો ધાર્યો હેતુ પાર પડતાં એક બ્રાહ્મણને શોભે તેમ રાજખટપટમાંથી છૂટા થઈને નિવૃત્તિપરાયણ જીવન ગાળ્યું.’

ચાણક્ય અને મેક્યાવિલીની સરખામણી ન થઈ શકે. મેક્યાવિલીનું ક્ષેત્ર રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર પૂરતું મર્યાદિત હતું જ્યારે ચાણક્યની નીતિ સમાજ, રાજ્ય, અર્થ, ધર્મ – એમ જીવનના દરેક પાસાંને સ્પર્શતી હતી .

અનુક્રમણિકા

મૅનેજમૅન્ટ એટલે શું?

આયોજન

ઑફિસ મૅનેજમૅન્ટ

સ્ટ્રેટેજીક મૅનેજમૅન્ટ

૨૭. પરિણામ ન આવે ત્યાં સુધી રાહ જુઓ
૨૮. યોજનાના અંગો
૨૯. મિટિંગ માટે અનિવાર્ય લોકો
૩૦. ઝાઝા હાથ રળિયામણા
૩૧. ક્યારેક સર્વસંમતિ સાધો
૩૨. ક્યાં ન જવાય/ન રહેવાય?
૩૩. વ્યક્તિ, સ્થળ અને સમયને ઓળખો
૩૪. યોગ્ય વ્યક્તિ સાથે વ્યવહાર રાખો
૩૫. પસંદગી કોની કરવી?
૩૬. સતત નવું સંશોધન કરો
૩૭. એકલો જાને
૩૮. કોઈ પણ પગલું ભરતાં પહેલાં વિચારો
૩૯. બહુ સરળ ન બનો
૪૦. પ્રતિષ્ઠા જાળવી રાખો
૪૧. ધીમા પરંતુ મક્કમ પગલે આગળ વધો
૪૨. સખત મહેનત કરો
૪૩. કામ કરવાની પદ્ધતિ
૪૪. તમારા ધ્યેયને તમારી દૃષ્ટિએ જ મૂલવો
૪૫. એક મિનિટ વિચારો, પછી પગલું ભરો

ટાઇમ મૅનેજમૅન્ટ

૪૬. ટાઇમ મૅનેજમૅન્ટ
૪૭. નિર્ધારિત સમયમાં કાર્ય પૂરું કરો
૪૮. હલાવ્યા વગર દાઝશે

સ્વભાવનું મૅનેજમૅન્ટ

૪૯. આયોજન કર્યા બાદ સહચિંતન કરો
૫૦. કાચબાની જેમ સંકોચાતાં શીખો
૫૧. પોતાની શક્તિ મુજબ વર્તો
૫૨. સરળ માર્ગ પસંદ કરો
૫૩. સ્વાવલંબી બનો
૫૪. ન બોલ્યામાં નવ ગુણ
૫૫. પલાયન કરવાની તૈયારી રાખો
૫૬. આફત સામે લડો
૫૭. ભર્યામાં ભરવું નકામું
૫૮. તમારા પોતાનામાં વિશ્વાસ રાખો

૫૯. કરો તેનું પામો
૬૦. કરે કોઈ ને ભોગવે કોઈ
૬૧. સ્પષ્ટવક્તા બનો
૬૨. ધન તો વપરાવાથી જ શોભે
૬૩. કંજૂસનું ધન કાંકરા સમાન
૬૪. પોતાનું છે એને જ શ્રેષ્ઠ માનો
૬૫. પુરુષાર્થ કરો
૬૬. પારકી પંચાતમાં ન પડો
૬૭. આયોજનપૂર્વક, વ્યવસ્થિત કાર્ય કરો.
૬૮. મંજિલ તો મળશે જ, જો પગલાં મક્કમ હશે
૬૯. દુ:ખતી રગ કોઈને ન બતાવો
૭૦. મહત્ત્વાકાંક્ષી બનો
૭૧. સ્વચ્છ, સુઘડ રહો

જવાબદારી

૭૨. વેપાર અધ્યક્ષની જવાબદારીઓ
૭૩. સરકારી સામાન વેચતા વેપારીની ફરજ
૭૪. મજબૂત સંગઠન રચો

ફરજ

૭૫. પુરસ્કાર
૭૬. રાજાનું કર્તવ્ય
૭૭. રાજકોષનું રક્ષણ
૭૮. પરિશ્રમીને પુરસ્કૃત કરો
૭૯. ચોરને દંડો
૮૦. શોષણખોરને દંડો
૮૧. ભ્રષ્ટ અધિકારીને દંડો
૮૨. યોગ્ય અધિકારીને બઢતી
૮૩. ઉદાર બનો

સાવચેતી

૮૪. કસોટીની મર્યાદા
૮૫. ગુપ્તચર નિયુક્ત કરવા
૮૬. ગુપ્તચરોની ફરજ
૮૭. અંગરક્ષક કેવો હોવો જોઈએ?
૮૮. ભોજનમાં સાવચેતી
૮૯. ઔષધમાં સાવચેતી

શીખવા જેવું

અન્ય

જ્ઞાન

आन्वीक्षकी त्रयी वार्ता दण्डनीतिश्चेति विद्या:॥

આન્વીક્ષકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ – એ ચાર વિદ્યાઓ છે.
આન્વીક્ષકી અર્થાત્ આત્મજ્ઞાન (કેટલાક વિદ્વાનોના મતે દર્શનશાસ્ત્ર, કેટલાક વિદ્વાનોના મતે તર્કશાસ્ત્ર, તેમ જ ન્યાયશાસ્ત્ર.)
ત્રયી અર્થાત્ ત્રણ વેદ (સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદ)
વાર્તા અર્થાત્ ખેતી, પશુપાલન અને વેપાર.
દંડનીતિ અર્થાત્ શાસનપ્રણાલી, સત્તાની સચોટતા, સત્તા દ્વારા સમગ્રને અંકુશમાં રાખવાની નીતિ.

આચાર્યે વિદ્યામાં આ ચાર વિષયોને પ્રાધ્યાન્ય આપ્યું છે, કારણ કે એ સમયે રાજ્યવ્યવસ્થા આ ચાર વિષયો પર જ ટકેલી હતી. ટૂંકમાં, રાજાશાહીનો પાયો આ ચાર વિષયો પર જ અવલંબિત હતો. રાજાશાહીમાં રાજ્યનો કર્તાહર્તા રાજા ગણાતો. તે અજ્ઞાની હોય તે કેમ ચાલે? તેનામાં તો અસામાન્ય બુદ્ધિમત્તા હોવી જ જોઈએ. એ જ રીતે તે સમયમાં લોકમાનસ પર વેદોનું ગજબનું પ્રભુત્વ હતું. લોકો દરેક વાતને વેદ પર આધાર રાખીને જ સ્વીકારતા કે અમલમાં મૂકતા. ટૂંકમાં, વેદ બહારની કોઈ પણ વાતને જનસામાન્યનો ટેકો નહોતો. પરિણામે રાજા પાસે વેદોનું જ્ઞાન હોવું જરૂરી જ નહીં, અનિવાર્ય હતું. રાજાને એ ત્રણેનું જ્ઞાન હોવું જ જોઈતું હતું. એ જ્ઞાન હોય તો જ રાજા રાજ્યવ્યવસ્થા ચલાવી શકે. આ ઉપરાંત એ તો ખરું જ કે આગળના ત્રણે વિષયો પર રાજા તો જ અંકુશ રાખી શકે, જો એની પાસે અસરકારક સત્તા અર્થાત્ દંડનીતિ હોય... ટૂંકમાં, રાજા સફળ રાજનીતિ તો જ કરી શકે જો એ ઉપરના ચારે વિષયોનો જ્ઞાતા હોય.

તમે જે ક્ષેત્રમાં છો એ ક્ષેત્ર સાથે સંકળાયેલી ઝીણામાં ઝીણી બાબતનું તમને જ્ઞાન હોવું જોઈએ. જે વ્યક્તિ ક્ષમતા કેળવ્યા વગર જ જવાબદારી ઉઠાવે છે એ હાસ્યાસ્પદ બની જાય છે. માટે જ આપ જ્યાં છો, જે ક્ષેત્રમાં છો, જે હોદ્દા કે પદ પર છો એને સંલગ્ન સંપૂર્ણ શૈક્ષણિક તેમ જ અન્ય લાયકાત કેળવો તો જ તમે એમાં ફાવી શકશો.

સત્તા

आन्वीक्षकीत्रयीवार्तानां योगक्षेमसाधनो दण्डः।
तस्य नीतिर्दण्डनीतिः।
अलब्धलाभार्था; लब्धपरिरक्षणी;
रक्षितविवर्धनी; वृद्धस्य तीर्थेषु प्रतिपादनी च॥

આન્વીક્ષકી, ત્રયી, વાર્તા એ ત્રણે વિષયોની સફળતા દંડ પર જ આધારિત છે. દંડને આધારભૂત માનનારી નીતિ દંડનીતિ છે. તે, જે પ્રાપ્ત નથી એ પ્રાપ્ત કરાવનારી, જે પ્રાપ્ત છે એનું રક્ષણ કરનારી, જે રક્ષિત છે એને સંવર્ધિત કરનારી અને જે સંવર્ધિત છે એનો પુણ્યક્ષેત્રમાં વિનિયોગ કરાવનારી નીતિ છે .

આચાર્યે આ ચાર વિષયોમાં દંડનીતિને મુખ્ય ગણાવી છે. એમના મત મુજબ પહેલાં ત્રણ (આન્વીક્ષકી, ત્રયી અને વાર્તા) વિષયોની સફળતા દંડનીતિને જ આભારી છે. અહીં દંડનો અર્થ માત્ર સજા પૂરતો જ સીમિત નથી. અહીં દંડ અર્થાત્ સમગ્ર શાસનપ્રણાલી એવો અર્થ આચાર્યને અભિપ્રેત છે. જે શાસક પાસે સચોટ સંચાલનબળ છે એ બધું જ પ્રાપ્ત કરી શકે છે; એટલું જ નહીં, પોતાની શક્તિને બળે એ પોતાની પાસે જે કંઈ છે એનું રક્ષણ પણ કરી શકે છે અને જે રક્ષિત છે એનું સંવર્ધન કરી એમાં વૃદ્ધિ પણ કરી શકે છે. એ જે સંવર્ધિત છે એનો પુણ્યમાં વિનિયોગ અર્થાત્ સદુપયોગ પણ કરી શકે છે. આ બધું ત્યારે જ શક્ય બની શકે છે. જ્યારે રાજા પાસે સશક્ત દંડનીતિ, સફળ રાજનીતિ અને શક્તિશાળી શાસનશક્તિ હોય.

સંચાલકનું મુખ્ય હથિયાર છે સત્તા. એ જેટલી અસરકારક એટલું જ ઉત્તમ પરિણામ. જે સંચાલક પોતાની સત્તા વડે પોતાના શાસનની સર્વોપરીતા સાબિત નથી કરતો એને સંચાલન કરવાનો કોઈ હક નથી. એક સંચાલક પાસે તીક્ષ્ણ વિવેકશક્તિ હોવી પણ ખૂબ જ અગત્યની છે. એને એ વાતનું જ્ઞાન હોવું જ જોઈએ કે કઈ જગ્યાએ એણે એની સત્તાનો કેવો ઉપયોગ કરવો, કારણ કે સત્તા એક એવું હથિયાર છે જેનો ઉપયોગ પૂરી સભાનતાથી થવો જોઈએ. સત્તાનો આંધળો અને અવિચારી ઉપયોગ તમારા શાસનને ઉથલાવી પણ શકે છે. સત્તા એક એવી તલવાર છે જેની એક ધાર તમારી ઉન્નતિ નક્કી કરે છે, બીજી ધાર પતન. તમે જ નક્કી કરો – તમારે કઈ ધાર સાથે પનારો પાડવો છે.

સત્તાનું મહત્ત્વ

चतुर्वर्णाश्रमो लोको राज्ञा दण्डेन पालितः।
स्वधर्मकर्माभिरतो वर्तते स्वेषु वेश्मसु॥

જેણે પોતાના હાથમાં દંડ ધારણ કર્યો છે એવા રાજા દ્વારા રક્ષાયેલા ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકો પોતપોતાનાં નિર્ધારિત કાર્યો કાયદાની મર્યાદામાં રહીને કરે છે.

આચાર્ય કહે છે કે જે રાજા પાસે સોંસરવું પરિણામ આપે તેવી સત્તા છે, જેની પાસે ધાર્યું કામ કરાવવાની શક્તિ છે, એવા શાસકના શાસનમાં પ્રજા પોતપોતાની મર્યાદામાં રહેતાં આપોઆપ શીખી જાય છે. આવો શાસક સારાં કાર્યોનું શુભ ફળ અને અપરાધનો દંડ આપવામાં ક્ષણવાર પણ વિલંબ કરતો નથી. પરિણામે આપોઆપ જ એક તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય છે, જેથી ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકો પોતપોતાની મર્યાદામાં રહીને પોતપોતાનાં કાર્યો કરે છે. ટૂંકમાં, એક તંદુરસ્ત સમાજના નિર્માણ માટે એક શક્તિશાળી શાસનવ્યવસ્થા અનિવાર્ય છે. જો શાસક જ નબળો, બિનઅસરકારક કે પ્રભાવહીન હશે તો પ્રજા નિરંકુશ બનશે જ એમાં કોઈ નવાઈ જ નથી. હાથીને મર્યાદામાં તો જ રાખી શકાય જો મહાવતના હાથમાં અંકુશ હોય. ઘોડાને અંકુશમાં રાખવા માટે લગામ જેટલી જરૂરી છે એટલી જ જરૂરી છે પ્રજા પર શાસકની સીધી નજર. પણ હા, આ બધું જ હકારાત્મક હોવું જોઈએ.

સમાજ નિયંત્રિત રહે તે માટે સુશાસનની જરૂર છે. શાસક પાસે સત્તા હોય છે. ધંધા-ઉદ્યોગનો સંચાલક પણ એક પ્રકારનો શાસક જ છે. સંચાલકનું પ્રથમ કર્તવ્ય છે, પોતાની સંસ્થામાં એકસૂત્રતા નિર્માણ કરવી. એ તો જ શક્ય બને જો એ પોતાના તંત્રમાં વ્યવસ્થિતતા, નિયમિતતા લાવી શકે. આ એકસૂત્રતા સ્થાપવા માટે એણે સજા નામના હથિયારનો ઉપયોગ સૌથી છેલ્લે કરવો જોઈએ. જેમ એક સક્ષમ ઘોડેસવાર પોતાના ડચકાર માત્રથી ઘોડા પર અંકુશ મેળવી શકે છે, એને ચાબુકની જરૂર જ નથી પડતી. એમ જ એક સંચાલક પાસે પણ એવી આવડત હોવી જોઈએ જેના વડે એ એની સંસ્થામાં સંકળાયેલ દરેક વ્યક્તિ પાસે પોતાની ઇચ્છા મુજબનું કાર્ય એક જ ઇશારે કરાવી શકે.

નાણાંનું મહત્ત્વ

अर्थ एव प्रधान इति कौटिल्यः;
अर्थमूलौ हि धर्मकामाविति॥

આચાર્ય કૌટિલ્યના મત પ્રમાણે ધર્મ, અર્થ અને કામ – એ ત્રણેમાં અર્થની જ પ્રધાનતા છે. ધર્મ અને કામ અર્થ પર જ આધારિત છે.

રાજ્ય-વ્યવસ્થા હોય કે કુટુંબ-વ્યવસ્થા, તેનો પાયો અર્થવ્યવસ્થા પર જ ટકેલો હોય છે. જે સંસ્થા આર્થિક રીતે સધ્ધર નથી હોતી તેનું આયુષ્ય ખૂબ જ ટૂંકું હોય છે. આથી જ આચાર્ય કૌટિલ્ય ધર્મ, અર્થ અને કામ – એ ત્રણ પુરુષાર્થમાં અર્થની પ્રધાનતા પર ભાર મૂકે છે. એમને મતે ધર્મ અને કામ અર્થ પર જ નિર્ભર છે. આર્થિક રીતે પગભર ન રહી શકનાર વ્યક્તિ કે સંસ્થા એક પણ આર્થિક પ્રવૃત્તિ સફળતાપૂર્વક કરી શકતી નથી. પૈસો આર્થિક પ્રવૃત્તિ કરતી કોઈ પણ સંસ્થાનો પ્રાણ છે. આજે તો પાણી પણ પૈસા વગર મળતું નથી. જેને જગતમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું છે એવી કોઈ પણ વ્યક્તિને પૈસાની જરૂર પડશે જ. વ્યક્તિ પાસે જો પૈસો હશે તો જ એ પોતાનું કૌટુંબિક કે વ્યક્તિગત જીવન સારી રીતે જીવી શકશે, અને પોતાની ધાર્મિક કે કામ સંબંધી જરૂરિયાતો વ્યવસ્થિત રીતે પૂરી કરી શકશે, કારણ કે ધર્મ કે કામ સંબંધી પ્રવૃત્તિઓનાં મૂળ પણ આર્થિક પ્રવૃત્તિ પર જ આધાર રાખે છે. કુટુંબ આર્થિક રીતે સધ્ધર હશે તો જ એના બધા સભ્યો પોતાનાં કાર્યો વ્યવસ્થિત રીતે કરી શકશે. પૈસા વગર એક ટંકનું ભોજન પણ શક્ય નથી, બાકી બધાની વાત તો દૂર રહી. આથી જ આચાર્ય ધર્મ, કામ અને અર્થમાં અર્થની પ્રધાનતાને સ્વીકારે છે.

પેલી કહેવત છે ને, “નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.” એને બરાબર યાદ રાખો અને શક્તિશાળી બનો. એક વાત સતત ધ્યાનમાં રાખો, નાથિયાથી નાથાલાલ બનવા અન્ય સફળતાઓની સાથે સાથે આર્થિક સધ્ધરતા પણ મેળવવી જ રહી. અલબત્ત, યોગ્ય માર્ગે જ.

વિનય-વિવેક કેળવો

विद्याविनीतो राजा हि प्रजानां विनये रत:।
अनन्यां पृथिवीं भुङ्क्ते सर्वभूतहिते रत:॥

જેણે વિદ્યા દ્વારા વિનય મેળવ્યો છે તે જ રાજા પ્રજામાં વિનય પ્રસ્થાપિત કરી શકે છે. તે બધાના (સર્વના) હિતમાં તત્પર રહેતો હોવાથી શત્રુ વગરનો થઈ આ પૃથ્વી પર રાજ કરે છે .

જે રાજાએ ચારે વિદ્યાઓ આન્વીક્ષકી, ત્રયી, વાર્તા અને દંડનીતિનો અભ્યાસ કર્યો હોય એની પાસે અનેક પ્રકારનું જ્ઞાન હશે. વળી, એ સારાનરસાથી પરિચિત તેમ જ વિદ્વાન હોવાને કારણે અહંકાર તેમ જ અન્ય દુર્ગુણોથી મુક્ત હશે. પરિણામે તે સર્વદા પોતાની પ્રજાના કલ્યાણ અર્થે પ્રયત્નશીલ હશે. હવે જે રાજા વિદ્વાન હોય, વિનયશીલ હોય, દુર્ગુણોથી મુક્ત હોય અને પ્રજાવત્સલ હોય એનો શત્રુ કોણ? કોઈ નહીં. એની નબળાઈ કઈ? એક પણ નહીં. એટલે જ આવો રાજા પ્રજામાં પ્રિય બની દીર્ઘકાળ સુધી શાસન કરી શકે છે.

વિનય-વિવેક પૂર્વક વ્યવસાયનું સંચાલન કરનારને હંમેશાં સફળતા જ સાંપડે. સત્તાનો સમ્યક ઉપયોગ કરીને ધંધા-વ્યવસાયના વિકાસનું લક્ષ્ય સિદ્ધ કરી શકાય. સંચાલકે બધાનો સાથસહકાર મેળવવા માટે વિનમ્ર વલણ રાખવું જ રૂરી છે. નમે તે સૌને ગમે.

ખૂબ જ વિચારીને કાર્યક્ષેત્ર પસંદ કરો

यस्मिन् देशे न सम्मानो न वृत्तिर्न च बान्धवा:।
न च विद्याऽऽगम: कश्चित् तं देशं परिवर्जयेत॥

જે દેશમાં માન-સન્માન ન મળે, આજીવિકા ન મળે, જ્યાં કોઈ ભાઈ-ભાંડુ રહેતાં ન હોય અને વિદ્યાભ્યાસ કરવો શક્ય ન હોય ત્યાં રહેવાનો કોઈ ફાયદો નથી.

જે દેશ, પ્રદેશ કે શહેરમાં –
* વ્યક્તિનું માનપાન ન જળવાતું હોય,
* રોજગારીની કોઈ સુવિધા ન હોય,
* કોઈ સગું-સંબંધી રહેતું ન હોય,
* જ્યાં અભ્યાસ કરવા કોઈ સવલત ન હોય,

તે સ્થળનો વહેલી તકે ત્યાગ કરી દેવો જોઈએ, કારણ કે ત્યાં રહેવાથી મનુષ્યની સામાજિક, આર્થિક કે શૈક્ષણિક જરૂરિયાતો સંતોષાતી નથી.

સંસારમાં રહેતાં પ્રાણીઓના વિકાસ માટે તેમને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સુવિધાઓ મળે તે જરૂરી છે. માણસ તરીકેનો મોભો પણ જળવાવો જોઈએ. જે પ્રદેશમાં વિદ્યાભ્યાસ કરવો શક્ય ન હોય એટલે કે વિદ્યાનું કોઈ મૂલ્ય જ ન હોય તેમાં રહેતાં મનુષ્યો પશુ સમાન છે. વિદ્યાભ્યાસ મનુષ્યમાં સંસ્કારનાં બીજ રોપે છે અને તેના પર જીવનરૂપી પુષ્પો ખીલે છે. જ્યાં વિદ્યાનું કોઈ મહત્ત્વ નથી ત્યાં વ્યક્તિનું કોઈ મૂલ્ય હોતું નથી. દરેક પ્રદેશમાં વસતા નાગરિકોને પોતાના સામર્થ્ય પ્રમાણે રોજગારી મળી રહે તે જરૂરી છે, કારણ કે તેનાથી જ તેમની પ્રાથમિક જીવનજરૂરિયાતો સંતોષાશે. જે દેશ કે પ્રદેશમાં રોજગારીની સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યાં રહેવામાં જોખમ છે, કારણ કે બેરોજગારીથી કંટાળેલા મનુષ્યો છેવટે પોતાની જરૂરિયાતો સંતોષવા લૂંટફાટ જ કરશે.

સ્થળપસંદગી પણ આયોજનનો જ એક હિસ્સો છે. તમે જે ક્ષેત્ર સાથે સંકળાયેલા છો એ ક્ષેત્રને યોગ્ય વાતાવરણ હોય એવા સ્થળની જ પસંદગી કરો. વળી તે ક્ષેત્રમાં સંસ્કારી વાતાવરણ હોવું પણ જરૂરી છે. વિદ્યાનું વાતાવરણ નવી પેઢીના ઘડતરમાં મદદરૂપ બનશે. માનભેર રોજીરોટી કમાઈ શકાય અને પોતાના આત્મિક વિકાસ માટે તથા સંતાનોના વિદ્યાભ્યાસ માટે જોગવાઈ થઈ શકે, એવા સ્થળે ધંધો-વ્યવસાય કરવો જોઈએ.

જિતેન્દ્રિય બનો

विद्याविनयहेतुरिन्द्रियजय:;
कामक्रोधलोभमानमदहर्षत्यागात्कार्य:।
कर्ण-त्वगक्षि-जिह्वा-घ्राणेन्द्रियाणां,
शब्द-स्पर्श-रूप-रस-गन्धेष्वविप्रतिपत्तिरिन्द्रियजय:॥

વિદ્યા અને વિનય મેળવવા માટે ઇન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ. ઇન્દ્રિયો પર વિજય મેળવવા માટે કામ, ક્રોધ, લોભ, અહંકાર, મદ અને હર્ષમાંથી મુક્તિ મેળવવી પડે. એ માટે મનુષ્યે કાન, ત્વચા, નેત્ર, જીભ અને નાક જેવી પોતાની પાંચ ઇન્દ્રિયો પર કાબૂ મેળવી તેમના થકી પેદા થતા વિકારો જેવા કે શ્રવણ, સ્પર્શ, દર્શન, સ્વાદ તેમ જ ગંધ પર વિજય મેળવવો. આટલું કરી શકે તે જ જિતેન્દ્રિય .

આચાર્ય ચાણક્યના મતે જે જિતેન્દ્રિય છે એ જ વિદ્યા અને વિનયનો હકદાર છે, કારણ કે એણે પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખી હોય છે. ઈન્દ્રિયોને વશમાં રાખતાં પહેલાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, મદ, હર્ષમાંથી મુક્તિ મેળવવી પડે, કારણ કે આ બધાં એવાં અપલક્ષણો છે જે વ્યક્તિને પોતાનો ગુલામ બનાવી દે છે. એક વાર આ આવાં અપલક્ષણોનો ગુલામ બની ગયેલ વ્યક્તિ શાંતિથી દૂર થતી જાય છે. એની એકાગ્રતાનો છેદ ઊડી જાય છે. આપણે ત્યાં પૌરાણિક કાળમાં વિવિધ મુનિઓ કે તપસ્વીઓના તપોભંગ માટે જે ઉપાયો કરવામાં આવતા હતા તેના મૂળમાં એમની એકાગ્રતા ભંગ કરવાનો આશય જ મુખ્ય હતો. એક વાર એકાગ્રતા ભંગ થયા પછી વ્યક્તિનું ચિત્ત ડહોળાઈ જાય છે, એની આંખ સામેથી એનું લક્ષ્ય દૂર થઈ જાય છે અને ક્ષણિક પ્રલોભન તેનું ધ્યેય બની જાય છે. ટૂંકમાં, વ્યક્તિ પોતાના મૂળ માર્ગેથી ફંટાઈ જાય છે. પરિણામે તે ભટકી જાય છે. વિદ્યાનું પણ એવું જ છે. વિનયપૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરવી ખૂબ અઘરી છે. વિદ્યા અને વિનય મેળવવા માટે વ્યક્તિએ પોતાની ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી જોઈએ.

જે પોતાની ઇન્દ્રિયોને જીતી શકે છે એ બધું જ જીતી શકે છે. આ કાર્ય અઘરું છે, પણ અશક્ય તો નથી જ. જગતના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવાના સરખા જ ઉપાય છે. સંયમ, વિવેક, સમજણ, શ્રમ... આ બધું તો જ પ્રાપ્ત થાય જો તમારો તમારા પોતાના પર અંકુશ હોય. સૌથી પહેલાં તમે માત્ર તમને જીતો. જગત તો આપોઆપ જિતાઈ જશે.

બધાં પાસાંનો વિચાર કરો

धनिक: श्रोत्रियो राजा नदी वैद्यस्तु पञ्चम:।
पञ्च यत्र न विद्यन्ते न तत्र दिवसं वसेत्॥

જ્યાં કોઈ શેઠ, વેદપાઠી વિદ્વાન, રાજા, વૈદ્ય અને કોઈ નદી ન હોય ત્યાં એક દિવસ પણ ન રહેવું .

જેદેશ, પ્રદેશ કે શહેરમાં –

* કોઈ ધનવાન વ્યક્તિ ન હોય,
* વિદ્વાન ન રહેતા હોય,
* રાજા કે સરકાર ન હોય,
* કોઈ વૈદ્ય ન હોય,
* કોઈ નદી ન હોય,

ત્યાં એક દિવસ પણ રહેવામાં કોઈ ફાયદો નથી. જીવનમાં ધનવાન, વિદ્વાન, રાજા, વૈદ્ય અને જળાશયનું સૌથી વધુ મહત્ત્વ છે. સારી રીતે જીવન જીવવા માટે આ પાંચ મુદ્દા જરૂરી છે.

જે પ્રદેશમાં કોઈ ધનવાન વ્યક્તિ, વિદ્વાન અને વૈદ્ય રહેતા નથી, ત્યાં રહેવાથી શું ફાયદો? આપત્તિના સમયે ધનની, પ્રસંગે પરામર્શ કરવા વિદ્વાન વ્યક્તિની જરૂર હોય છે તો મનુષ્યને થતા રોગોના નિવારણ માટે સારા વૈદ્યની પણ જરૂર રહે છે. જગતની દરેક સંસ્કૃતિનો વિકાસ નદીકિનારે જ થયો છે. નદીકિનારે જ જીવન ખીલ્યું છે, વેપાર-વાણિજ્યનો વિકાસ થયો છે. હડપ્પા સંસ્કૃતિ, નાઈલ સંસ્કૃતિ અને મેસોપોટેમિયા સંસ્કૃતિનો વિકાસ નદીકિનારે જ થયો હતો; એટલું જ નહિ, આધુનિક શહેરો અને રાષ્ટ્રો પણ નદીકિનારે જ ફૂલ્યાં-ફાલ્યાં છે.

નદી એ પાણીનો સ્રોત છે. પાણીવિહોણા પ્રદેશમાં જીવવું કપરું છે. 'ધનવાન' વ્યક્તિનું સ્થાન આજે બૅંકોએ લીધું છે; 'વિદ્વાન'નો વિકલ્પ છે વિદ્યાસંસ્થા. વહીવટી અને તબીબી સુવિધાનું મહત્ત્વ અનિવાર્ય છે. આવા સ્થળે જ ધંધો વ્યવસાય કરવો હિતાવહ છે.

યોગ્ય પ્રદેશની પસંદગી કરો

गम्यते यदि मृगेन्द्र-मन्दिरं लभ्यते करिकपोलमौक्तिकम्।
जम्बुकाऽऽलयगते च प्राप्यते वत्स-पुच्छ-खर-चर्म-खण्डनम्॥

જો મનુષ્ય સિંહની ગુફામાં પહોંચી જાય તો કદાચ તેને હાથીના મસ્તકનું મોતી મળી જાય. જો તે શિયાળ રહેતું હોય ત્યાં જઈ ચડે તો એને વાછરડાનું પૂછડું કે ગધેડાની ચામડીના ટુકડા મળે છે .

જો વ્યક્તિ સિંહની ગુફામાં જાય તો તેને હાથીના ગંડસ્થળનું મોતી મળી જાય છે તે જો શિયાળ રહેતું હોય ત્યાં જઈ ચડે તો તેને વાછરડાનું પૂછડું કે ગર્દભની ચામડીના ટુકડા મળે છે. સિંહ જ હાથીનો શિકાર કરી શકે – શિયાળ તો મરેલાં જાનવરો અને બીજાંઓનું એઠુંજૂઠું જપામે.

જો શક્તિશાળી વ્યક્તિનો સંગ કરવામાં આવે તો જ્ઞાનની વાતો જાણવા મળે છે. સત્સંગ કરવાથી સદાચારરૂપી મોતી મળે છે, પરંતુ દુર્જનનો સંગ કરવાથી દુષ્ટતા જ શીખવા મળે છે અને મનુષ્ય અનેક દુર્ગુણોની ખાણ થઈ જાય છે. એટલે વ્યક્તિએ ઉચ્ચ કક્ષાના લોકોનો – સજ્જનોનો સંગ કરવો જોઈએ અને દુર્જનોથી દૂર રહેવું જોઈએ.

આ જ ઉપદેશ આચાર્યે મૅનેજમૅન્ટ સંદર્ભે આપ્યો હોત તો એ કંઈક આવો હોત... ધંધો જો સમૃદ્ધ પ્રદેશમાં કરવામાં આવે તો કદાચ ઉત્તમ ગ્રાહકો મળી જાય, પણ એવી જગ્યાએ જઈને કરવામાં આવે જ્યાંના લોકો લુચ્ચા, ધુતારા, ઠગ હોય તો તો માત્ર ખોટ અને પાયમાલીનો જ સામનો કરવો પડે. તમે પસંદ કરેલો પ્રદેશ તમારા ધંધા પર સીધી અસર કરે છે. ધંધો એવા સ્થળે જ કરો જ્યાં એને વિકસવાની પૂરેપૂરી શક્યતાઓ હોય. અલબત્ત, હાથીના ગંડસ્થળનું મોતી મેળવવા સિંહની ગુફામાં જ પ્રવેશ કરવો પડે અને એ માટે છત્રીસની છાતી જોઈએ! ‘હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને!’

સંચાલનની ધાર કાઢો

हतं ज्ञानं क्रियाहीनं हतश्चाऽज्ञानतो नरः।
हतं निर्नायकं सैन्यं स्त्रियो नष्टा ह्यभर्तृकाः॥

જે જ્ઞાનનો અમલ ન થાય તે નષ્ટ થઈ જાય છે. અજ્ઞાનથી મનુષ્યનો નાશ થાય છે. સેનાપતિ વિનાની સેના અને પતિ વિનાની સ્ત્રીઓનો નાશ થાય છે .

વિચારો પ્રમાણેનું આચરણ કરવું મુશ્કેલ છે. જ્ઞાન હોવું ગૌણ બાબત છે અને તેને આચરણમાં મૂકવું મુખ્ય બાબત છે. વીરપુરુષોના આચાર અને વિચારમાં ભેદ હોતો નથી. પોતાની પાસે રહેલા જ્ઞાનનો ઉપયોગ કરી જીવનમાં જે ઉતારતા નથી તેનું જ્ઞાન વાંઝિયું નીવડે છે. જે વ્યક્તિના આચાર અને વિચાર સમાન ન હોય તેનો વિશ્વાસ ન કરવો. અજ્ઞાન અભિશાપ છે. અજ્ઞાની મનુષ્યનું જીવન અંધકાર સમાન હોય છે. સેનાની સફળતાનો આધાર સેનાપતિ પર હોય છે. સેનાપતિ જ સેનાને દોરે છે અને માર્ગદર્શન આપે છે. સેનાપતિ વિનાની સેનાને કેવી રીતે લડવું તેની વિશેષ જાણકારી હોતી નથી અને દુશ્મન સરળતાથી તેનો નાશ કરી નાંખે છે. એ જ રીતે પરિવારમાં પુરુષનું મહત્ત્વ છે. પુરુષ વગરની સ્ત્રી અધૂરી છે.

આવડત ત્યારે જ ખીલે છે જ્યારે તેનો વારંવાર ઉપયોગ થાય. વ્યક્તિનો વિકાસ તેની આવડતને આભારી છે. જે ધંધાને સારો સંચાલક અને પૂરતી મૂડી ન મળે એ નાદારી નોંધાવે છે. સાચો સંચાલક એ જ છે, જે ધંધાનાં ભયસ્થાનોને સતત નજર સમક્ષ રાખીને જ કોઈ નિર્ણય કરે. વ્યાવસાયિક જ્ઞાનનો અમલ ન થાય તોપણ એ કશા કામનું ન રહે.

કેટલીક બાબતો છાની જ રાખવી

सुसिद्धमौषधं धर्मं गृहच्छिद्रं च मैथुनम्।
कुभुक्तं कुश्रुतं चैव मतिमान्न प्रकाशयेत्॥

બુદ્ધિશાળી વ્યક્તિએ પોતે શોધેલી ઔષધિની બનાવટ, પોતાનાં અંગત ધાર્મિક કર્મકાંડ, ઘરના દોષ, સ્ત્રી સાથે સંભોગ, અખાદ્ય ભોજન અને સાંભળેલાં નિંદા ભરેલાં વેણ કોઈની આગળ કહેવાં ન જોઈએ .

આચાર્યએ ઉપર જણાવેલી બાબતો અત્યંત સંવેદનશીલ બાબતો છે. એ તમારી અંગત અને અત્યંત મોઘમ રાખવી પડે એવી બાબતો છે. જો આ બધી બાબતો ભૂલચૂકેય જગ સામે જાહેર થઈ ગઈ તો તમારે એનાં ખરાબ પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. તમારે ખૂબ પસ્તાવું, ખૂબ પ્રાયશ્ચિત કરવું પડશે. તેથી કેટલીક બાબતો ગોપનીય રાખવામાં જ શ્રેય છે.

મૌન રહેવાના ફાયદા ઘણા છે. ધારો કે તમે કોઈ નવું કાર્ય શરૂ કર્યું એની જાણ તમે તમારા કોઈ અંગત મિત્રને કરી, તમારા અંગત મિત્રે એના કોઈ અંગત મિત્રને કરી, એમ કરતાં કરતાં બજાર આખામાં વાત ફેલાઈ. મુદ્દાની વાત એ છે કે બજારમાં બધા તો તમારા મિત્ર નહીં હોય. થોડાક શત્રુપણ હશે જ. થોડા હરીફ પણ હશે; જેઓ તમારા કાર્યમાં અવરોધો ઊભા કરશે, બજારમાં શંકા-કુશંકાનું વાતાવરણ પેદા કરશે. તમને અથવા તમારા કાર્યને બદનામ કરવાનો પ્રયત્ન કરશે. તેની સીધી કે આડકતરી અસર તમારા કાર્ય પર પડશે. એટલે જ અમુક ગોપનીય રહસ્યો ક્યારેય ખોલવાં નહીં, એથી તમને પોતાને જ નુકસાન થવાની શક્યતા રહે છે.

તમારા સામ્રાજ્યનો વિસ્તાર કરો

बाहुवीर्यं बलं राज्ञो ब्रह्मविद् बली।
रूपयौवनमाधुर्यं स्त्रीणां बलमुत्तमम्॥

રાજાનું બળ તેના સૈન્યમાં અને બ્રાહ્મણનું બળ તેના જ્ઞાનમાં હોય છે; જ્યારે સ્ત્રીઓનું બળ તેના રૂપ અને યૌવનની સાથે સાથે મધુર વ્યવહારમાં હોય છે .

રાજા કેટલો શક્તિશાળી છે તે તેના સૈન્યને આધારે નક્કી થાય છે. જે રાજાનું સૈન્ય જેટલું વધારે અને જેની પાસે અત્યાધુનિક અસ્ત્ર-શસ્ત્ર જેટલાં વધારે તેટલું જ તેનું સામર્થ્ય વધારે મનાય છે.

બ્રાહ્મણનું સામર્થ્ય તેના જ્ઞાનમાં છે. જ્ઞાની બ્રાહ્મણ જ પૂજાય છે. જે બ્રાહ્મણ પાસે જેટલું વધુ જ્ઞાન હોય છે તેટલું જ તેને માન-સમ્માન વધુ મળે છે. બ્રહ્મને જાણતો બ્રાહ્મણ જ બળવાન છે. બ્રહ્મ જ બ્રાહ્મણનું શસ્ત્ર છે. સ્ત્રીઓનું બળ તેની સુંદરતા સાથે તેની વાણીની મધુરતા અને વ્યવહારમાં છે. સ્ત્રીની સોના જેવી સુંદરતા સાથે સુગંધ સમાન સુશીલતા ભળે તો તેના પરિવારની શોભામાં ચાર ચાંદ લાગી જાય છે.

તમારી વિશેષતાને ઓળખી લો અને એનો પૂરેપૂરો વિકાસ કરો. તમારી ખાસ આવડત જ તમને બીજાઓથી જુદા પાડશે. એ વિશેષ શક્તિને યોગ્ય ઉપયોગ કરતાં શીખો અને એ દ્વારા જ તમારો વિકાસ કરો.

અંગત માણસો

मर्यादां स्थापयेदाचार्यानमात्यान् वा।
य एनमपायस्थानेभ्यो वारयेयु:।
छायानालिकाप्रतोदेन वा रहसि प्रमाद्यन्तमभितुदेयु:॥

(રાજાના) ગુરુજનો તેમ જ અમાત્યોએ (રાજાને) અનર્થકારી તેમ જ અનુચિત કાર્યો કરતાં રોકવો (જોઈએ), જો તે એકાંતમાં પ્રમાદ કરતો-બેશુદ્ધ હોય તો (તેને) સમયસૂચક યંત્ર કે સૂર્યના પ્રકાશથી પડતા પડછાયા જેવી પ્રયુક્તિઓ દ્વારા સજાગ કરવો (જોઈએ.)

થોડીક સફળતા મળતાં જ સામાન્ય માણસ પણ મદોન્મત્ત થઈ જાય છે. તો જેના હાથમાં રાજ્યસત્તા આવી જાય, એક આખા રાષ્ટ્રનું શાસન આવી જાય એ ભાન ભૂલે તો નવાઈ શી! રાજા... એ તો રાષ્ટ્રનો વડો છે, પ્રજાનો પાલનહાર છે. એ ભાન ભૂલે તે કેમ ચાલે? આથી આચાર્ય ચાણક્ય સલાહ આપે છે કે રાજાએ પોતાના ગુરુજનો તેમ જ અમાત્યોને પોતાને (રાજાને) અનર્થકારી તેમ જ અનુચિત કાર્ય કરતાં રોકી શકવાના હક આપવા જોઈએ. આચાર્ય કહે છે કે આચાર્ય તેમ જ અમાત્યોએ રાજાનું સતત ધ્યાન રાખવું જોઈએ. તેમણે રાજાની નાનામાં નાની હિલચાલની નોંધ લેવી જોઈએ. રાજા કશુંક અહિતકારી કે અનુચિત પગલું ભરે તો તરત એને સાચો રસ્તો બતાવવો જોઈએ. જો રાજા પોતાની મર્યાદાનો ભંગ કરતો નજરે પડે તો તેને ચેતવી દેવો જોઈએ. તે એકાંતમાં પ્રમાદ કરતો કે મદિરાપાન કરીને બેશુદ્ધ પડેલો નજરે ચડે તો તરત જ સમયસૂચક યંત્ર કે સૂર્યના તાપથી પડતા પડછાયા દ્વારા તેને સજાગ કરવો જોઈએ. આવા સમયે રાજાએ પણ પરિસ્થિતિને પામીને પોતાની જાત પર કાબૂ મેળવી લેવો જોઈએ.

રાજા અર્થાત્ શાસકના અંગત વર્તુળમાં એવી ઉચ્ચ કક્ષાની ચારિત્ર્યવાન વ્યક્તિઓ હોવી જોઈએ જે રાજાની કાનપટ્ટી પકડી શકે. આવું થાય તો જ રાજા સુરક્ષિત અને સંયમિત રહી શકે, કારણ કે આવા માણસો રાજા માટે દર્પણની ગરજ સારે છે અને જે વ્યક્તિ પાસે દર્પણ હોય એને વ્યવસ્થિત થતાં વાર નથી લાગતી. દરેક સંચાલકે પોતાની ભૂલો પ્રત્યે ધ્યાન દોરી શકે એવા વફાદાર સલાહકારો રાખવા જરૂરી છે.

સહાયકોની નિમણૂક

सहायसाध्यं राजत्वं चक्रमेकं न वर्तते।
कुर्वीत सचिवांस्तस्मात्तेषां च श्रृणुयान्मतम्॥

જેમ રથનું એક પૈડું ગતિ નથી આપી શકતું, તેમ એકલા રાજાથી (કોઈની સહાય વગર) રાજકાર્ય નથી થઈ શકતું. એટલે રાજાએ સહાયક મંત્રીઓ નિયુક્ત કરી એમની સલાહ મુજબ રાજકાર્ય કરવું જોઈએ .

આચાર્ય ચાણક્ય કહે છે કે જેમ રથનું એક પૈડું હોય તો રથ ચાલી ન શકે એમ એકલા રાજાથી રાજ્ય ન થઈ શકે, કારણ કે રાજ્યમાં અનેક પ્રકારની જવાબદારીઓ હોય છે. એનો વિસ્તાર પણ બહોળો હોય છે. એના બધા જ પ્રદેશો કે વિભાગોનું સંચાલન એકલે હાથે કોઈ કાળે સંભવ નથી, એટલે જ રાજાએ પહેલાં તો પોતાના રાજ્યના પ્રદેશો વિભાજિત કરવા, એ વિભાજિત પ્રદેશોમાં પેટાવિભાગો પાડવા, દરેકનું સંચાલન જુદા જુદા અધિકારીઓ દ્વારા કરાવવું. એ જ રીતે રાજ્યનાં વિવિધ ખાતાંઓમાં વિવિધ મંત્રીઓ, અમાત્યો કે અધિકારીઓ નીમવા. ટૂંકમાં, સૂક્ષ્મ શ્રમવિભાજન કરવું અને એ રીતે એક વિશાળ રાજ્યનું સંચાલન કરવું. રાજ્યવ્યવસ્થામાં મહામંત્રી તેમ જ રાજ પુરોહિતનો ફાળો બહુ મોટો ગણાતો, એટલે આચાર્ય ચાણક્ય એમની નિયુક્તિમાં ખાસ તકેદારીપૂર્વક વર્તવાની સલાહ આપે છે.

કોઈ પણ વ્યક્તિ ગમે તેટલી શક્તિશાળી હોય તોપણ એ સમગ્રતાનો ભાર પોતાના એકલાના ખભા પર નથી ઊંચકી શકતી. આથી જ દરેક શાસકે સંસ્થાની સ્થાપના કર્યા બાદ પોતાના તંત્રને વ્યવસ્થિત રીતે ચલાવી શકે એવા કાબેલ અને નિપુણ માણસોની વરણી કરવી જોઈએ. એણે પોતાની સંસ્થાને જુદા જુદા વિભાગોમાં વિભાજિત કરી દરેક વિભાગને અનુરૂપ કર્મચારીઓની ભરતી કરી તેમના સહયોગ દ્વારા જ પોતાનું કાર્ય પાર પાડવું જોઈએ.

મંત્રી અથવા મૅનેજરની પસંદગી પહેલાં

तेषां जनपदमवग्रहं चाप्यत: परीक्षेत्, समानविद्येभ्य: शिल्पं शास्त्र-चक्षुष्मत्तां च, कर्मारम्भेषु प्रज्ञां धारयिष्णुतां दाक्ष्यं च; कथायोगेषु वाग्मित्वं प्रागल्भ्यं प्रतिभानवत्त्वं च, आपद्युत्साहप्रभावौ क्लेशसहत्वं च; संव्यवहाराच्छौचं मैत्रतां दृढभक्तित्वं च; संवासिभ्य: शीलबलारोग्यसत्त्वयोगमस्तम्भचापल्यं च; प्रत्यक्षत: सम्प्रियत्वमवैरित्वं च॥

મંત્રીપદ માટેના કોઈ પણ ઉમેદવારને (મંત્રી તરીકે) પસંદ કરતાં પહેલાં સત્યનિષ્ઠ, પ્રામાણિક અને ન્યાયપ્રિય મહાનુભાવો દ્વારા તેના રહેઠાણની, રહન-સહનની તેમ જ આર્થિક સ્થિતિ વિશે
- (તેના) સહપાઠીઓ પાસેથી તેની વાસ્તવિક યોગ્યતા તથા
- (તેના) ચારિત્ર્ય અને શાસ્ત્રજ્ઞાન દ્વારા તેની ગતિ, રુચિ, પ્રવૃત્તિ વિશે
- નવાં કાર્યો દ્વારા (તેની) બુદ્ધિ, સ્મૃતિ, કૌશલ્યો, વાક્પટુતા, આત્મવિશ્વાસ, તર્કશક્તિ, ધૈર્ય, સહિષ્ણુતા, બીજાઓ સાથેના વ્યવહાર, આચરણની પવિત્રતા, મિત્રની સ્વામીભક્તિની દૃઢતા
- (તેમ જ) સાથે રહેનારા મિત્રો પાસેથી તેનાં શીલ, સ્વાસ્થ્ય, બળ, સાહસ, સ્થિર પ્રકૃતિ વગેરે વિશે જાણી લેવું જોઈએ.

ઉપર્યુક્ત ગુણોની ખાતરી કર્યા બાદ જ રાજાએ કોઈ પણ નિર્ણય પર પહોંચવું જોઈએ. ખાતરી એટલા માટે કે એ મંત્રી જે પદ પર બેસવાનો છે તે મંત્રીપદ જવાબદારીવાળું પદ છે. તે પદ પર જુઠ્ઠો, લુચ્ચો, અન્યાયી, અસંસ્કારી, અયોગ્ય. દુષ્ચરિત્ર, અજ્ઞાની, ઉદાસ, આળસુ, મૂર્ખ, પૂર્વગ્રહપીડિત, અગંભીર, ઉતાવળિયો, જડ કે દગાબાજ ચાલે જ નહીં. એથી જ રાજાએ વિશ્વાસપાત્ર સૂત્રો દ્વારા તેની ઝીણામાં ઝીણી વિગતની તપાસ કરાવવી જોઈએ.

તમારી સંસ્થા કે કંપનીમાં નિયુક્ત થનાર મંત્રી કે મૅનેજર એક એવું જવાબદાર પાત્ર છે, જેની વરણી કરતાં પહેલાં એની શક્તિ અને મર્યાદાનાં પારખાં કરવાં અનિવાર્ય છે. એની વરણી ખાલી જગા ભરવા માટે નહીં, પણ તંત્રને ધબકતું રાખવા થવી જોઈએ. જેને માટે સંપૂર્ણ સભાનતા હોવી ખૂબ જ જરૂરી છે.

મંત્રીની પસંદગી

जानपदोऽभिजात: स्ववग्रह: कृतशिल्पश्चक्षुष्मान् प्राज्ञो धारयिष्णुर्दक्षी वाग्मी प्रगल्भ: प्रतिपत्तिमानुत्साहप्रभावयुक्त: क्लेशसह: शुचिर्मैत्रो द्रढभक्तिं: शीलबलारोग्यसत्त्वसंयुक्त: स्तम्भ- चापल्यवर्जित: सम्प्रियो वैराणामकर्तेत्यमात्यसम्पत्। अत:पादार्घगुणहीनौ मध्यमावरौ॥

પસંદગી કરેલ મંત્રી પોતાના જ પ્રદેશનો એટલે કે મૂળવતની, અવગુણો (દારૂ, જુગાર, શિકાર, પરસ્ત્રીગમન)થી સંપૂર્ણ મુક્ત, કુશળ સવાર, લલિત કળાઓનો જાણકાર, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્રનો ઊંડો જાણકાર, બુદ્ધિમાન, તીવ્ર યાદશક્તિવાળો, ચતુર, અવસર અનુરૂપ બોલનાર, પ્રગલ્ભ, પ્રતિવાદી, ઉત્સાહી, પ્રભાવશાળી, સહિષ્ણુ, પવિત્ર, મિત્રતા કરવા યોગ્ય. કહ્યા મુજબ કરનાર, સ્વામીભક્ત સુશીલ, બળવાન, સ્વસ્થ, ધીરજવાળો, નિરાભિમાની, સ્થિર પ્રકૃતિવાળો, સુંદર દેખાવવાળો, દ્વેષવૃત્તિરહિત હોવો જોઈએ. આમાંથી ચતુર્થાંશ ગુણરહિત હોય તેને મધ્યમ અને અડધા ગુણો ધરાવતો હોય એને અધમ મંત્રી સમજવો .

રાજ્યવ્યવસ્થામાં મંત્રીનું સ્થાન રાજા પછીનું એટલે કે બીજું છે. એટલે એની જવાબદારી બહોળી હોવાની જ. એથી આગળ જઈએ તો મંત્રી રાજાનું એ અંગ છે જે સત્તાસ્થાને બિરાજ્યા વગર જ સમગ્ર રાજ્યવ્યવસ્થાનું સંચાલન કરે છે; અર્થાત્ એ પડદા પાછળનો રાજા છે. રાજાનો સશક્ત વિકલ્પ છે. એવું કહેવાય છે કે મૂર્ખ રાજાનો મંત્રી ડાહ્યો હોય તો રાજ્યને જરાય આંચ આવતી નથી, પણ ડાહ્યા રાજાનો મંત્રી મૂર્ખ હોય તો ચોક્કસ એ રાજ્ય ડૂબે જ ડૂબે, અર્થાત્ રાજ્યવ્યવસ્થામાં મંત્રીનું સ્થાન ખૂબ જ પાયાનું અને અનન્ય છે એટલે જ આચાર્ય ચાણક્ય મંત્રીની પસંદગીમાં ઉપર મુજબના (જવલ્લે જ જોવા મળતા) ગુણોની અપેક્ષા રાખે છે.

શાસકનું સક્ષમ સહાયક બળ કયું? એના મંત્રી. એની પસંદગીમાં ઉતાવળ ન જ ચાલે. મંત્રી કે મૅનેજર એવો હોવો જોઈએ જે સમગ્ર તંત્રનો ભાર પોતાના ખભા પર ઊંચકી શકે અને એનું વ્યવસ્થિત સંચાલન કરી શકે. મંત્રી કે મૅનેજરની પસંદગી એની સમગ્ર શક્તિઓને ધ્યાનમાં રાખીને જ કરવી જોઈએ.

ઉચ્ચ અધિકારીઓ નીમવા

प्रत्यक्ष परोक्षानुमेया हिराजवृत्तिः। स्वयंदृष्टं प्रत्यक्षं, परोपदिष्टं परोक्षं, कर्मसु कृतेनाकृतावेक्षमाणमनुमेयम्।
यौगपद्यात्तु कर्मणामनेकत्वादनेकस्थत्वाच्च देशकालात्ययो मा भूदिति परोक्षममात्यैः कारयेदित्यमात्यकर्म॥

રાજ્યવ્યવહાર (રાજનીતિ) અથવા વ્યવસાયમાં પ્રત્યક્ષ, પરોક્ષ અને અનુમાન એમ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.
- કોઈ ઘટનાને નજરોનજર જોવી તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય.
- જે ઘટના વિશે બીજાઓ દ્વારા જાણવા મળે તે પરોક્ષ જ્ઞાન કહેવાય.
- કોઈ એક પૂર્ણ કરેલ કાર્યને આધારે એના જેવું જ બીજું કાર્ય શરૂ કરવાનો વિશ્વાસ હોય તો તે અનુમાન આધારિત જ્ઞાન કહેવાય. વ્યવસાયમાં એકસાથે અનેક કાર્યો અનેક સ્થળે થતાં હોવાથી આ બધાં કાર્યો યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે થઈ શકે તે માટે એ જવાબદારી અમાત્યોને સોંપવી જોઈએ. આ બધા કાર્યો અમાત્યોએ કરવાના છે.

અમાત્ય માટે ચાણક્યે 'સચિવ' શબ્દ પ્રયોજ્યો છે. રાજ્યવ્યવસ્થામાં રાજા પછી મંત્રી અને મંત્રી પછી અમાત્યનું પદ આવે છે. આચાર્ય ચાણક્ય કહે છે કે પ્રત્યક્ષ કાર્યો, પરોક્ષ કાર્યો અને અનુમાન પર આધારિત કાર્યોનો સરવાળો એટલે જ રાજનીતિ. હવે આ બધાં જ કાર્યો એકલો રાજા તો ન જ કરી શકે. આ બધા કાર્યભારને પહોંચી વળવા માટે રાજાએ અમાત્યોની નિમણૂંક કરવી જોઈએ અને એમના દ્વારા પરોક્ષ રીતે જુદાં જુદાં કાર્યો કરાવવાં જોઈએ.

જેમ રાજ્યવ્યવસ્થામાં સચિવની વરણી થાય છે એમ જ ખાનગી સંસ્થા કે કંપનીએ પોતાના મંત્રી કે મૅનેજરની વરણી બાદ જુદા જુદા વિભાગોના વડા અધિકારીઓની વરણી કરી, તેમના દ્વારા કંપનીને લગતાં કાર્ય કરાવવાં જોઈએ. શાસક કે સંચાલક પોતે એકલો બધાં જ કાર્યો કરી શકતો નથી. વળી, સંસ્થા કે કંપની જેટલી વિશાળ એટલી જ તેમની કામગીરી વિશાળ અને જેટલી કામગીરી વિશાળ એટલા વધારે કર્મચારીઓની જરૂર પડે જ પડે. એથી જ શાસકે પોતાની વિશાળ કામગીરીને પહોંચી વળવા માટે પોતાના તંત્રમાં યોગ્ય અને આવડતવાળા સચિવો/મૅનેજરોની નિમણૂંક કરવી જોઈએ.

અમાત્યો(સચિવો)ની કસોટી કરવી

मन्त्रिपुरोहितसख: सामान्येष्वधिकरणेषु
स्थापयित्वाऽमात्यानुपधाभि: शोधयेत्॥

યોગ્ય વ્યક્તિઓને અમાત્યપદે નિયુક્ત કર્યા પછી અને એમને એમની કામગીરી સોંપાઈ ગયા પછી રાજાએ મંત્રી અને પુરોહિતને વિશ્વાસમાં લઈને એમની મદદથી અમાત્યોના આચરણની કસોટી કરી લેવી જોઈએ.

અમાત્ય રાજ્યસંચાલનનો એક મહત્ત્વનો અધિકારી છે. તેના માથે ચોક્કસ પ્રકારની જવાબદારીઓ હોય છે. તેના કોઈ પણ કાર્યની સીધી અસર રાજ્ય પર પડતી હોય છે. આથી જ આચાર્યની સલાહ છે કે રાજાએ પહેલાં જુદા જુદા વિભાગોમાં અમાત્યોની નિયુક્તિ કર્યા પછી પોતાના મંત્રી અને પુરોહિતને વિશ્વાસમાં લઈને એમના આચરણની પરીક્ષા કરવી જોઈએ. જેથી કરીને તેમની યોગ્યતા અને પ્રામાણિકતા વિશે પ્રમાણભૂત માહિતી મળી રહે. આ માટે આચાર્યે નીચેની ચાર પ્રકારની કસોટીઓ સૂચવી છે:

ધર્મોપદા: વ્યક્તિઓ દ્વારા છૂપી રીતે ઉચ્ચ અધિકારીઓની ધર્મ સંબંધી પરીક્ષા લેવાય તે ધર્મોપદા કહેવાય છે.

અર્થોપદા: ઉચ્ચ અધિકારીને આર્થિક પ્રલોભનોમાં ફસાવીને એના ચરિત્રની પરીક્ષા લેવામાં આવે તો તેને અર્થોપદા કહેવાય છે.

કામોપદા: ...નાની તૃપ્તિ સંબંધિત પ્રલોભનો દ્વારા લેવામાં આવતી પરીક્ષા કામોપદા કહેવાય છે.

ભયોપદા: ભય સંબંધિત ઉપાયો વડે ઉચ્ચ અધિકારીની પરીક્ષા લેવાય તે ભયોપદા કહેવાય છે.

સંસ્થા કે કંપનીની કોઈ પણ જવાબદારી એ જ વ્યક્તિને સોંપવી જેને માટે તે લાયક હોય... આ માટે શાસકે કે સંચાલકે પોતાના દરેક અધિકારી કે કર્મચારીની તેમની કામગીરી પ્રમાણે પરીક્ષા લેવી જોઈએ. તે પરીક્ષામાંથી પાસ થનાર વ્યક્તિને જ તે પદ કે જગ્યા પર નિયુક્ત કરવી જોઈએ.

કોની ક્યાં નિમણૂક કરવી?

तत्र धर्मोपधाशुद्धान् धर्मस्थीयकण्टकशोधनेषु स्थापयेत्, अर्थोपधाशुद्धान् समाहर्तृसन्निधातृ-निचयकर्मसु, कामोपधाशुद्धान् बाह्याभ्यन्तरविहार-रक्षासु, भयोपधाशुद्धानासन्न कार्येषु राज्ञः सर्वोपधाशुद्धान् मन्त्रिण: कुर्यात् सर्वत्राशुचीन् खनिद्रव्यहस्तिवनकर्मान्तेषूपयोजयेत्॥

આગળ દર્શાવેલ કસોટીઓમાંથી પાર ઊતરેલ અમાત્યોમાંથી, ધર્મસંબંધી કસોટીમાંથી પાર ઊતરેલા અમાત્યોને ધર્મસ્થળો (દીવાની કચેરીઓ) તેમ જ કંટકશોધન (ફોજદારી કચેરીઓ)માં નિયુક્ત કરવા જોઈએ. અર્થસંબંધી કસોટીઓમાંથી પાર ઊતરેલા અમાત્યોને સમાહર્તા (કરવસૂલાત) તેમ જ સન્નિધાતા (કોષાધ્યક્ષ) જેવાં પદો પર નિયુક્ત કરવા જોઈએ. કામોપદા – કામવાસના સંબંધી પરીક્ષામાંથી પાર ઊતરેલા અમાત્યોને વિહારસ્થળો તેમ જ અંત:પુર(રાણીવાસ)ની આંતરિક સુરક્ષાની વ્યવસ્થા સોંપવી જોઈએ. ભયોપદા – ભય આધારિત કસોટીઓમાંથી ખરા ઊતરેલા અમાત્યોને રાજાએ પોતાના અંગરક્ષક તરીકે નિયુક્ત કરવા જોઈએ. બધા પ્રકારની પરીક્ષાઓમાંથી પાર ઊતરેલા અમાત્યોને મંત્રીપદે નિયુક્ત કરવા જોઈએ તેમ જ બધી પરીક્ષાઓમાંથી નિષ્ફળ ગયેલા અમાત્યોને જંગલોની સુરક્ષા, પ્રાણી અને ખોદકામ જેવાં કાર્યોમાં લગાવી દેવા જોઈએ.

આચાર્ય ચાણક્ય અધિકારીની કે માણસની મર્યાદાઓ સારી રીતે જાણે છે. ઉપર્યુક્ત શ્લોકમાં આપણને તેમની સૂક્ષ્મ નિરીક્ષણ દૃષ્ટિનાં દર્શન થાય છે. આચાર્ય કહે છે કે કોઈ પણ સ્થાન એ જ વ્યક્તિને સોંપાવું જોઈએ જેને માટે એ લાયક હોય. અને એટલે જ એમણે રાજ્યવ્યવસ્થાના ચાર વિભાગોમાં એવા જ અમાત્યોની નિમણૂંક કરવાનો આગ્રહ રાખ્યો છે, જે અમાત્ય વિવિધ કસોટીઓમાંથી પાર ઊતરીને પોતાના ક્ષેત્રમાં પોતાની યોગ્યતા પુરવાર કરી બતાવે. અયોગ્ય લોકોનું શું કરવું એ બાબત પર પણ ઉપરની સમજૂતીમાં તેમણે પ્રકાશ પાડ્યો જ છે.

ચાકડે ચઢાવી, નીંભાડે પકવી, ટકોરો મારીને જ કુંભાર માટલીની કિંમત નક્કી કરે છે. આપે પણ આપ સાથે જોડાનાર વ્યક્તિને પૂર્ણ પ્રક્રિયામાંથી પસાર કર્યા બાદ જ એની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ. લાયક હોય તેને જ મહત્ત્વની કામગીરી સોંપાય. ગેરલાયક ઠરે એમને નભાવવા પૂરતી ઓછા

મહત્ત્વની કામગીરી સોંપી દૂર રાખવા.

મિટિંગરૂમ/કૉન્ફરન્સરૂમ કેવો હોવો જોઈએ.

तदुद्देश: संवृत: कथानामनि:स्त्रावी पक्षिभिर-प्यनालोक्य: स्यात्। श्रूयते हि शुकशारिकाभिर्मन्त्रो भिन्न: श्वभिरन्यैश्च तिर्यग्योनिभिः। तस्मान्मन्त्रो-द्देशमनायुक्तो नोपगच्छेत्। उच्छिद्येत् मन्त्रभेदी॥

મંત્રણાકક્ષ ચારે બાજુથી એ રીતે બંધ હોવો જોઈએ કે જેમાં કોઈ પક્ષી પણ પ્રવેશી ન શકે કે જ્યાંથી સહેજ પણ અવાજ બહાર સંભળાઈ ન શકે. પ્રાચીન કાળમાં મંત્રણાસ્થળનાં મેના-પોપટ, કૂતરા કે અન્ય પશુપક્ષીઓએ મંત્રણાકક્ષની વાતો જાહેર કરી દીધી હોય એવું સાંભળવા મળે છે. આથી જ મંત્રણાસ્થળે રાજાની આજ્ઞા વિના કોઈને પણ પ્રવેશવાનો હક ન હોવો જોઈએ. જો કોઈ વ્યક્તિ ગુપ્ત મંત્રણાને પ્રગટ કરી નાખે તો તેનો વધ કરવો જોઈએ.

આચાર્ય ચાણક્ય મંત્રણા (મિટિંગ) બાબતે ચુસ્ત ગુપ્તતાના હિમાયતી હતા. એમના મત પ્રમાણે મંત્રણાકક્ષ ચારે બાજુથી બંધ હોવો જોઈએ, જેથી તેમાં પક્ષીઓ સુધ્ધાં પ્રવેશી ન શકે. એટલું જ નહીં એની આંતરિક વ્યવસ્થા એવી હોવી જોઈએ કે જેમાંથી એક હરફ સુધ્ધાં બહાર ન સંભળાય. ટૂંકમાં, તેની બાંધણી ચુસ્ત (અવાજપ્રૂફ) હોવી જોઈએ, કારણ કે ભૂતકાળમાં મેના-પોપટ, કૂતરા કે અન્ય પશુપક્ષીઓએ મંત્રણાકક્ષની વાતો સાંભળી શત્રુપક્ષ સામે જાહેર કરી દીધાના દાખલા છે. એથી જ મંત્રણાકક્ષની આજુબાજુ કોઈ પણ વ્યક્તિ કે પશુપંખી સુધ્ધાંના પ્રવેશનો નિષેધ હોવો જોઈએ. મંત્રણાકક્ષ અને એની આજુબાજુના વિસ્તારોમાં અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ. મંત્રણાકક્ષ માત્ર અવાજપ્રૂફ જ નહીં, સંપૂર્ણ રીતે દીવાલો કે પડદાઓથી ઢંકાયેલો પણ હોવો જોઈએ. જેથી કરીને બહારની કોઈ વ્યક્તિ બારી કે કાચમાંથી અંદરનું દૃશ્ય જોઈ ન શકે, કારણ કે ઘણી વાર એવું બને છે કે માણસના હાવભાવ કે ચેષ્ટાથી પણ તેના મનની વાત વંચાઈ જતી હોય છે.

તમારો કૉન્ફરન્સ હૉલ એવો હોવો જોઈએ કે જેમાંથી તમારી જાણ બહાર એક શબ્દ પણ બહાર જતો ન હોય. હૉલ બહારની હવાને પણ એ પ્રશ્ન થવો જોઈએ કે અંદર શું ચાલી રહ્યું છે. વળી ગુપ્ત રહસ્યો જાહેર કરી દેનારને કડકમાં કડક સજા થવી જોઈએ જેથી બીજા કર્મચારીઓ એવી ભૂલ ન કરે.

મિટિંગ વખતે રાખવાની સાવચેતી

आकारैरिंगितैर्गत्या चेष्टया भाषितेन वा।
नेत्रवक्त्रविकारैश्च लक्ष्यतेऽन्तर्गतं मन:॥

ચતુર વ્યક્તિઓને બીજાઓની મુખમુદ્રા, શરીરનાં અંગોનાં હલનચલન – ચેષ્ટાઓ, તેમનાં ભાષણો (વાતો) તથા તેમની આંખો અને ચહેરા પર આવેલાં પરિવર્તન જોઈને તેમની ભાવિ યોજનાઓ તથા ગુપ્ત (છૂપા) મનોભાવો વિશે ખ્યાલ આવી જાય છે.

આચાર્ય ચાણક્ય કહે છે કે ચતુર વ્યક્તિઓને બીજાઓની મુખમુદ્રા (મોઢા પરના હાવભાવ) શરીરનાં અંગોનાં હલનચલનની ચેષ્ટાઓ, તેમની આંખો અને ચહેરા પર આવેલાં પરિવર્તન જોઈને તેમની ભાવિ યોજનાઓ તથા ગુપ્ત મનોભાવ વિશે ખ્યાલ આવી જ જાય છે. એનાથી બચવું હોય તો રાજાએ પહેલાં તો પોતાનો મંત્રણાકક્ષ જ એવો બનાવવો જોઈએ જેમાં કોઈ પણ વ્યક્તિની નજર કોઈ પણ રીતે પહોંચી શકે એમ હોય જ નહીં. બને ત્યાં સુધી તે બારી કે છિદ્ર વિહીન હોવો જોઈએ. કદાચ એમાં બારીઓ હોય તો તે કાચ અને સંપૂર્ણ પડદાઓથી સુરક્ષિત હોવી જોઈએ. જેથી કાચને ભેદીને અવાજ બહાર ન જાય અને પડદાને ભેદીને બહારની દૃષ્ટિ અંદર ન પહોંચે. આટલી વ્યવસ્થા પછી પણ મંત્રણામાં જોડાયેલી દરેક વ્યક્તિનો પોતાની ઇન્દ્રિયો પર કાબૂ હોય તે અપેક્ષિત છે. અનિવાર્ય સંજોગોમાં મંત્રણાકક્ષની બહાર કે ક્યાંક ખુલ્લામાં ગુપ્ત વાતચીત કરવાની આવે ત્યારે વાત કરનારાઓએ ઉપરની બાબતોની ગંભીરતા સમજવી જરૂરી જ નહીં, અનિવાર્ય છે.

ચાલાક માત્ર તમે જ નથી... દરેક વ્યક્તિ ચાલાક હોઈ શકે છે જેને મુર્ખ સમજવાની તમે ભૂલ કરો છો. કોઈને નજરઅંદાજ ન કરો. બધાથી ચેતો. માણસની વાણીની જ નહીં, વર્તનની ગુપ્તતાની પણ અગત્યતા સમજો. ચહેરાના હાવભાવ અને ચેષ્ટાઓ કે વાણીનો આરોહ-અવરોહ સુધ્ધાં તમારી ગોપનીયતાનો છેદ ઉડાડી શકે છે. ઘણી વ્યક્તિઓ તમારી કલ્પના બહારની બુદ્ધિક્ષમતા ધરાવતી હોય છે. એમને પહોંચી વળવા તમારામાં એમની કલ્પના બહારની સાવધાની હોવી જોઈએ.

હિસાબ ચોખ્ખો રાખો

तस्मादस्य यो यस्मिन्नधिकरणे शासनस्थ: स तस्य कर्मणो याथातथ्यमायव्ययौ च व्याससमासाभ्यामाचक्षीत॥

જે અધિકારીને જે કાર્ય માટે નિયુક્ત કરવામાં આવ્યો હોય એણે એને સોંપવામાં આવેલાં કાર્યો, એ કાર્યો આડે આવેલાં વિઘ્નો તેમ જ એ વિઘ્નોને પહોંચી વળવા માટે થયેલા ખર્ચનો સંપૂર્ણ હિસાબ રાજાને આપવો જોઈએ.

આચાર્યની સલાહ છે કે (વાર્ષિક સરવૈયું મળી રહે તે હેતુથી) જે અધિકારીને જે કાર્ય માટે (જે પદ પર) નિયુક્ત કરવામાં આવ્યો હોય એ અધિકારીએ રાજા અથવા રાજ્યતંત્ર દ્વારા તેને સોંપવામાં આવેલ કાર્યો, એ કાર્યો કરવા આડે આવેલાં વિઘ્નો, અર્થાત્, આકસ્મિક ખર્ચા અને વિઘ્નોને પહોંચી વળવા માટે થયેલો ખર્ચ વગેરેનો સંપૂર્ણ હિસાબ વિગત વાર રીતે રાજાને આપવો જોઈએ.

ટૂંકમાં, અધિકારીએ પોતાને મળેલ બજેટ અને પોતે કરેલ ખર્ચનું વાર્ષિક સરવૈયું રાજાને સોંપવું જોઈએ. જેથી કરીને રાજાને પોતાની વપરાયેલી રકમનો પૂરેપૂરો હિસાબ મળી રહે તેમ જ એની સામે થયેલ કામોથી એ માહિતગાર થાય.

હિસાબમાં શિથિલતા કદાપિ ન ચલાવી લેવાય. પ્રત્યેક પૈસાનો હિસાબ માગવો જોઈએ. હિસાબ કોડીનો, બક્ષિસ લાખની. ચોખ્ખો હિસાબ એ સફળ સંચાલનની પાયાની શરત છે.

'સ્ટાફ'ની પસંદગીમાં ક્યારેય થાપ ન ખાઓ

दुष्टा भार्या शठं मित्रं भृत्यश्चोत्तरदायक:॥
ससर्पे च गृहे वासो मृत्युरेव न संशय:॥

દુષ્ટ પત્ની, ઠગ મિત્ર, આજ્ઞામાં ન રહેતો, સામું બોલનારો સેવક અને ઘરમાં સાપનો વાસ – આ ચાર બાબતો મૃત્યુ સમાન છે.

પતિ અને પત્ની સંસારરૂપી રથનાં ચક્ર છે. તે બરાબર ન ચાલે તો સંસારમાં ડગલે ને પગલે વિઘ્ન ઊભાં થાય છે. દુષ્ટ પત્ની પોતાના પતિ માટે અભિશાપરૂપ હોય છે. તે સજ્જન પુરુષનું જીવવું હરામ કરી નાંખે છે. દુષ્ટા પત્નીના કંકાસમાં ઘરનાં સુખ-શાંતિ તણાઈ જાય છે અને જે ઘરમાં શાંતિ ન હોય તેનું સમાજમાં કોઈ સ્થાન હોતું નથી.

કહેવાય છે કે જેને સાચો મિત્ર મળે તે વ્યક્તિ ભાગ્યશાળી હોય છે. સાચા મિત્ર મળવા બહુ મુશ્કેલ છે. સુખમાં સાથી બનવા કોણ તૈયાર થતું નથી? મને – કમને સુખમાં તો બધા ગુણગાન ગાય છે, પણ વ્યક્તિ મુશ્કેલીના મહાસાગરમાં ફસાઈ જાય ત્યારે તેનો હાથ પકડે તે જ સાચો મિત્ર. તાલીમિત્રો તો પવન ફરે તેમ પોતાનો સઢ ફેરવી લે છે અને ઊગતા સૂર્યને પૂજવા લાગે છે. સેવક આજ્ઞાકારી અને વફાદાર હોવો જોઈએ. તે ઉપરીના કહ્યામાં ન હોય તો કુટુંબ કે પેઢીના અન્ય સભ્યો પણ ઉપરીની અવગણના કરવાના. ઉદ્ધત સેવક ઉપરીની પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દે છે. ઘરમાં સાપનો વાસ હોય તો તે ગમે ત્યારે ડંખ મારે. તેનો વહેલી તકે ઘરમાંથી નિકાલ કરવો જોઈએ.

કોઈ પણ પેઢીનો વિકાસ એના કર્મચારીઓની નિષ્ઠા અને સ્વામીભક્તિ પર આધારિત હોય છે. જો સેવક આજ્ઞાકારી અને વફાદાર નહીં હોય તો એ લાંબા ગાળે માલિક અને સંસ્થા બંનેને માટે જોખમકારક સાબિત થશે. સેવક સાચી વાત પણ વિવેકપૂર્વક કરે ત્યાં સુધી ઠીક, પણ સેવક થઈને સ્વામી સામે જીભાજોડી કરે, એ તો ન જ ચલાવી લેવાય. એટલે દરેક ધંધાદારી વ્યક્તિ પાસે માત્ર ધંધાની જ નહીં, પણ ધંધા સાથે જોડાયેલી વ્યક્તિઓની પરખ કરવાની પણ આવડત હોવી જ જોઈએ. જો એ નહીં હોય તો લાંબે ગાળે એને એનું નુકસાન વેઠવું જ પડશે. આચાર્ય ચાણક્યે ઉદ્ધત સેવકને મૃત્યુ સમાન ગણ્યો છે, કારણ કે એને કારણે પેઢી અને માલિક બંનેની કીર્તિ ધીમે ધીમે નાશ પામે છે.

સતત ફરતા રહો

भ्रमन् सम्पूज्यते राजा भ्रमन् सम्पूज्यते द्विजः।
भ्रमन् सम्पूज्यते योगी स्त्री भ्रमन्ती विनश्यति॥

પ્રજા વચ્ચે ભ્રમણ કરતો રાજા, બ્રાહ્મણ અને યોગી પૂજાય છે, પરંતુ ઠેરઠેર ફરતી રખડેલ સ્ત્રી ખુવાર થઈ જાય છે.

જે રાજા પોતાની પ્રજા વચ્ચે ફરે છે તેને પોતાના રાજ્યની સાચી પરિસ્થિતિની જાણ રહે છે. તેને પોતાનું શાસન અને શાસન કરતા અધિકારીઓ કેવા છે તેની જાણ થાય છે. તે પોતાના શાસનનું સાચું મૂલ્યાંકન કરી પ્રજાલક્ષી પગલાં લે છે અને પ્રજા પોતાને સુખ, સમૃદ્ધિ આપતા રાજાની જ પૂજા કરે છે.

જે બ્રાહ્મણ અને યોગી દેશ-વિદેશમાં ફરે છે તે અન્ય વિદ્વાનો સાથે ચર્ચા-વિચારણા કરી જ્ઞાનની આપ-લે કરી શકે છે. આવો બ્રાહ્મણ અને યોગી દેશ-વિદેશમાં માન-સન્માન મેળવે છે તથા પૂજાય છે.

ભ્રમણ કરતો રાજા, બ્રાહ્મણ અને યોગી વિકાસ પામે છે જ્યારે રખડતી સ્ત્રી વગોવાઈ જાય છે. આ પ્રકારની સ્ત્રીઓ પોતાનું માન-સન્માન અને ચારિત્ર્ય ગુમાવે છે.

સંસ્થામાં રોજેરોજ હાજરી આપવી અને એમાં થતી નાનામાં નાની હિલચાલ પર નજર રાખવી એ તમારી સૌથી મોટી જવાબદારી છે. ખેતરમાં કંઈ જ કામ ન હોય ત્યારે પણ ખેડૂતે એમાં આંટો તો મારવો જ જોઈએ; જેથી પાક કેવો છે, એમાં કોઈ રોગ તો નથી આવ્યો ને, વાડમાં ક્યાંય છીડું તો નથી ને, બાજુવાળાના પાક કરતાં આપણો પાક કેવો છે, અને કેમ છે, જેવી બાબતોથી સતત વાકેફ રહેવાય. તમારી આળસ અથવા બેજવાબદારી અથવા તો આંધળો વિશ્વાસ તમારી પાયમાલીનું કારણ ન બને એટલો ખ્યાલ હંમેશાં રાખજો.

તમે તમારા કર્મચારીઓનું દર્પણ છો

राज्ञि धर्मिणि धर्मिष्ठा: पापे पापा: समे समा:।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजा:॥

રાજા ધર્માત્મા હોય તો પ્રજા ધર્મનું આચરણ કરે છે. રાજા પાપી હોય તો પ્રજા પણ પાપકર્મ આચરે છે. રાજામાં ઉત્સાહનો ભાવ હોય તો પ્રજા પણ ઉત્સાહી હોય છે, કારણ કે પ્રજા હંમેશાં રાજાનું અનુકરણ કરે છે.

મધ્યયુગમાં રાજા તેની પ્રજાના આદર્શ ગણાતા હતા, માટે પ્રજા પણ રાજાના પગલે ચાલવાનું પસંદ કરતી હતી. આજે પણ પ્રજા સત્તાધારીને અનુકૂળ થઈ જવામાં શાણપણ સમજે છે. લોકશાહીમાં તો 'પ્રજા એવો રાજા', કારણ કે રાજાએ પ્રજાના ટેકાથી ટકવાનું હોય છે.

તમે તમારા કર્મચારીઓ માટે દર્પણની ગરજ સારો છો. એ લોકો તમારામાં પોતાનું પ્રતિબિંબ જુએ છે. જો તમે ચીવટવાળા હશો તો એ લોકો પણ બારીકાઈથી કામ કરશે. તમે જ રેઢિયાળ હશો તો એ પણ વેઠ ઉતારશે. તમે પોતે જ કામમાં ગોટાળા કરતા હશો તો એ લોકો પણ ગોટાળા કરશે જ. માટે જ પૂર્ણ બનો. જેવા તમે પોતે પૂર્ણતા તરફ ગતિ કરશો એવું જ બાકી બધું પણ આપોઆપ પૂર્ણતા તરફ ગતિ કરવા માંડશે. તમે તમારા વ્યાવસાયિક પ્રતિષ્ઠાનના રાજા છો. તમારા હાથ નીચેના લોકો તમારું જ અનુકરણ કરશે.

યોજનાની ગોપનીયતાને અકબંધ રાખો

तस्य संवरणम् आयुक्तपुरुषरक्षणमाकार्यकालादिति। तेषां हि प्रमादमदसुप्तप्रलापकामादिरुत्सेक: प्रच्छन्नोऽवमतो वा मन्त्रं भिनत्ति। तस्माद् रक्षेन्मन्त्रम्॥

સારી રીતે ઘડેલી યોજનાઓને જ્યાં સુધી અમલ કરવાનો સમય ન આવે ત્યાં સુધી બુદ્ધિમાન રાજાએ તેને (પ્રયત્નપૂર્વક) છૂપી રાખવી જોઈએ. રાજાએ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ક્યારેક ક્યારેક મંત્રીઓની અસાવધાનીને કારણે, દારૂના નશાથી, અર્ધબેભાન અવસ્થાને કારણે, ઊંઘતી વખતે મોટેથી બોલવાને કારણે, સંભોગ સમયે, અપ્રાપ્તને પ્રાપ્ત કરવાના પ્રયત્નો વખતે, અહંકાર કે મદને કારણે ગુપ્ત યોજના અમલમાં મુકાય તે પહેલાં જ ખુલ્લી પડી જાય છે અને નિષ્ફળ જાય છે તેથી રાજાએ હંમેશાં મંત્રણાની રક્ષા કરવી જોઈએ.

આચાર્ય ચાણક્ય કહે છે કે સારી રીતે ઘડાયેલી યોજનાનો જ્યાં સુધી અમલ કરવાનો પાકો સમય ન આવે ત્યાં સુધી એણે પોતાની ગુપ્ત યોજનાને પોતાના મનમાં જ રાખવી જોઈએ. એણે બીજાની આગળ એનો ઉલ્લેખ પણ ન કરવો જોઈએ, કારણ કે રાજાએ જેને એ વાત કહી હોય એ વ્યક્તિ (મંત્રી ઇત્યાદિ) પોતે જો એ વાતની ગંભીરતાને ન સમજી શકે કે ભૂલથી પણ એના દ્વારા એ વાતનો જાહેરમાં સ્ફોટ થઈ જાય તો એ યોજના નિષ્ફળ જઈ શકે છે. (રહસ્યનો કયા સંજોગોમાં સ્ફોટ થઈ શકે છે એ પણ આચાર્યે ઉપરના સૂત્રમાં જણાવ્યું છે.) આથી જ સમજુ અને વિજયોત્સુક રાજાએ પોતાની ગુપ્ત યોજનાને છેલ્લી ઘડી સુધી પોતાના મનમાં ગોપિત રાખવી જોઈએ.

સમય આવ્યા પહેલાં એવી કોઈ જ યોજનાને જાહેર ન કરો જેના જાહેર થવાથી એ યોજના નિષ્ફળ જવાની શક્યતાઓ હોય. જગતની આંખો ખુલ્લી જ છે. આપનું કાર્ય જેવું અંતિમ આકાર પામી બહાર આવશે એવી તરત જ લોકોને જાણ થઈ જશે. જગતને જણાવી દેવાની ઉતાવળથી બચો. જગત એ કાર્યોને સારી રીતે પચાવી શકે છે, જે કાર્યો જગતની જાણ બહાર જ થઇ જાય છે.

પરિણામ ન આવે ત્યાં સુધી રાહ જુઓ

तस्मान्नास्य परे विद्युं कर्म किञ्चिच्चिकीर्षितम्।
आरब्धारस्तु जानीयुरारब्धं कृतमेव वा॥

જ્યાં સુધી કાર્ય (પૂરું)ન થઈ જાય કે તેનું પરિણામ ન આવી જાય ત્યાં સુધી રાજાની ગુપ્ત મંત્રણા, જેવી કે તે ક્યારે શું કરવાના છે તે વિશે કોઈ બીજાને જાણ ન થવી જોઈએ. એટલે સુધી કે કાર્યને શરૂ કરનારા લોકોને પણ તેની પૂરી જાણકારી ન હોવી જોઈએ. પરિણામ પછી જ બધાને વાસ્તવિકતાની જાણ થવી જોઈએ .

ચાણક્ય કહે છે કે રાજાએ પોતાની યોજનાને એ હદે ગુપ્ત રાખવી જોઈએ કે એ યોજના અંતર્ગત કાર્ય કરતાં લોકોને પણ એ બાબતનો ખ્યાલ ન આવી શકે કે પોતે એ કાર્ય શું કામ કરી રહ્યાં છે? એનું પ્રયોજન શું?ક્યાં સુધી ચાલશે? ક્યારે પૂરું થશે? એની સાથે બીજું કોણ કોણ જોડાયેલ છે?
ટૂંકમાં, કાર્યવ્યવસ્થા જ એવી હોવી જોઈએ કે જે વ્યક્તિ જે કાર્ય કરતી હોય એને માત્ર એટલો જ ખ્યાલ હોય કે મારે આ કાર્ય કરવાનું છે; એટલું જ નહીં એક વ્યક્તિને સોંપાયેલા કાર્યની તેની બાજુવાળાને પણ ગંધ ન આવે તેવી વ્યવસ્થા પણ હોવી જોઈએ. એક જ કાર્યમાં જોડાયેલા એક કરતાં વધારે લોકોને આખા કાર્યની નહીં, પણ માત્ર પોતાના ભાગે આવેલા કાર્યની જ જાણ હોય. બધાને એ કાર્યની સંપૂર્ણતાની ત્યારે જ જાણ થવી જોઈએ જ્યારે ખરેખર આખેઆખી યોજના પાર પડે.

'ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે?' એ દૃષ્ટિએ જોઈએ તો તમારા કાર્યમાં ક્યારે કયો વળાંક આવે કંઈ જ કહેવાય નહીં. વેંત છેટે રહેલી રાજગાદી મંથરાની કાનભંભેરણીથી વનવાસમાં પરિવર્તિત થઈ શકે છે. આથી જ આપના કાર્યને, આપના નિર્ણયોને, આપની અંગત બાબતોને આપ સુધી જ સીમિત રાખો. આપની અંગત યોજનાઓ વિશે ત્યાં સુધી કોઈને ગંધ પણ આવવા ન દો, જ્યાં સુધી એ પરિણામ-સ્વરૂપે બહાર ન આવે. રાજકારણમાં અને ઉદ્યોગધંધામાં આવી ગોપનીયતા જ સફળતાની ખાતરી આપી શકે. યોજના અગાઉથી ખુલ્લી પડી જતાં એની સફળતા સામે અનેક અવરોધો સર્જાતા હોય છે.

મિટિંગ માટે અનિવાર્ય લોકો

देशकालकार्यवशेन त्वेकेन सहद्वाभ्यामेको वा यथासामर्थ्यं मन्त्रयेत्॥

દેશકાળ તથા કાર્યની સ્થિતિ મુજબ એક અથવા બે મંત્રીઓ સાથે પણ મંત્રણા થઈ શકે છે. ઘણા નિર્ણયો રાજા એકલા પણ વિચાર કરીને લઈ શકે છે.

મંત્રણાની બાબતમાં જુદા જુદા આચાર્યોના જુદા જુદા મત છે. આચાર્ય ચાણક્યના મત પ્રમાણે એક કે બે મંત્રી સાથે પણ મંત્રણા યોજી જ શકાય. જો મંત્રણા અત્યંત ગુપ્ત હોય તો તેણે એ માત્ર તેના અત્યંત અંગત અને વિશ્વાસુ માણસ સાથે જ યોજવી જોઈએ. કાર્યની ગંભીરતા અને જરૂરિયાત પ્રમાણે મંત્રણાના સભ્યોની સંખ્યા નિશ્ચિત થઈ શકે.

અમુક નિર્ણયો એવા હોય છે જે માત્ર રાજા જ લઈ શકે અને એ રાજાએ જ લેવા જોઈએ. રાજાએ જ્યાં સુધી પોતે સ્પષ્ટ હોય અને પોતાનાથી કામ પતતું હોય ત્યાં સુધી જાતે જ નિર્ણય લેવો. કામ જરાક સંદિગ્ધ હોય, પોતે અસમંજસમાં હોય, જેમાં એકલાનો નિર્ણય જોખમી સાબિત થાય એમ હોય ત્યારે રાજાએ પોતાના પ્રધાનમંત્રીની સલાહ લેવી જોઈએ. બેથી કામ પૂરું થતું હોય તો ભયોભયો... ન પૂરું થાય તો અન્ય મંત્રીઓની સલાહ લેવી. ટૂંકમાં, મંત્રણાનો વિષય, એની ગંભીરતા વગેરે સમજીને રાજાએ મંત્રણા સંબંધી નિર્ણય લેવો.

કયાં કાર્યો માટે કેટલાં માણસોની જરૂર છે એ નક્કી કરો. તમે જે પ્રશ્નમાં ફસાયા છો અથવા તો તમારા મનમાં જે સવાલ છે એનો ઉત્તર મેળવવા તમે પોતે સક્ષમ હો, તો તમે પોતે જ એનો નિવેડો લાવો. તમે પોતે અક્ષમ હો અથવા મૂંઝવણમાં હો તો એવી કાબેલ વ્યક્તિઓનો લાભ લો જે તમને તમારી મૂંઝવણનો ઉકેલ આપી શકવાની ક્ષમતા અને યોગ્યતા ધરાવતી હોય. અલબત્ત, આવી મંત્રણા પણ મર્યાદિત સંખ્યાના સલાહકારો પૂરતી જ સીમિત રહે તે હિતકારી છે.

યોજનાના અંગો

कर्मणामारम्भोपाय: पुरुषद्रव्यसम्पद् देशकालविभाग: विनिपात प्रतीकार: कार्यसिद्धिरिति पञ्चाङ्गो मन्त्र:। :
ताने कै कश: पृच्छेत् समस्तां श्च। हेतुभिश्चैषां मतिप्रविवेकान् विद्यात्।
अवाप्तार्थ: कालं नातित्रकामयेत्।
न दीर्घकालं मन्त्रयेत्। न च तेषां पक्ष्यैर्येषामपकुर्यात्॥

કાર્યને શરૂ કરવાનો ઉપાય, કાર્ય કરવામાં સમર્થ માણસો તથા ખર્ચ થનાર ધન સંપત્તિ પર વિચાર, કાર્ય શરૂ કરવાનો યોગ્ય સમય તથા (યોગ્ય) સ્થળ, કાર્યસિદ્ધિ આડેનાં સંભવિત વિઘ્નોનો પ્રતિકાર એ કાર્યમંત્રણાનાં પાંચ અંગો (લક્ષણો) છે. રાજા આ પાંચેય સંબંધે પોતાના મંત્રીઓ સાથે જુદી જુદી કે સાથે મંત્રણા યોજી શકે છે. રાજાએ બધાના મતોને ગંભીરતાથી સાંભળ્યા પછી જ છેલ્લો નિર્ણય લેવો જોઈએ. ખૂબ વિચારીને લીધેલા નિર્ણયને તરત અમલમાં મૂકવો જોઈએ. નિર્ણય લેવામાં કે તેને (લીધેલ નિર્ણયને) કાર્યમાં તબદીલ કરવામાં વધારે સમય વેડફવો જોઈએ નહીં. વળી જેના પર અપકાર કે ઉપકાર કર્યો હોય તેની કે તેના સહયોગીઓ સાથે વિચારણા કરવી જોઈએ નહીં કે તેમની વિચારણામાં વિશ્વાસ રાખવો જોઈએ નહીં.

કોઈ પણ નવી યોજના શરૂ કરતાં પહેલાં રાજાએ ઉપરનાં પાંચ લક્ષણો બાબતે વિચારવિમર્શ કરવો જોઈએ. આ પાંચ અંગોમાંથી પસાર થયા બાદ જ રાજાએ કોઈ પણ નિર્ણય પર પહોંચવું. કોઈ પણ યોજના સંબંધી મંત્રણામાં રાજાએ એવા લોકોને સામેલ ન કરવા જેમની ઉપર તેમણે ઉપકાર કે અપકાર કર્યો હોય. અન્યથા તેઓ લાગણીવશ કે વેરવશ ખોટા નિર્ણયો આપી શકે છે. આથી જ રાજાએ એવા લોકોને મંત્રણામાંથી બાકાત રાખવા જોઈએ અથવા તો તેમના મતને ગંભીરતાથી ન લેવો જોઈએ. યોજના ઘડાઈ ગયા પછી તરત જ તેને અમલમાં મૂકી દેવી જોઈએ, જેથી કરીને કોઈ અનિષ્ટ તત્ત્વો એની સામે વિઘ્નો ઊભાં ન કરે.

જે કંઈ કરો, યોજનાબદ્ધ કરો. આયોજન વગર એક પગલું પણ ન ભરો. જે માણસ મંજિલ નક્કી કર્યા વગર જ ચાલવા માંડે છે એ ક્યાંય નથી પહોંચતો. એનો સમય અને શક્તિ બંને માત્ર ને માત્ર વેડફાય જ છે... જો એ પ્રવાસ કરવાના ઉદ્દેશથી ન નીકળ્યો હોય તો.

ઝાઝા હાથ રળિયામણા

एकाकिना तपो द्वाभ्यां पठनं गायनं त्रिभिः।
चतुर्भिर्गमनं क्षेत्रं पञ्चभिर्बहुभिर्रण:॥

તપ એકલાએ જ કરવું જોઈએ. અભ્યાસ કરવા બે, ગીત ગાવા ત્રણ, બહાર જવા ચાર અને ખેતી કરવા પાંચ વ્યક્તિઓની જરૂર હોય છે, જ્યારે યુદ્ધમાં અનેક વ્યક્તિઓ હોવી જોઈએ.

તપસ્યા જાતે-પોતે-એકલાએ જ કરવાની હોય બે મિત્રો સાથે હળીમળીને અભ્યાસ કરે તો સોનામાં સુગંધ ભળી જાય છે અને બંને વ્યક્તિને સારી સફળતા મળે છે. તે જ રીતે જો ત્રણ વ્યક્તિ સાથે મળીને ગાય તો સૂર ખીલે છે અને ચાર વ્યક્તિ એકસાથે બહાર જાય તો રસ્તો સુરક્ષિત રીતે આનંદ સાથે કપાઈ જાય છે.

ખેતરમાં કામ કરવા પાંચ માણસોની જરૂર હોય છે, પણ યુદ્ધમાં અનેક યોદ્ધાઓ અને સૈનિકોની જરૂર પડે છે. જેટલા સૈનિક વધુ, તેટલી સેનાની શક્તિ વધારે.

તપ એકલપંડે થઈ શકે પણ યુદ્ધ જીતવા માટે તો અનેક સૈનિકોનો સાથ જોઈએ. ધંધા-ઉદ્યોગની સફળતા માટે કર્મચારીઓની ફોજ જરૂરી છે. અલબત્ત, એ બધા તમારો આદેશ માને એવા અને ચૂંટેલા હોવા જોઈએ.

ક્યારેક સર્વસંમતિ સાધો

आत्ययिके कार्ये मन्त्रिणो मन्त्रिपरिषदं चाहूय ब्रूयात्।
तत्र यद्भूयिष्ठाः कार्यसिद्धिकरं वा ब्रूयुस्तत् कुर्यात। कुर्वतश्च:॥

જરૂર પડ્યે રાજાએ સંબંધિત મંત્રીઓ અથવા સમસ્ત મંત્રીમંડળ બોલાવી વિચારણા કરવી જોઈએ. વિચારણાને અંતે જે કાર્યસિદ્ધિ તરફ લઈ જતો નિર્ણય બહુમતીથી લેવાય તે મુજબ કાર્ય કરવા પ્રવૃત્ત થવું જોઈએ.

પહેલાં આચાર્ય કહો ચૂક્યા છે કે રાજા એક કે બે મંત્રીઓ સાથે પણ મંત્રણા યોજી શકે છે. એ જ રીતે અહીં તે સલાહ આપે છે કે અનિવાર્ય સંજોગોમાં અથવા તો ખાસ પ્રસંગોમાં કે જરૂરિયાત સમયે રાજાએ જે તે કામ અથવા ખાતા સંબંધિત અધિકારીઓ અથવા તો સમસ્ત મંત્રીમંડળની બેઠક બોલાવવી જોઈએ. અંતે સર્વાનુમતે જે કંઈ નિર્ણય લેવાય તેને બહાલી આપી તે અનુસાર કાર્ય કરવાની બધાને સંમતિ આપવી જોઈએ અને એ જ રીતે કાર્યસિદ્ધિ તરફ આગળ વધવું જોઈએ.

વ્યક્તિગત બાબતો વ્યક્તિગત રીતે જ નક્કી કરો; સામૂહિક બાબતો સામૂહિક રીતે. અમુક કાર્યો એવાં હોય છે જેની સાથે સમૂહ એટલે કે સમગ્ર તંત્ર સંકળાયેલું હોય છે. આવાં કાર્યો અંગેના નિર્ણયો શાસકે સમૂહમાં જ લેવા જોઈએ.

ક્યાં ન જવાય / ન રહેવાય?

लोकयात्रा भयं लज्जा दाक्षिण्यं त्यागशीलता।
पञ्च यत्र न विद्यन्ते न कुर्यात् तत्र संस्थितिम्॥

જે પ્રદેશમાં રોજીરોટિ ન મળે, જ્યાંના લોકોમાં ભય, શરમ, ઉદારતા અને દાન કરવાની વૃત્તિ ન હોય – તે સ્થાનમાં ન રહેવું.

જે દેશ, પ્રદેશ કે શહેરમાં –

* રોજીરોટી ન મળે
* લોકોમાં કોઈ પણ પ્રકારનો ડર ન હોય,
* પુરુષ અને સ્ત્રીઓમાં માન-મર્યાદા ન હોય,
* દાન દેવાની કે પરોપકારની વૃત્તિ ન હોય,
* ત્યાગની ભાવના ન હોય ત્યાં રહેવું હિતાવહ નથી.

રોજીરોટિ ન મળે ત્યાં રહેવાનો શો ફાયદો? જે પ્રદેશમાં લોકોને રાજા, સરકાર કે કાયદા-કાનૂન અને દંડનો ડર જ ન હોય ત્યાં સજ્જનોએ રહેવું નરક સમાન છે. જ્યાં પ્રજામાં કોઈ દંડનો ભય નહિ હોય તો 'જિસ કી લાઠી ઉસ કી ભેંસ' જેવું શાસન પ્રવર્તે.

સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રજામાં માન-મર્યાદા હોવી જોઈએ. જો પુરુષ અને સ્ત્રીઓમાં માન-મર્યાદા નહિ હોય તો નિરકુંશ સમાજનું નિર્માણ થશે. જ્યાંના લોકો બેશરમ હોય ત્યાં પશુઓ અને માણસનેમાં કોઈ ફરક હોતો નથી.

તમારી સફળતા-નિષ્ફળતાનો આધાર તમારી આજુબાજુના વાતાવરણ પર અવલંબિત છે. યોગ્ય-અયોગ્ય વિચારો, વ્યક્તિ, સમાજ અને વાતાવરણનું અવલોકન કરો. તમારી મૂડી અને શક્તિ બંને અમૂલ્ય છે. બંનેનું એવી જગ્યાએ વાવેતર કરો જ્યાં એ ઊગી નીકળે. સંસ્કારી વિસ્તારમાં જ રહેવાય અને જિવાય.

વ્યક્તિ, સ્થળ અને સમયને ઓળખો

गृहीत्वा दक्षिणां विप्रास्त्यजन्ति यजमानकम्।
प्राप्तविद्या गुरुं शिष्या दग्धाऽरण्यं मृगास्तथा॥

દક્ષિણા મળતાં જ બ્રાહ્મણ યજમાનનું ઘર છોડી દે છે. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી શિષ્ય ગુરુ પાસેથી વિદાય લે છે. દાવાનળ લાગતાં પશુ-પંખીઓ જંગલનો ત્યાગ કરી દે છે.

પોતાનું કાર્ય સિદ્ધ થયા પછી અને જીવ જોખમમાં હોય ત્યારે દરેક પ્રાણીએ પોતાનું સ્થાન છોડી દેવું જોઈએ. તેમાં જ તેનું આત્મસન્માન જળવાઈ રહે છે અને તે જ તેને માટે હિતકારક છે. બ્રાહ્મણ યજમાનના ઘરે જાય છે ત્યારે તેની આગતા-સ્વાગતા થાય છે, સૌથી છેલ્લે યજમાન તેને દક્ષિણા આપે છે. આ રીતે દક્ષિણા બ્રાહ્મણની વિદાયનો સંકેત છે. દક્ષિણા લીધા પછી પણ તે યજમાનને ઘરે રોકાય તો તેમાં તેનું માન જળવાતું નથી. તે જ રીતે દરેક શિષ્ય વિદ્યાભ્યાસ કરવા ગુરુ પાસે જાય છે. તેણે શિક્ષણ પૂર્ણ કર્યા પછી ગુરુ પાસેથી વિદાય લેવી જોઈએ, નહિ તો ગુરુ તેનો ત્યાગ કરે છે.

જંગલમાં દાવાનળ લાગે છે ત્યારે પશુપંખીઓ જંગલનો ત્યાગ કરી દે છે. જીવ જોખમમાં હોય ત્યારે પોતાનું સ્થાન છોડી દેવામાં જ ડહાપણ છે.

'ઘરકી મુરઘી દાલ બરાબર' કહેવત તમે જાણો જ છો. થોડા મોંઘા બનો. સરળ પ્રાપ્ય વસ્તુની મહત્તા ઘટતી જાય છે. થોડા અટપટા બનો. સમયને ઓળખો. જરૂર હોય ત્યાં રોકાઓ, જરૂર ન હોય ત્યાંથી તરત જ નીકળી જાઓ; દા.ત., કોઈ સેલ્સમૅન ઘેર ઘેર સંબંધો બનાવવા બેસી જાય તો એનો ટાર્ગેટ ક્યારેય પૂરો ન થાય. એનું કામ છે એક ઘરે વસ્તુ વેચી તરત જ બીજા ઘર તરફ પ્રયાણ કરવાનું, તો જ એ વેચાણ કરી શકશે. અન્યથા સાંજ પડે પેટ્રોલખર્ચ પણ પ્રાપ્ત નહીં કરી શકે. એવી જ રીતે જ્યાં મૂડી ડૂબવાનો ભય હોય ત્યાં રોકાણ ન કરો અને લૂંટાઈ જવાનો ભય હોય ત્યાં વેપાર ન કરો, અને હા, જ્યાં જીવનું જોખમ હોય ત્યાં કડક ઉઘરાણી ન કરો. બની શકે તો એવી વ્યક્તિ સાથે વ્યવહાર જ ન કરો. કોઈ પણ વ્યવહાર ત્યાં જ કરો જ્યાં તમે સલામત હો... એ જ વર્તુળમાં પ્રવેશો જેના પર તમારો અંકુશ હોય.

યોગ્ય વ્યક્તિ સાથે વ્યવહાર રાખો

दुराचारी दुर्दृष्टिर्दुराऽऽवासी च दुर्जन:।
यन्मैत्री क्रियते पुम्भिर्नर: शीघ्रं विनश्यति॥

દુરાચારી, ખરાબ નજરવાળા, દુષ્ટ, કોઈ પણ પ્રકારના કારણ વિના બીજાને હાનિ પહોંચાડતા અને દુર્જનો સાથે દોસ્તી રાખનાર શ્રેષ્ઠ પુરુષની કીર્તિ ઝડપથી નાશ પામે છે.

તુલસીદાસજી કહે છે કે –

દુર્જન સંગ ન દેહિ વિધાતા।
ઇસસે ભલો નરક કા વાસા॥

અર્થાત્, હે વિધાતા, દુર્જનોની સોબતથી મને દૂર રાખજે. દુષ્ટ મનુષ્યોની સોબત કરતાં તો નરકમાં વાસ કરવો સારો.

તમે જેની સાથે હરોફરો છો તે વ્યક્તિના ચારિત્ર્યની અસર તમારા ચારિત્ર્ય ઉપર વહેલી-મોડી થાય છે. દુર્જનોની સોબત નરક કરતાં પણ વધુ ખરાબ છે. દુર્જનો દુષ્ટ હોય છે. તેઓ પોતાના અંગત સ્વાર્થ માટે બીજાનું ખરાબ કરતા હોય છે. તેમની સાથે હરવાફરવાથી કોઈ પણ વ્યક્તિનું માન-સન્માન સમાજમાં ઓછું થઈ જાય છે, તેની પ્રતિષ્ઠાને કલંક લાગે છે અને લાંબા ગાળે તે વ્યક્તિ ક્યાંયની રહેતી નથી.

ક્યાંક એવું ન બને કે આખી જિંદગીની તનતોડ મહેનત પછી મેળવેલ પદ, પ્રતિષ્ઠા અને પૈસો એકાદ વિનિમયમાં જ ગુમાવી દેવાં પડે. ધંધો એવી જ સંસ્થા સાથે કરો, બજારમાં જેની શાખ હોય, એવી સંસ્થા સાથે નહીં જે ને કરણે તમારે આખા બજારની દુશમનાવટ વહોરવી પડે. એક જ ખોટો વ્યવહાર તમારી વર્ષો જૂની પ્રતિષ્ઠા પર પાણી ફેરવી શકે છે. વ્યક્તિનો સંબંધ વ્યક્તિથી હોય છે અને સંસ્થાનો સંસ્થાથી. માટે જ... કલંકિત વ્યક્તિ સાથે મિત્રતા ન રખાય અને વગોવાયેલી સંસ્થા સાથે વ્યવહાર ન કરાય.

પસંદગી કોની કરવી?

एतदर्थं कुलीनानां नृपाः कुर्वन्ति संग्रहम्।
आदिमध्याऽवसानेषु न त्यजन्ति च ते नृपम्॥

રાજાએ કુળવાન વ્યક્તિઓને જ સાથે રાખવી જોઈએ, કારણ કે તે રાજાની પ્રગતિ અને પતન બંને સમયે સાથ છોડતી નથી.

ખાનદાન વ્યક્તિઓ જેની સાથે મિત્રતા બાંધે છે તેઓ સારા અને ખરાબ બંને સમયમાં સાથ આપે છે. તે પોતાના મિત્રને સુખના સમયે સાચી સલાહ અને વધુ પ્રગતિ કેવી રીતે થાય તેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે જ્યારે દુ:ખમાં મિત્રની પડખે એક ભાઈની જેમ ઊભા રહીને ખભેખભો મેળવી સાથ-સહકાર આપે છે.
આ કારણે જ રાજાએ કુળવાન અને ખાનદાન વ્યક્તિઓને પોતાની સાથે રાખવી જોઈએ. કુળવાન માણસો ક્યારેય નીચ કાર્યો કરી પોતાના સ્વામી સાથે છળકપટ કરતા નથી. એમના સંસ્કાર જ એમને દગો કરતાં રોકે છે .

તમારો સ્ટાફ એ તમારી સંસ્થાનો પ્રાણ છે. એની પસંદગીમાં પૂરતું ધ્યાન કે રાખો. એવા કર્મચારીની ભરતી ક્યારેય ન કરો જેમને માત્ર પગારમાં જ રસ હોય. ભરતી એવા કર્મચારીઓની કરો, જેમનામાં સારામાં સારું કામ આપવાની ધગશ હોય. પોતાને મળતા મળતર સામે વધારેમાં વધારે વળતર આપવાનો ઉત્સાહ હોય. સારા અને નરસા બંને સમયમાં માલિકને વફાદાર રહેવાની પ્રતિબદ્ધતા હોય. આધુનિક જમાનામાં જન્મગત કુળ કે જ્ઞાતિ નહીં, પણ વ્યાવસાયિક દક્ષતા – કાર્યકુશળતા, કૌટુંબિક-પારિવારિક પરંપરાને મહત્ત્વ આપવું જરૂરી છે.

સતત નવું સંશોધન કરો

अभ्यासाद्धार्यते विद्या कुलं शीलेन धार्यते।
गुणेन ज्ञायते त्वार्यः कोपो नेत्रेण गम्यते॥

સતત મહાવરાથી વિદ્યા, ચારિત્ર્ય પરથી કુળ, ગુણ પરથી શ્રેષ્ઠતા અને આંખો પરથી મનુષ્યના ક્રોધની જાણ થાય છે.

સતત અભ્યાસથી વિદ્યા પ્રાપ્ત થાય છે. શીલ-સ્વભાવ પરથી વ્યક્તિ ઉચ્ચ કુળની છે કે નીચ કુળની છે તે ખબર પડે છે. ઉચ્ચ કુળની વ્યક્તિના સ્વભાવમાં માન-મર્યાદાની ઝલક મળે છે, જ્યારે નીચ કુળની વ્યક્તિમાં દંભ, તોછડાઈ વગેરે દુર્ગુણો જોવા મળે છે.

વ્યક્તિના સારા ગુણ પરથી તેની શ્રેષ્ઠતાનાં દર્શન થાય છે જ્યારે તેની આંખો પરથી તેના ક્રોધની જાણ થાય છે. માણસની આંખ ઘણુંબધું કહી દે છે. આંખોની ભાષા પરથી જ મનુષ્યના ભાવ વાંચી શકાય છે.

સતત અભ્યાસ કરો. રોજેરોજ નવું સંશોધન કરો. સમજણને કસો. સંચાલનશક્તિની ધાર કાઢો. તમારી કાર્યક્ષમતામાં ચોક્કસ વધારો થશે, કારણ કે મહાવરાથી જ કાર્યકુશળતા આવે છે. એ માટે કોઈ શ્રેષ્ઠીના કુળમાં જન્મવું જરૂરી નથી. ગુણો કેળવી શકાય છે અને હા... ગુણવત્તા બાબતે સમાધાન ન કરો. ગ્રાહકોનો વિશ્વાસ ગુમાવી બેસશો તો બજારમાંથી ફેંકાઈ જશો. ઉત્તમનો આગ્રહ રાખી સતત નવા સંશોધનો દ્વારા શ્રેષ્ઠતા ટકાવી રાખો.

એકલો જાને

जन्ममृत्यु हि यात्येको भुनक्त्येकः शुभाऽशुभम्।
नरकेषु पतत्येक एको याति परां गतिम्॥

મનુષ્ય સંસારમાં એકલો જ જન્મ લે છે, એકલો જ મૃત્યુ પામે છે, તે એકલો જ શુભ-અશુભ કાર્યો કરે છે, એકલો જ નરકમાં જાય છે અને એકલો જ પરમગતિ પ્રાપ્ત કરે છે.

માણસ જ્યારે જન્મે છે કે મૃત્યુ પામે છે ત્યારે તે એકલો જ હોય છે. તેવી જ રીતે તેનાં પાપ કે પુણ્યકર્મ હોય તેને પણ એકલાએ જ ભોગવવાં પડે છે. નરકમાં જાય કે મોક્ષ પામે ત્યાં પણ એકલા જ જવાનું હોય છે. અહીં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે મનુષ્યમાં કંઈક કરી છૂટવાની શક્તિ હોય, તેણે પોતે વિચારેલાં કામને પોતે જ શરૂ કરવાનું હોય છે.

શું તમારામાં ધંધો કરવાની આવડત છે? જરૂરી મૂડી પણ છે? તો ભાગીદાર ન શોધો. નાનો પણ પોતાનો ધંધો એ ધંધો છે. એને આજથી જ શરૂ કરી દો. આવતી કાલે એ વિકસીને વિરાટ વટવૃક્ષ બની જશે. ભાગીદારીની રાહ જોઈને બેસી રહેશો તો મૂડી ખર્ચાઈ જશે અને આવડત કટાઈ જશે. માટે એ સાહસભર્યા શુભ કાર્યનો આરંભ અત્યારથી જ કરી દો.

કોઇ પણ પગલું ભરતાં પહેલાં વિચારો

अनुलोमेन बलिनं प्रतिलोमेन दुर्जनम्।
आत्मतुल्यबलं शत्रुं विनयेन बलेन वा॥

બળવાન શત્રુને અનુકૂળ વ્યવહાર કરી, દુષ્ટ શત્રુને પ્રતિકૂળ વ્યવહાર કરી અને સમાન બળવાળા શત્રુને વિનય કે શક્તિથી વશ કરવો જોઈએ.

જો શત્રુ પોતાના કરતાં વધારે શક્તિશાળી હોય તો તેને અનુરૂપ વર્તન કરવામાં જ ભલાઈ છે, નહિ તો માઠાં ફળ ભોગવવા તૈયાર રહેવું જોઈએ. શક્તિશાળી શત્રુને અનુરૂપ વર્તન કરવાથી તે વશ થઈ જાય છે.

દુષ્ટ શત્રુ હોય તો તેનો તો મુકાબલો જ કરવો જોઈએ અને હાર-જીતનો વિચાર કર્યા વિના લડી લેવું જોઈએ, કારણ કે તેને ગમે તેટલો રીઝવવામાં આવે તે માનવાનો નથી. દુષ્ટતાનું શમન પ્રતિકારથી જ કરી શકાય છે. તે જ રીતે શત્રુ જો સરખી તાકાત ધરાવતો હોય તો તેને વિનયવિવેકથી વશમાં કરવો જોઈએ, કારણ કે સમાન શક્તિશાળી વ્યક્તિઓ વચ્ચેની લડાઈથી કોઈને ફાયદો થતો નથી. જો તે ન માને તો ફેંસલો યુદ્ધના મેદાનમાં કરવો.

તમારું ક્ષેત્ર વિશાળ છે એટલે હરીફો તો હોવાના જ. એટલે જ અવિચારી પગલું ન ભરો. સમયને ઓળખીને ચાલો. જે વ્યક્તિ સમય અનુસાર વર્તે છે એની ગણતરીપૂર્વકની પીછેહઠ પણ લાંબા ગાળાની જીતનો જ એક ભાગ હોય છે. થોભો, વિચારો. સમય ઝૂકવાનો છે? તો ઝૂકો. સમય લડવાનો છે? તો લડો. સમય અલિપ્ત રહેવાનો છે? તો અલિપ્ત રહો. બસ, સમયને ઓળખો, સમય તમારી સિદ્ધિનો ઘડવૈયો છે.

બહુ સરળ ન બનો

नाऽत्यन्तं सरलैर्भाव्यं गत्वा पश्य वनस्थलीम्।
छिद्यन्ते सरलास्तत्र कुब्जास्तिष्ठन्ति पादपा:॥

વનમાં સીધાં વૃક્ષો કપાઈ જાય છે જ્યારે વાંકા વૃક્ષોને કોઈ સ્પર્શ કરતું નથી. તે જ રીતે મનુષ્યે અત્યંત સીધો અને સરળ સ્વભાવ ન ધરાવવો જોઈએ.

વનમાં સીધાં વૃક્ષોનું વહેલું નિકંદન નીકળી જાય છે જ્યારે વાંકાંચૂકાં વૃક્ષોનો શક્ય હોય ત્યાં સુધી કોઈ સ્પર્શ કરતું નથી. સીધાં વૃક્ષો વધારે ઉપયોગી છે અને કાપવામાં સરળ છે જ્યારે વાંકાં ખાસ કામનાં પણ નથી હોતાં અને એમને કાપતાં ખૂબ મહેનત કરવી પડે છે.

વ્યક્તિએ પણ તેનો સ્વભાવ સદાય સીધા વૃક્ષ જેવો ન રાખવો જોઈએ. સીધા અને સરળ મનુષ્યનો બધા ફાયદો ઉઠાવતા ફરે છે; એટલું જ નહિ, તેને અન્યાયનો ભોગ બનવું પડે છે. સમય આવે ત્યારે પોતાના હક અને ન્યાય મેળવવા વ્યક્તિએ અવાજ બુલંદ કરતાં શીખવું જોઈએ .

સફળ સંચાલક એ જ છે જે ને ધંધાની આંટીઘૂંટીઓ ઉકેલતાં આવડતું હોય. વર્ષોથી એક જ ધંધામાં પ્રવીણ વેપારીને કયાં કયાં અને કઈ કઈ રીતે છેતરાઈ જવાય એનો ખ્યાલ હોવો ખૂબ જ જરૂરી છે; એટલું જ નહીં, કોની સાથે કયા કયા પ્રકારનો અને કેટલો વ્યવહાર કરાય એનું પણ એને જ્ઞાન હોવું જરૂરી છે. સરળતા એટલે છેતરપિંડીનું પ્રવેશદ્વાર. ક્યારેક વાંકા બનવાનું પણ આવડવું જોઈએ. થોડાક અઘરા બનો, થોડાક અટપટા બનો. પછી જુઓ, કેવી મજા પડે છે. અને હા, આ બધું જ સ્વબચાવ માટે કરો. અન્યના નુકસાન માટે નહીં.

પ્રતિષ્ઠા જાળવી રાખો

શુચિર્ભૂમિગતં તોયં શુદ્ધા નારી પતિવ્રતા।
શુચિ: ક્ષેમકરો રાજા સન્તોષી બ્રાહ્મણ: શુચિ:॥

જમીનની અંદરથી નીકળતું જળ, પતિવતા સ્ત્રી, પ્રજાનું કલ્યાણ કરતો રાજા અને સંતોષી બ્રાહ્મણ શુદ્ધ હોય છે.

જમીનની અંદર રહેતું જળ અને પતિવ્રતા સ્ત્રી શુદ્ધ ગણાવાં છે. જમીનના પેટાળમાંથી આવતું પાણી કુદરતી ગાળણક્રિયામાંથી પસાર થઈને આવે છે. પતિવ્રતા સ્ત્રી સુશીલ, ગુણિયલ અને ત્યાગ કરવાની ભાવનાવાળી હોય છે. તે ધર્મમાં માનતી અને સદાચારવાળી હોય છે. પતિવ્રતા સતી સ્ત્રીઓને આપણી સંસ્કૃતિમાં દેવી સમાન ગણવામાં આવી છે. રાજનો ધર્મ પ્રજાનું કલ્યાણ કરવાનો છે. જે રાજા પોતાના કાર્યનું પ્રામાણિકતાથી વહન કરે છે તે પવિત્ર હોય છે. જેનું આચરણ શુદ્ધ હોય છે તે વ્યક્તિ પવિત્ર કે શુદ્ધ ગણાય છે. સંતોષી બ્રાહ્મણ મનથી શુદ્ધ હોય છે. તેને કોઈ ચીજવસ્તુતી લાલચ હોતી નથી. બ્રાહ્મણ એ વિદ્વત્તાનો પ્રતિનિધિ છે. વિદ્વાન પૈસા પાછળ દોડતો થાય ત્યારે એની વિદ્યા લાજે છે.

કંપનીમાં થતું ઉત્પાદન, પ્રામાણિક કર્મચારીઓ, કર્મચારીઓનું શોષણ ન કરતો માલિક અને વસ્તુમાં ભેળસેળ ટાળતો ઉત્પાદક આદરને પાત્ર છે. તમે માલિક ભલે રહ્યા, પણ બજારમાં તમારી શાખ તમારા ઉત્પાદનને કારણે છે. તમારા ઉત્પાદનને પ્રેમ કરો. કર્મચારીઓની નિષ્ઠા એ કોઈ પણ ધંધાનો પ્રાણ છે. નિષ્ઠાવાન કર્મચારીઓને પ્રોત્સાહન આપો. જો કર્મચારીઓનું શોષણ કરશો તો કર્મચારીઓમાં અસંતોષ ફેલાશે જેની આડઅસર ઉત્પાદન પર પડશે. જે લાંબે ગાળે મોટા નુકસાનમાં પરિણમશે અને હા, તમારી વસ્તુ સાથે ક્યારેય નબળું વલણ ન ચલાવો. તમારી વસ્તુ એટલી વિશ્વસનીય હોવી જોઈએ કે લોકો પહેલી આંગળી એના ઉપર જ મૂકે. અર્થાત્, 'તમારી વસ્તુ એટલે તમારી જ વસ્તુ' એવું લોકોના મનમાં વસી જાય તો જ તમે સફળ છો. આટલું એચીવમેન્ટ હશે તો તમારી પ્રગતિયાત્રામાં ક્યારેય કોઈ જ પ્રકારનો અવરોધ નહીં આવે.

ધીમા પરંતુ મક્કમ પગલે આગળ વધો

जलबिन्दुनिपातेन क्रमश: पूर्यते घट:।
स हेतु: सर्वविद्यानां धर्मस्य च धनस्य च॥

એક પછી એક ટીપાંથી આખો ઘડો ભરાઈ જાય છે; તેવી જ રીતે ધીમે ધીમે ધન, વિદ્યા અને ઉત્તમ કાર્યો કરતાં રહેવાથી એક દિવસ એ સમૃદ્ધ ખજાનો બની જાય છે.

અહીં આચાર્ય જણાવે છે કે જેમ ટીંપે ટીંપે ઘડો ભરાય છે. એમ ધીમે ધીમે તમે કરેલા સત્કાર્યો, સંચિત કરેલું ધન અને અર્જિત કરેલ વિદ્યા... ભવિષ્ય તમારા માટે એક સમૃદ્ધ ખજાનો બની જાય છે. જે તમારા જીવનને એ બધું જ આપવામાં સફળ નિવડે જે બધાની તમને જરૂર હોય. જે બધાથી તમે એક સંપૂર્ણ જીવનનો સંતોષ માણી શકો.

ધંધો ભલે નાનો રહ્યો. પૂરી સમજદારી અને વિશ્વાસથી મહેનત કરશો તો ચોક્કસ એનો વિકાસ થશે. દરેક વ્યક્તિએ શરૂઆત શૂન્યથી જ કરવી પડે છે. એની જ મજા છે. શૂન્યથી શરૂ કરીને સો સુધી જનારને કોઈ હંફાવી નથી શકતું. પગલાં ભરવાની જ મજા છે. સીધો કૂદકો ન મારો. એમાં પડવાના સોએ સો ટકા ચાન્સ છે. એક એક કરીને ગોલ પ્રાપ્ત કરતા જાઓ. સિદ્ધિ તમારી જ રાહ જોઈને ઊભી છે.

સખત મહેનત કરો

सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम्।
सुखार्थिन: कुतो विद्या विद्यार्थिन: कुतो सुखम्॥

જો મોજશોખ માણવા હોય તો અભ્યાસ છોડી દો અને વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો એશઆરામનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે મોજશોખની ઇચ્છા હોય તેને ક્યારેય વિદ્યા પ્રાપ્ત થતી નથી અને વિદ્યા પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેને ક્યારેય આરામ મળતો નથી.

વિદ્યા પ્રાપ્ત કરવા મહેનત કરવી પડે છે અને મહેનત કરનારને વળી આરામ કેવો? જે સુખ-આરામ ઇચ્છે છે તેણે વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છા છોડી દેવી જોઈએ. સુખેથી અને આરામથી રહેનારને વિદ્યા મળતી નથી. વિદ્યા મેળવવા પુરુષાર્થ કરવો પડે છે એટલે જેને સરસ્વતીના ઉપાસક થવું હોય તેણે સુખ-આરામનો ત્યાગ કરવો જોઈએ. ચોટી બાંધીને બેસે એને જ વિદ્યા ચડે.

તમારે માત્ર આરામ કરવો છે તો બિઝનેસ છોડી દો અને તમારે બિઝનેસ કરવો હોય તો આરામ છોડી દો; કારણ કે આરામ કરતો હોય તેને ક્યારેય ધંધામાં બરકત નથી મળતી અને ધંધો કરતો હોય એને ક્યારેય આરામ નથી મળતો. આરામ – સફળતા એક સિક્કાની બે બાજુ જેવાં છે. બંને બાજુઓને એકસાથે નથી જોઈ શકાતી. એક બાજુ ઉઘાડો એટલે બીજી આપોઆપ ઢંકાઈ જાય છે. નક્કી કરો, તમારે કઈ બાજુ પર જીત મેળવવી છે. હા, સફળતાની ટોચે પહોંચ્યા પછી સિક્કાની એ બંને બાજુઓને તમે પોતાની મરજી મુજબ રમાડી શકો છો. પરમ શાંતિની એ પળ સુધી પહોંચવા માટે તમારે અનેક અશાંતિઓનો સામનો કરવો જ રહ્યો. 'આરામ હરામ હૈ'નું સૂત્ર યાદ રાખો.

કામ કરવાની પદ્ધતિ

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहता मित्रेऽवञ्चकता गुरौ विनयता चित्तेऽतिगम्भीरता।
आचारे शुचिता गुणे रसिकता शास्त्रेषु विज्ञानता रूपे सुन्दरता शिवे भजनता सत्स्वेव संदृश्यते॥

અહીં આચાર્યે સજ્જન પુરુષના લક્ષણો જણાવ્યા છે. જો આચાર્યે એક ઉત્તમ સંચાલકનાં લક્ષણો જણાવ્યા હોત તો તે નીચે મુજબ હોત.

નિરંતર ધર્મમાં રચ્યાપચ્યા રહેવું, મોઢેથી મીઠાં વેણ બોલવાં, દાન આપવા હંમેશાં ઉત્સુક રહેવું, મિત્ર પ્રત્યે ભેદભાવ ન રાખવો, ગુરુ પ્રત્યે નમ્રતા અને હૃદયમાં ગંભીરતા રાખવી, આચરણથી પવિત્ર રહેવું, ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાની વૃત્તિ રાખવી, શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું, રૂપમાં સુંદર સૌજન્યસભર ચહેરો અને પ્રભુ પ્રત્યે ભક્તિભાવ અને શ્રદ્ધા જેવા સદ્‌ગુણો સજ્જન પુરુષમાં જે જોવા મળે છે.

નિરંતર કાર્યમાં રચ્યાપચ્યા રહેવું, મીઠાશથી આદેશ આપવા, રોકાણ કરવા હંમેશાં ઉત્સુક રહેવું, કર્મચારીઓ વચ્ચે ભેદભાવ ન રાખવો, સિનિયરોનો હંમેશાં આદર કરવો, ઉત્પાદન હંમેશાં ઉત્તમ કક્ષાનું જ કરવું, ઉત્તમ કર્મચારીઓને આવકારવા, વખતોવખત એમની કદર કરવી, નિતનવું સંશોધન કરવું, મોઢા પર હળવું સ્મિત અને સંસ્થા પ્રત્યે આદર – એ જ ઉત્તમ સંચાલકનાં લક્ષણો છે.

તમારા ધ્યેયને તમારી દૃષ્ટિએ જ મૂલવો

एक एवं पदार्थस्तु त्रिधा भवति वीक्षितः।
कुणपः कामिनी मांसं योगिभिः कामिभिः श्वभिः॥

એક જ વસ્તુને ત્રણ જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ જુદી જુદી રીતે જુએ છે.સુંદર સ્ત્રીનો જ દાખલો લો. યોગીપુરુષ તેને દૂષિત શબ તરીકે જુએ છે, કામી પુરુષ તેને સુંદર સ્ત્રીના રૂપમાં જુએ છે અને શ્વાન તેને માંસના ટુકડા તરીકે જુએ છે.

કોઈ વ્યક્તિને કે વસ્તુને જોવાની દૃષ્ટિ દરેક વ્યક્તિની જુદી જુદી હોય છે. સ્ત્રીનું જ ઉદાહરણ લઈએ તો એક યોગી પુરુષ માટે તે શબ સમાનં હોય છે, જ્યારે કામી પુરુષ તેને ભોગવિલાસનું સાધન સમજે છે અને શ્વાનને તેનું માંસ ખાવામાં જ રસ હોય છે.

વ્યક્તિએ વ્યક્તિએ જગત જુદું છે. તમારે તમારા જગતમાં રહેવાનું છે. તમારા જગતના સર્જક તમે છો. સાંભળો બધાનું; કરો પોતાનું, કારણ કે તમે જે કરી રહ્યા છો એને માટે તમે સ્પષ્ટ છો. તમારાં પોતાનાં ચોક્કસ ગણિતો છે; તમારી પોતાની ચોક્કસ રીતો છે જે જગત સાથે ક્યારેય મેળ નથી ખાવાની. એનો અર્થ એ નથી કે તમે ખોટા છો. એનો અર્થ એ છે કે તમે નોખા છો. જગત નોખાની જ નોંધ લે છે. પોતાનો માર્ગ પોતે કંડારો અને પોતે સાચા માર્ગે છો એવો વિશ્વાસ રાખો.

એક મિનિટ વિચારો, પછી પગલું ભરો

मणिर्लुण्ठति पादाग्रे काचः शिरसि धार्यते।
क्रयविक्रयवेलायां काचः काचो मणिर्मणिः॥

કોઈક ખાસ પરિસ્થિતિમાં ઝવેરાતને પગમાં અને કાચને માથે ધારણ કરવામાં આવે છે. જોકે, આમ કરવાથી ઝવેરાતની કિંમત ઓછી નથી થતી. વેચવાના અથવા ખરીદવાના સમયે કાચને કાચ અને રત્નને રત્ન જ માનવામાં આવે છે .

કોઈ અયોગ્ય વસ્તુ કે વ્યક્તિને ઉચ્ચ સ્થાન પર મૂકવાથી કે નિમણૂક કરવાથી તેનું મૂલ્ય વધી નથી જતું, જ્યારે મૂલ્યાંકનનો સમય આવે છે ત્યારે યોગ્ય વસ્તુ કે વ્યક્તિ આપોઆપ અલગ તરી આવે છે.

કોઈ પણ વ્યક્તિ કે વસ્તુના પ્રભાવમાં એકદમ આવી જશો નહી. થોભો, થોડાક સમયમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. એનાથી ઊલટું કોઈ પણ વ્યક્તિને અજમાવ્યા પહેલાં જ એના વિશે નકારાત્મક ધારણા ન બાંધી લો. શક્ય છે કે એ વ્યક્તિ એ જ વ્યક્તિ હોય જેની તમારા ધંધાને શરૂઆતથી શોધ હોય. મણિને મસ્તક પર જ સ્થાન મળવું જોઈએ.

ટાઈમ મૅનેજમૅન્ટ

तत्र पूर्वे दिवसस्याष्टभागे रक्षाविधानमायव्ययौ च श्रृणुयात्। द्वितीये पौरजानपदानां कार्याणि पश्येत्। तृतीये स्नानभोजनं सेवेत; स्वाध्यायं च कुर्वीत। चतुर्थे हिरण्यप्रतिग्रहमध्यक्षांश्च कुर्वीत। पञ्चमे मन्त्रिपरिषदा पत्रसम्प्रेषणेन मन्त्रयेत; चारगुह्यबोधनीयानि च बुद्धयेत। षष्ठे स्वैरविहारं मन्त्रं वा सेवेत। सप्तमे हस्त्यस्वरथायुधीयान् पश्येत्। अष्टमे सेनापतिसखो वित्क्रमं चिन्तयेत्। प्रतिष्ठितेऽहनि सन्ध्यामुपासीत॥

રાજાએ દિવસના આઠ ભાગમાં કરવાનાં કાર્યોને આ મુજબ વિભાજિત કરવાં: (૧) દિવસના પ્રથમ ભાગમાં રક્ષાસંબંધી કાર્યો કરવાં તથા પાછળના દિવસની આવક-જાવકનું નિરીક્ષણ કરવું. (૨) દિવસના બીજા ભાગમાં પુરવાસીઓ અને જનપદવાસીઓનાં કાર્યોનું નિરીક્ષણ કરવું. (૩) દિવસના ત્રીજા ભાગમાં સ્નાન-ભોજન-સ્વાધ્યાય કરવું. (૪) દિવસના ચોથા ભાગમાં દિવસભરની આવકનું વિવરણ જોવું. જુદા જુદા વિભાગોના અધ્યક્ષો અને પ્રમુખોનાં કાર્યોની જાત-તપાસ કરવી જોઈએ. (૫) દિવસના પાંચમા ભાગમાં મંત્રીપરિષદ સાથે ચર્ચા-વિચારણા કરવી. શાસન વ્યવસ્થાના પત્રવ્યવહારનું કાર્ય કરવું તથા ગુપ્તચરોની મુલાકાત લઈ તેમની ગતિવિધિ જાણી લેવી. (૬) દિવસના છઠ્ઠા ભાગમાં સ્વેચ્છાથી ભ્રમણ કરવું (ફરવું) નૌકાવિહાર તેમ જ મનોરંજન કરવું. (૭) દિવસના સાતમા ભાગમાં હાથી, ઘોડા, શસ્ત્રભંડાર વગેરેનું નિરીક્ષણ કરવું. (૮) દિવસના આઠમા ભાગમાં સેનાપતિ સાથે યુદ્ધવિષયક ચર્ચાવિચારણા તેમ જ દિવસના અંતે સંધ્યોપાસના કરવી.

આચાર્ય ચાણક્યે રાજાની દિનચર્યા અને રાત્રિચર્યા વિશે વિગતવાર લખ્યું છે, જે મુજબ રાજાની દિનચર્યા અર્થાત્ દિવસ દરમિયાનનું રાજાનું ટાઈમટેબલ કેવું હોય તે ઉપર દર્શાવ્યું છે. આ ઉપરાંત તેમણે રાજાના રાત્રિના ટાઈમટેબલનો પણ પોતાના અર્થશાસ્ત્રમાં વિગતવાર ઉલ્લેખ કર્યો છે.

સમયનું આયોજન કરો. તમારો સમય ખૂબ જ કીમતી છે. તમારી પ્રત્યેક ક્ષણ તમારી સફળતા માટે જ ખર્ચાવી જોઈએ.
યાદ રાખો: તમારો આરામ પણ તમારા આયોજનનો જ એક હિસ્સો હોવો જોઈએ.

નિર્ધારિત સમયમાં કાર્ય પૂરું કરો

सर्वमात्ययिकं कार्यं श्रृणुयान्नातिपातयेत्।
कृच्छ्रसाध्यमतिक्रान्तमसाध्यं वा विजायते॥

નિર્ધારિત સમયમર્યાદામાં પૂરાં ન થયેલાં કાર્યો વિશે જાણી તેને ઝડપથી (પ્રાથમિકતાના આધારે) પૂરાં કરવાની વ્યવસ્થા રાજાએ કરવી જોઈએ. આ વિષયમાં વિલંબ, ઉપેક્ષા કે ત્રુટિ કદાપિ ન કરવાં જોઈએ, કેમ કે નિર્ધારિત સમય પર પૂરું ન થયેલું કાર્ય અસાધ્ય અથવા કષ્ટસાધ્ય બની જાય છે.

આચાર્ય કહે છે કે રાજાએ સૌથી પહેલું ધ્યાન એ કાર્યો પર આપવું જોઈએ જે અધૂરાં હોય, જે નિર્ધારિત સમયમાં પૂરાં ન થયાં હોય, કારણ કે એવાં કાર્યો પાછળ પુષ્કળ સમય, શ્રમ અને નાણાં ખર્ચાઈ ચૂક્યાં હોય છે, જો તે કાર્યો અધૂરાં જ રહી જાય તો ખર્ચેલ સમય, શ્રમ અને નાણાંનો વ્યય તો થાય છે ઉપરાંત પ્રજા કે અન્ય લોકોના માનસ પર વિપરીત અસર પડી શકે છે. એમને રાજાની કાર્યક્ષમતા અને સંચાલનમાં અવિશ્વાસ ઊભો થઈ શકે છે. એટલે સુધી કે રાજાની હાંસી પણ થઈ શકે છે. એટલે જ રાજાએ સૌથી પહેલાં એ કાર્યો પર ધ્યાન આપવું જ પડે જે અધૂરાં હોય.

બીજી વાત એ પણ છે કે જે કાર્યો સમયસર પૂરાં નથી થતાં એ કાર્યો અઘરાં અને અસાધ્ય બનતાં જાય છે. યોગ્ય સમયે શરૂ થયેલું કાર્ય યોગ્ય સમયે પૂરું થવું જ જોઈએ. એવું ન થાય તો એની સાથે સંકળાયેલા માણસોનો એ કાર્યમાંથી ધીમે ધીમે રસ ઓછો થતો જાય છે. પરિણામે કાર્યમાં જે ઝડપ, જે ચીવટ, જે ચોકસાઈ આવવી જોઈએ એ આવતી નથી અને કાર્ય અઘરું, અટપટું અને ગૂંચવાડાભર્યું બની જાય છે. એથી જ રાજાએ કે કોઈ પણ સંચાલકે પોતાના શરૂ થયેલા કોઈ પણ કાર્ય પર પોતાનું સંપૂર્ણ અને સીધેસીધું ધ્યાન કેન્દ્રિત કરી એને પૂર્ણ કરવાના તમામ યત્નો ગંભીરતાપૂર્વક કરવા જોઈએ.

અધૂરાં કાર્યોને સવેળા પૂરાં કરો. પૂરાં કરેલાં કાર્યોનો પૂરેપૂરો લાભ ઉઠાવો. અધૂરાંને અધૂરું છોડવામાં અને પૂરાંનો પૂરેપૂરો લાભ ન ઉઠાવવામાં નુકસાન જ નુકસાન છે.

હલાવ્યા વગર દાઝશે

अनुत्थाने ध्रुवो नाशः प्राप्तस्यानागतस्य च।
प्राप्यते फलमुत्थानाल्लभते चार्थसम्पदम्॥

જો રાજા પરિશ્રમી ન હોય તો તેનાં પ્રાપ્ત થયેલાં અને પ્રાપ્ત થનારાં બધાં જ ફળો નાશ પામે છે. પરિશ્રમી રાજા જ પોતાના શ્રમથી મધુર ફળ અને સુખ-સંપદા પામે છે.

આચાર્ય કહે છે કે રાજાનો ધર્મ પ્રજાનું રક્ષણ કરવાનો છે. રક્ષણ એ જ કરી શકે જે પોતે શક્તિશાળી અને સુરક્ષિત હોય. શક્તિ અને સુરક્ષા એને જ પ્રાપ્ત થાય છે જે સખત પરિશ્રમી હોય. જે રાજા પોતાનાં સુખ અને ઐશ્વર્યમાં પોતાનું ધ્યેય ભૂલીને પ્રજાના હિતને બાજુ પર રાખીને પ્રમાદમાં ડૂબી જાય છે તેનું પતન થાય છે. એનો વર્તમાન તો ધૂળમાં મળી જ જાય છે સાથે સાથે એનું ભાવિ પણ અંધકારમય બની જાય છે. પરિશ્રમ માત્ર કશુંક મેળવવા માટે જ જરૂરી નથી; જે પાસે છે એને ટકાવી રાખવાં માટે પણ જરૂરી છે. માત્ર રાજાએ જ નહીં, જેને પોતાનો વર્તમાન અને ભવિષ્ય બંને ઊજળાં રાખવાં છે એ દરેક વ્યક્તિએ તીવ્ર સભાનતા અને સખત પરિશ્રમ કેળવવાં પડે. એનો કોઈ વિકલ્પ જ નથી.

તમારી પાસે જે નથી એ મેળવવામાં, જે છે એ જાળવવામાં અને જે જાળવણીમાં છે એની વૃદ્ધિ કરવામાં બે જ બાબતો અગત્યની છે. એક તમારો શ્રમ અને બીજી તમારી સમજણ. શ્રમ વગરની સમજણ અને સમજણ વગરનો પરિશ્રમ ચૂલા વગરની તાવડી અને તાવડી વગરના ચૂલા જેવાં છે. બંને તમને ભૂખ્યા જ રાખશે. બંનેનો સમન્વય થાય તો જ તૃપ્તિ મળે.

આયોજન કર્યા બાદ સહચિંતન કરો

ते हयस्य स्वपक्षं परपक्षं च चिन्तयेयुः। अकृतारम्भमारब्धानुष्ठानमनुष्ठितविशेषं नियोगसम्पदं च कर्मणा कुर्युः। आसन्नैः सह कार्याणि पश्येत्। अनासन्नैः सह पत्रसम्प्रेषणेन मन्त्रयेत्। इन्द्रस्य हि मन्त्रिपरिषदृषीणां सहस्त्रम्। सतच्चक्षुः। तस्मादिमं द्वयक्षं सहस्त्राक्षमाहुः॥

જે લોકોને મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હોય તે લોકો (મંત્રીઓ) સ્વપક્ષ અને શત્રુપક્ષનાં બળ અને મર્યાદાઓ પર ચિંતન કરે. જે કાર્યોનો આરંભ ન થયો હોય તેનો આરંભ કરાવે અને જે કાર્યોનો આરંભ થઈ ચૂક્યો હોય તેવાં કાર્યોને સમયસર પૂરાં કરાવે. જે કાર્યો પૂરા થઈ ગયાં હોય એનું વિશ્લેષણ કરે અને એમાં વિશિષ્ટતા લાવવાનો પ્રયાસ કરે. રાજા પોતાના નિકટવર્તી મંત્રીઓ સાથે મૌખિક અને દૂરવર્તી મંત્રીઓ સાથે પત્રવ્યવહારથી પરામર્શ કરે. ઇન્દ્રના મંત્રીમંડળમાં એક હજાર ઋષિઓ હતા જે જુદાં જુદાં કાર્યોના અધ્યક્ષ હતા. તેઓને ઇન્દ્રના ચક્ષુ સમજવામાં આવતા હતા. તેથી જ બે નેત્રવાળા હોવા છતાં પણ ઇન્દ્રને સહસ્રાક્ષ (હજાર નેત્રવાળા) તરીકે ઓળખવામાં આવે છે.

આચાર્ય ચાણક્ય કહે છે કે ઇન્દ્રની પરિષદમાં એક હજાર ઋષિઓ હતા, જે ઇન્દ્રનાં નેત્રો હતા. (નેત્રો એટલા માટે કે તેમના દ્વારા ઇન્દ્ર સમગ્ર રાજ્યમાં ક્યાં ક્યાં શું ચાલી રહ્યું છે એનાથી માહિતગાર રહેતા હતા. પરિણામે તે એકલો પોતાની બે આંખોથી હજાર સ્થળ, સ્થિતિ કે કાર્યને જોઈ શકતો હતો. એટલે જ તે સહસ્રાક્ષ (હજાર આંખોવાળો) કહેવાય છે.

ટૂંકમાં, રાજા પાસે એવા કાબેલ મંત્રીઓ હોવા જોઈએ જે એની આંખની ગરજ સારે. તે જે કાર્યો જ્યાં, જ્યારે, જે પરિસ્થિતિમાં થયું હોય એ દરેક કાર્યનો આલેહૂબ ચિતાર રાજાને આપે, જેથી રાજા પોતાને સ્થાને બેસીને પણ આખા રાજ્યમાં ક્યાં શું ચાલી રહ્યું છે તે જાણી શકે.

મોટું કાર્ય એકલા હાથે ન થઈ શકે. એ માટે વિશ્વાસુ સહાયકોનો સાથ અનિવાર્ય ગણાય. કાર્યસફળતા માટે કુશળ મંત્રીઓ અને મૅનેજરો સાથે એનાં તમામ પાસાંની પદ્ધતિસર ચર્ચાવિચારણા કરવી જરૂરી છે.

કાચબાની જેમ સંકોચાતાં શીખો

नास्यं गुह्यं परे विद्युश्छिद्रं विद्यात् परस्य च।
गूहेत् कूर्म इवाग्ड़ानि यत्स्याद् विवृतमात्मन:॥

રાજાએ પોતાની ગોપનીય મંત્રણા જાણી જવામાં બીજા લોકોને સમર્થ ન થવા દેવા. તેણે શત્રુઓની ગુપ્ત યોજનાઓ જાણી લેવી. (તેમ જ તેણે) કાચબો જે રીતે પોતાનાં અંગોને પોતાની અંદર છુપાવી લે છે એમ પોતાના અંગત વિષયોને પોતાની અંદર છુપાવી લેવા.

આચાર્ય ચાણક્ય કહે છે રાજાએ (પોતે) પોતાના શત્રુપક્ષનાં બધાં જ રહસ્યો, ગુપ્ત આયોજનો ગુપ્તચરો દ્વારા કે અન્ય રીતે જાણી લેવાં જોઈએ; પણ પોતાનું એક પણ રહસ્ય કે ગુપ્ત આપોજન કે ગુપ્ત મંત્રણા, શત્રુ ન જાણી શકે એની તકેદારી રાખવી જોઈએ. જેમ કાચબો સંકટ આવતાં તરત જ પોતાની જાતને પોતાની અંદર સમાવી સે છે તેમ રાજાએ પણ પોતાનાં તમામ આયોજનો કે ગુપ્ત રહસ્યો માત્ર પોતાની સામે જ ખોલવાં જોઈએ. શકમંદ કોઈ પણ વ્યક્તિ કે પરિસ્થિતિ આવી પડતાં રાજાએ ખૂબ જ સિફતપૂર્વક તેમને સંતાડી દેવાં જોઈએ. અર્થાત્ સુરક્ષિત કરી દેવાં જોઈએ.

ટૂંકમાં, રાજાએ પોતાની ગુપ્ત મંત્રણા તેમ જ પોતાનાં અંગત રહસ્યો પોતાના જીવની જેમ જાળવવાં જોઈએ. વળી એને જરા પણ આંચ ન આવે તેનો ખ્યાલ રાખવો જોઈએ.

ક્યારે બહાર નીકળવું અને ક્યારે ઘરમાં પુરાઈ જવું, શું જાહેર કરવું અને શેના પર પડદો પાડી દેવો – આટલું શીખી જાય એની અડધી તકલીફો ઓછી થઈ જાય... આંખ એટલી તેજ રાખો કે આખું જગત તમને દેખાય. સ્થળ એવું પસંદ કરો જ્યાં જગતની નજર જ ન પહોંચે. સામા પક્ષનાં રહસ્યો જાણી લે અને પોતાની વાત કોઈને કળાવા ન દે તે જીતે!

પોતાની શક્તિ મુજબ વર્તો

आत्मबलानुकूल्येन वा निशाहर्भागान् प्रविभज्य कार्याणि सेवेत॥

પોતાના બળની અનુકૂળતા પ્રમાણે દિવસ-રાત્રિનું વિભાજન કરીને કાર્યો કરવાં.

આચાર્ય કહે છે કે દિવસ અને રાત્રિના ટાઇમટેબલને ન અનુસરી શકે તો રાજાએ પોતાની ક્ષમતા અને અનુકૂળતા પ્રમાણે દિવસ અને રાત્રિનું વિભાજન કરીને પોતાનાં કર્યો કરવાં.

ટૂંકમાં, સમયનું આયોજન તો કરવું જ. રાજા પ્રજાનો પિતા છે. એની જવાબદારીઓ વિશાળ છે. એ વિશાળ જવાબદારીઓને પહોંચી વળવા માટે એની પાસે ચોક્કસ વિધિસરનું અને તર્કબદ્ધ આયોજન હોવું ખૂબ જ જરૂરી છે. તે આયોજન વ્યક્તિગત બાબતોથી લઈને પ્રત્યેક જવાબદારી, પ્રત્યેક કાર્યને લગતું હોવું જોઈએ; જેમાં પોતે ક્યારે શું કરશે, કેવી રીતે કરશે, એમાં કોની કોની મદદ લેશે-થી લઈને એ દરેક પાસાંનો વિચાર અને આયોજન ફરજિયાત બની જાય છે, જે તેના અને તેના શાસન પર અસર કરતાં હોય.

કેટલીક બાબતોમાં પરંપરાને અનુસરો. કેટલીક બાબતોમાં નવી પરંપરા, નવો ચીલો પાડો. જગતની કોઈ એવી પરંપરા નથી જેમાં પ્રયોગ ન થઈ શકે. શરત માત્ર એટલી જ છે કે એ પ્રયોગને પાર પાડવા જેટલી ક્ષમતા તમારામાં હોવી જોઈએ. આપણું કાર્ય આપણે કઈ રીતે વધારે સારી રીતે કરી શકીએ એ રીત નક્કી કરવી એટલે આયોજન અને એ આયોજન દ્વારા અસરકારક પરિણામ મેળવવું એટલે સફળ સંચાલન.

સરળ માર્ગ પસંદ કરો

नदीपथे च विज्ञाय व्यवहारं चरित्रत:।
यतो लाभस्ततो गच्छेदलाभं परिवर्जयेत्॥

જ્યારે નદીમાર્ગે અન્ય દેશો સાથે વેપાર માટે જવાનું હોય ત્યારે સારા, સુરક્ષિત અને ઓછા ખર્ચાળ માર્ગને પસંદ કરવો જોઈએ. જ્યાં લાભ ઓછો અને મુશ્કેલીઓ વધારે હોય એવા માર્ગનો સદૈવ ત્યાગ કરી દેવો જોઈએ.

જળમાર્ગ સૌથી અઘરામાં અઘરો માર્ગ છે. એમાં ગમે ત્યારે ગમે તે સમસ્યાનો સામનો કરવાનો આવી શકે છે; દા.ત., વંટોળ, ચાંચિયાઓ અથવા તો લૂંટારા દ્વારા કનડગત અથવા લૂંટ, ભૂલા પડવું, અજાણ્યા પ્રદેશમાં પહોંચી જવું અથવા તો એવા લોકો વચ્ચે પહોંચી જવું જેમની સાથે કોઈ પણ પ્રકારનું કૉમ્યુનિકેશન શક્ય ન હોય. આવા બધા જ સંજોગોમાં મોટી સમસ્યાઓ પેદા થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે.

યાદ રાખો, આપ જે વ્યક્તિ, સંસ્થા કે પ્રદેશ સાથે વ્યવહારમાં હો એ સર્વના સાંસ્કૃતિક વારસાથી તમારું પરિચિત હોવું ઇચ્છનીય જ નહીં, અનિવાર્ય પણ છે. તો જ તમે પૂરતું સમાયોજન સાધી તંદુરસ્ત વ્યવહાર કરી શકશો; અન્યથા અટવાઈ પડશો.

આપણે વેપાર નફા માટે કરીએ છીએ, નુકસાન માટે નહીં. માટે જ વેપારનું સ્થળ એવું પસંદ કરવું જ્યાં આપણને વેપાર કરવામાં સરળતા રહે. પ્રવાસમાર્ગો સુરક્ષિત અને ઓછા ખર્ચાળ હશે તો વેપાર સલામત અને ફાયદાકારક નીવડશે. આપણી વસ્તુ આપણે ધારી કિંમતે વેચીને ધાર્યો નફો મેળવી શકીએ એવાં તમામ ગણિત માંડવાં જ રહ્યાં. જો પ્રવાસખર્ચ જ વધી જશે તો નફામાં તો ઘટાડો થશે જ થશે; વેપાર એવા સ્થળે કરવો જ્યાંના લોકો અને વાતાવરણ આપણા અને આપણા વેપાર માટે અનુકૂળ હોય, પ્રતિકૂળ પ્રદેશમાં કોઈ પણ વ્યવહાર કરવો અહિતકારક છે. ચાણક્ય સાહસના પુરસ્કર્તા છે, પણ સાહસ ગણતરીપૂર્વકનું અને પરિણામદાયી હોવું જરૂરી છે.

સ્વાવલંબી બનો

कष्टं च खलु मूर्खत्वं कष्टं च खलु यौवनम्।
कष्टात्कष्टतरं चैव परगेहनिवासनम्॥

મૂર્ખતા દુ:ખદાયક છે, યૌવન પણ દુ:ખદાયક છે, પરંતુ બીજાના ઘરે રહેવું એટલે પરવશ થવું તે તો સૌથી વધારે કષ્ટદાયક બાબત છે.

સમાજમાં મૂર્ખ વ્યક્તિનું કયાંય સ્થાન હોતું નથી. તેની સાથે કોઈ સંબંધ રાખવા માગતું નથી. તેને યોગ્ય-અયોગ્યનું ભાન હોતું નથી એટલે તે કાયમ ખોટા નિર્ણય લે છે અને દુ:ખી થાય છે. જુવાની પણ જરા જુદી રીતે કષ્ટદાયક છે. યૌવન ઘૂઘવતા સાગર સમાન છે. તેનાં મોજાંઓને જો વિવેકયુક્ત પાળ ન મળે તો તે આખું જીવન બરબાદ કરી નાખે છે. જો કોઈને જુવાનીના જોશમાં અહંકારરૂપી નશો ચડી જાય તો તે અયોગ્ય નિર્ણય લઈ બેસે છે. યુવાનોમાં ઘણી તાકાત છે, પણ તેને યોગ્ય દિશાની જરૂર છે. આ બંને કષ્ટનો ઉપાય યોગ્ય માર્ગદર્શનનો સ્વીકાર છે. જો મૂર્ખ અને યુવાન અહંકાર ભૂલી યોગ્ય સલાહનો સ્વીકાર કરે તો આ કષ્ટમાંથી બચી શકે છે. આ બંને કષ્ટ કરતાં પણ મહાકષ્ટ તો પોતાના માથે છાપરું ન હોવું તે છે. તે સૌથી મોટી કમનસીબી છે.

પરવશતા એટલે બીજાના આશરે રહેવું, બીજાની કૃપા પર જીવવું. કહેવાય છે કે સ્વતંત્રતા સુખ છે અને પરાધીનતા દુ:ખ છે. પરાધીન વ્યક્તિ પોતાની સ્વતંત્રતા ગુમાવી દે છે અને ગુલામી જેવું બીજું કલંક કોઈ નથી.

ઉછીની મૂડીથી ધંધો ન કરો. એ નરી મુર્ખતા છે. એ જ રીતે કોઈને ઇશારે સંચાલન ન કરો. જે કંઈ કરો પોતાના બળ પર કરો. સમયસર નાની-મોટી પોતાની માલિકીની જગ્યા લઈ લો. યાદ રાખો: સફળતાને સ્વતંત્રતા સાથે સીધો સંબંધ છે. શું તમે બજારમાં બેઠા છો? તો હંમેશાં એટલો ખ્યાલ રાખો બજારને જેવી ખબર પડશે કે તમારી પાસે રોકાણ કરવા મૂડી નથી, બજાર આખું તમારાથી મોઢું ફેરવી લેશે. તમારું કંઈક આગવું હશે તો જ તમારી ગણના થશે. પારકી આશ સદા નિરાશ.

ન બોલ્યામાં નવ ગુણ

उद्योगे नास्ति दारिद्र्यं जपतो नास्ति पातकम्।
मौने च कलहो नास्ति नास्ति जागरिते भयम्॥

જેમ પુરુષાર્થથી દરિદ્રતા અને જપથી પાપ દૂર થાય છે તેમ મૌન રહેવાથી કલહ અને સદાય સતર્ક રહેવાથી ભયનો નાશ થાય છે.

પુરુષાર્થ એ જ પારસમણિ. પરિશ્રમ-મહેનત કરવાથી જ સફળતા મળે છે અને દરિદ્રતા દૂર થાય છે. ભગવાનનાં નામ જપવાથી પાપ દૂર થાય છે, મન અને આત્મા શુદ્ધ થાય છે, શુદ્ધ કર્મ કરવાની પ્રેરણા મળે છે અને વ્યક્તિ કુકર્મો કરવાથી દૂર રહે છે.

સમય અને સંજોગો જોઈને ઘણી વખત મૌન ધારણ કરવાથી વાદ-વિવાદ ઊભા થતા નથી. મૌન રહેવું મુશ્કેલ છે, પણ તેનું પરિણામ સારું હોય છે. સતત સતર્ક રહેનારને કોઈ ચીજવસ્તુઓનો ડર રહેતો નથી અને તે અપ્રિય સ્થિતિનું નિર્માણ થાય તે પહેલાં જ તેને સંભાળી સે છે.

કોઈ પણ પ્રકારના વિવાદમાં પડો નહીં. માત્ર કામ કરો. બીજાનું અહિત કરવા નહીં, પણ પોતાનું અહિત ટાળવા આંખો સતત ખુલ્લી રાખો. મૅનેજમૅન્ટની ઇમારત મહેનતના પાયા પર ટકેલી છે. મૂંગા રહેશો તો વિવાદથી બચશો. સતર્ક રહેશો તો શત્રુથી બચશો. સતત કાર્યરત રહેશો તો ઉન્નતિને પામશો. 'શુભકામ મેં દેરી કૈસી?' આવો, આટલા સિદ્ધાંતનો હમણાંથી જ અમલ કરો.

પલાયન કરવાની તૈયારી રાખો

उपसर्गेऽन्यचक्रे च दुर्भिक्षे च भयावहे।
असाधुजनसम्पर्के य: पलायति स जीवति॥

અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના સમયે, ઝઘડો કે તોફાન થતાં, રોગચાળો ફેલાતાં, દુકાળ પડતાં, યુદ્ધ થતાં અને નીચ લોકોનો સંગ થતાં જે વ્યક્તિ બધું છોડીને ભાગી જાય છે અને બધાનો ત્યાગ કરી દે છે તે મોતના મુખમાંથી બચી જાય છે.

કહેવાય છે કે, 'જાન બચી તો લાખો પાયે.' જીવન હશે તો શૂન્યમાંથી સર્જન થશે. આ શ્લોકમાં આચાર્ય ચાણક્ય જ્યાં જીવનું જોખમ હોય તે સ્થળનો ત્યાગ કરવાની સલાહ આપે છે. પૂર કે દુકાળ જેવી કુદરતી આફતો પર કોઈનું નિયંત્રણ નથી. તેમાં જો વ્યક્તિ પોતાના ઘર કે વતનનો મોહ રાખે તો તે પોતાનો જીવ બચાવી શકતો નથી.

યુદ્ધ એટલે વિનાશ. તેના ઉન્માદમાં ચારે બાજુ માતમ અને વિનાશલીલાનું જ સર્જન થાય છે. આવા સમયે શાણા મનુષ્યે બધું છોડી પોતાનો જીવ બચાવવા સુરક્ષિત સ્થળે આશ્રય લેવો જોઈએ. ભગવાન કૃષ્ણે પણ દુષ્ટ જરાસંઘના ત્રાસથી પલાયન કરવામાં શ્રેય માન્યું હતું. તેઓ મથુરા છોડીને દ્વારકા આવી વસ્યા હતા.

તે જ રીતે બૂરી સોબત વિનાશનું મૂળ છે. કુસંગ મનુષ્યને પોતાના સંસ્કારો ભૂલવી દે છે. તે હળવા વિષ સમાન છે અને ધીમે ધીમે જીવન કોરી ખાય છે. આથી કુમિત્રનો સાથ જલદીથી છોડી દેવામાં હિત છે.

કંપનીમાં આગ લાગે, હડતાળ થાય, કર્મચારીઓ હિંસા પર ઊતરી આવે કે બહારનાં કોઈક તત્ત્વો અચાનક હલ્લો કરે ત્યારે સૌથી પહેલું કામ સલામત સ્થળે સરકી જવાનું કરો. તાત્કાલિક સામનો કરશો તો જીવથી જશો. થોભો, વિચારો, સમય અનુકૂળ નથી? તો છટકી જાઓ. જીવતો નર ભદ્રા પામશે.

આફત સામે લડો

तावद् भयेषु भेतव्यं यावद्भयमनागतम्।
आगतं तु भयं दृष्ट्वा प्रहर्तव्यमशक्ङ्या॥

જ્યાં સુધી સંકટ અને આપત્તિ દૂર હોય ત્યાં સુધી બુદ્ધિશાળી વ્યક્તિએ તેનાથી ડરવું જોઈએ, પરંતુ જ્યારે મુશ્કેલીઓ આવી જ પડે ત્યારે દરેક વ્યક્તિએ પોતાની પૂરી તાકાતથી તેની સામે લડવું જોઈએ અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

બુદ્ધિશાળી મનુષ્યે સંકટ અને મુશ્કેલીઓથી ડરવું જોઈએ અને તે જ્યારે દૂર હોય ત્યારે જ તે માથા પર ન આવી જાય તેનો ઉકેલ શોધવો જોઈએ, પરંતુ આફતો તૂટી પડે ત્યારે તેનાથી ગભરાઈ જવાથી કોઈ ફાયદો ન થાય. તે વિકટ સંજોગોનો સામનો પૂરી તાકાતથી કરવો જોઈએ. આફત સામે હથિયાર હેઠાં મૂકી દઈને પરાજય તો કાયરો સ્વીકારી લે છે, જ્યારે મહાપુરુષો મુશ્કેલીઓમાંથી પણ પોતાનો માર્ગ મોકળો કરી લે છે.

મંદી કે ખોટની કલ્પનાથી પણ ધ્રૂજી જવાય તો નવાઈ નહીં, પણ જો ખરેખર તેનો સામનો કરવાનો આવે તો ડરો નહીં. ડરથી હંમેશાં દૂર જ રહેવું; કારણ કે ડર તમારી વિચારશક્તિને ક્ષીણ કરી નાખે છે. સંકટ સમયે સમગ્ર શક્તિઓને એકત્રિત કરો અને લડો. સામાન્ય પરિસ્થિતિમાંથી તો બધા બહાર આવે. મહામારીમાંથી બચે એ જ સાચો યોદ્ધો... ધંધો તો ધંધો છે. એમાં તો ચડાવઉતાર આવ્યા જ કરવાના. ચડાવના નશામાં ભાન ભૂલશો તો પ્રતિષ્ઠાથી હાથ ધોશો. ઉતારથી ડરીને ભાંગી પડશો તો માટીમાં મળી જશો. બંને સ્થિતિમાં સભાન રહો. બંને સ્થિતિને પચાવવાની ક્ષમતા કેળવો.

ભર્યામાં ભરવું નકામું

વૃથા વૃષ્ટિ: સમુદ્રેષુ વૃથા તૃપ્તેષુ ભોજનમ્।
વૃથા દાનં ધનાઢ્યેષુ વૃથા દીપો દિવાऽપિ ચ॥

આ ચાર બાબતો વ્યર્થ છે – સમુદ્રમાં વરસાદ, તૃપ્ત થયેલા મનુષ્યને ફરીથી ભોજન આપવું, ધનિકોને દાન અને દિવસે દીપ પ્રગટાવવો.

સમુદ્ર પાણીનો અનંત ભંડાર છે. તેમાં વરસાદ થાય તો કંઈ ફરક ન પડે. ભોજન કરીને ધરાયેલાને ફરીથી ભોજનનો રસથાળ પીરસવામાં આવે તો શું તે ફરી જમશે?

કોઈ પણ કાર્ય સ્થાન, વ્યક્તિ અને સમય જોઈને જ કરવું ઉચિત છે. જેમ દિવસે સૂર્યના પ્રકાશમાં દીપ પ્રગટાવવો વ્યર્થ છે તેમ ધનિક વ્યક્તિને દાન કરવાથી કોઈ ફાયદો થતો નથી. દાન હંમશાં જરૂરિયાતમંદને કરવું જોઈએ.

વ્યર્થ વ્યવહારથી બચો.યાદ રાખો કે તમારો એકેએક વ્યવહાર યોગ્ય હોવો જોઈએ. મૂડીનું રોકાણ યોગ્ય દિશામાં જ થવું જોઈએ. ખર્ચ કરવાનાં અને કાપ મૂકવાનાં ચોક્કસ કારણો હોવાં જોઈએ. તમે શું કરી રહ્યા છો, એ કેમ કરી રહ્યા છો એ બાબતની તમામ સ્પષ્ટતાઓ તમારી પાસે હોવી જોઈએ. જ્યાં સુધી ધંધાનો સવાલ છે; જે કંઈ કરો, કારણ સાથે કરો, કારણ વગર કંઈ જ ન કરો.

તમારા પોતાનામાં વિશ્વાસ રાખો

नाऽस्ति मेघसमं तोयं नाऽस्ति चात्मसमं बलम्।
नाऽस्ति चक्षु:समं तेजो नाऽस्ति धान्यसमं प्रियम॥

વરસાદનું જળ સૌથી શુદ્ધ છે, આત્મબળ સર્વશ્રેષ્ઠ બળ છે, આંખો ઉત્તમ રોશની છે અને અન્ન સૌથી સરસ પદાર્થ છે.

વાદળનું જળ અર્થાત્, વરસાદનું પાણી શુદ્ધ હોય છે. તેના જેવી શુદ્ધતા અન્ય કોઈ જળમાં હોતી નથી. બધા પ્રકારના બળમાં આત્મબળ કે મનોબળ સૌથી શ્રેષ્ઠ છે. વ્યક્તિના કોઈ પણ મનોરથ મજબૂત મનોબળ વિના પૂર્ણ થતા નથી. જેનું મન મજબૂત હોય તેને ઈશ્વર પણ સાથ આપે છે. તે જ રીતે આંખોની રોશની ઉત્તમ છે. જો આંખ જ નહિ હોય તો પ્રકાશમાન સંસાર પણ અંધકાર સમાન છે. બધાં પ્રાણીઓની સૌથી પ્રિય વસ્તુ ભોજન છે.

જગતનું કોઈ પણ કાર્ય કરવા માટેની સૌથી પહેલી શરત છે આત્મવિશ્વાસ. જે વ્યક્તિને પોતાનામાં વિશ્વાસ નથી હોતો તે એક ડગલું પણ નથી ભરી શકતી. માત્ર સિકંદર જ નહીં, તમે પણ જગત સર કરી શકો છો. એનામાં અને તમારામાં એક જ વાતનો તફાવત છે, આત્મબળનો. આત્મબળ અતૂટ હોવું જોઈએ. અવિરત હોવું જોઈએ. અઘરામાં અઘરી પરિસ્થિતિને પહોંચી વળવાની પૂર્વતૈયારી રાખો.

કરો તેવું પામો

स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते॥

વ્યક્તિ પોતે જ કર્મ કરે છે અને તેનું ફળ તેણે પોતે જ ભોગવવું પડે છે. તે પોતે જ જુદી જુદી યોનિઓમાં જન્મ લઈને સંસારમાં ભ્રમણ કરે છે અને પોતાના પુરુષાર્થથી સંસારનાં બંધનો તથા જન્મ-મરણના ચક્રમાંથી છૂટીને મોક્ષ મેળવે છે.

દરેક વ્યક્તિ કોઈ ને કોઈ કર્મમાં મગ્ન હોય છે. તે પોતે જ કર્મ કરે છે અને તેને તેના કર્મ અનુસાર ફળ મળે છે. સારું કર્મ કરે તેને સારું અને કુકર્મ કરે તેને ખરાબ મળે છે. દરેક વ્યક્તિએ પોતાનાં કર્મોનું ફળ ભોગવવું પડે છે.

વ્યકિતને તેનાં કર્મ અનુસાર જુદી જુદી યોનિઓમાં જન્મ મળે છે અને સંસારમાં ભ્રમણ કરે છે. સંસારમાંથી મુક્તિ મેળવવાનો એક જ માર્ગ છે અને તે છે પ્રભુશરણ અને ફળની આશા વિના કર્મયોગ. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, ‘જે મારે શરણે આવે છે તે મને પ્રાપ્ત કરે છે.’ કર્મ કરતા જવું અને ફળની આશા રાખવી નહિ એટલે કર્મયોગ અને બધું ઈશ્વરને અધીન છે તેવી શ્રદ્ધા સાથે કર્મ કરવાં એટલે પ્રભુશરણ.

તમારી પાસે જે કંઈ છે એ તમારાં જ કર્મોનું ફળ છે. એને માટે બીજાને દોષ ન દો. ખૂબ ઊંડું વિચારો. તમારા વર્તમાનના મૂળમાં તમારો ભૂતકાળ જ હશે. તમારી સફળતા કે નિષ્ફળતા, પ્રતિષ્ઠા કે બદનામી, લાભ કે હાનિ બધાંના મૂળમાં તમે જ હશો. તમે જ્યાં છો ત્યાં કેમ છો? – એ શોધવા ભૂતકાળમાં જાઓ. તમને તમારા બધા જ પ્રશ્નોના ઉત્તર મળી જશે, જો સૂક્ષ્મ નિરીક્ષણ કરશો તો. ‘કર ભલા, હોગા ભલા!’

કરે કોઈ ને ભોગવે કોઈ

राजा राष्ट्रकृतं भुंक्ते राज्ञः पापं पुरोहितः।
भर्ता च स्त्रीकृतं पापं शिष्यपापं गुरुस्तथा॥

જેમ રાષ્ટ્રના પાપનું ફળ રાજાને અને રાજાના પાપનું ફળ પુરોહિતને ભોગવવું પડે છે તેમ પત્નીના પાપનું ફળ પતિને અને શિષ્યના પાપનું ફળ ગુરુને ભોગવવું પડે છે.

રાષ્ટ્રનો કર્તાહર્તા અને સમાહર્તા રાજા હોય છે. રાજ્યનાં તમામ કાર્યો તેને આધીન હોય છે. તેની ઇચ્છા વિના એક પાંદડું પણ ફરકી શકતું નથી. સારાં-નરસાં તમામ કાર્યો માટે પ્રજા તેને અને તેના સલાહકારોને જવાબદાર ગણે છે. રાષ્ટ્રના સારા કાર્યનું ફળ રાજાને મળે છે, પણ રાજાના પાપનું ફળ રાજપુરોહિતને મળે છે. રાજપુરોહિત રાજાનો મુખ્ય સલાહકાર ગણાય છે. રાજાના નિર્ણયો માટે તેની સલાહ જ જવાબદાર ગણવામાં આવે છે. પત્ની પાપકર્મો ન કરે તેની જવાબદારી પતિની હોય છે. જો પતિ પોતાની પત્નીને નિયંત્રણમાં ન રાખી શકે તો પત્નીનાં દુષ્કર્મોનું ફળ પતિને જ ભોગવવું પડે છે. પત્નીનાં પાપકર્મોને કારણે તેના પતિને જ બદનામી મળે છે અને સમાજમાં ક્યાંય સ્થાન રહેતું નથી. તે જ રીતે શિષ્યને સાચું માર્ગદર્શન આપવાની ફરજ ગુરુની છે. શિષ્યનાં સારાં કાર્યોનો જશ તેના ગુરુને મળે છે તેમ તેનાં કુકર્મો માટે પણ ગુરુએ આપેલી શિક્ષાને જ જવાબદાર ગણવામાં આવે છે.

કંપનીના વરિષ્ઠ અધિકારી તરીકે તમે તમારી કંપનીની ઓળખ છો. તમારા ઉત્પાદન પર તમારી છાપ છે. એમાં કંઈ પણ ગરબડ થશે, કંપની માથે કોઈ પણ કલંક આવશે તો એનો આરોપ તમારા માથે જ આવશે. જશ માલિકને મળશે, પણ અપજશ તો કર્મચારીના માથે જ ચઢાશે. યાદ રાખો, માલિકની સિદ્ધિ કે પતન કર્મચારી પર સીધી અસર કરે છે. તેવી જ રીતે કર્મચારીઓની આળસ, કામચોરી કે અનીતિ માલિકનું પતન કરે છે. બંને પરસ્પર છે. જ્યાં માલિક અને કર્મચારીઓ વચ્ચે સુભગ સમન્વય રચાય છે ત્યાં જ સિદ્ધિ છે.

સ્પષ્ટવકતા બનો

धन-धान्यप्रयोगेषु विद्यासंग्रहणेषु च।
आहारे व्यवहारे च त्यक्तलज्जः सुखी भवेत्॥

જે વ્યક્તિ લેણદેણમાં, વિદ્યા કે હુન્નર શીખવામાં, ભોજન સમયે અને વ્યવહારમાં શરમ-સંકોચ છોડી સ્પષ્ટ વાત કરે છે તે જ સુખી થાય છે.

કોઈને ઉધાર આપતી વખતે, કોઈની પાસેથી ઉધાર લેતી વખતે, કોઈની પાસેથી પોતાની બાકી નીકળતી રકમ પરત લેતી વખતે કે ચીજવસ્તુઓની લેવડદેવડમાં કોઈ પણ પ્રકારની શરમ રાખવી ન જોઈએ.

મનુષ્ય માટે યોગ્ય એ જ છે કે, તે લેવડદેવડમાં ચોખ્ખો હિસાબ રાખે. વિદ્યા કે હુન્નર શીખતી વખતે વણજોઈતી શરમ ન રાખવી જોઈએ. શીખવાની પ્રક્રિયા દરમિયાન જ્યાં પણ સમજ ન પડે ત્યાં સંકોચ રાખ્યા વિના પૂછી લેવું જોઈએ. જમતી વખતે પણ મિથ્યા શરમસંકોચ રાખ્યા વગર પોતાને શું અનુકૂળ છે એ સ્પષ્ટ જણાવવું જરૂરી છે, નહીંતર ક્યારેક ભૂખ્યા રહેવાની પણ નોબત આવી પડે! સંબંધીઓ સાથે વાણી-વ્યવહારમાં મધુરત્વ, સત્યત્વ અને સ્પષ્ટતા હોવાં જોઈએ. વ્યક્તિએ ખોટાં શરમ-સંકોચ છોડી સદાય સત્ય વાત કહેવી જોઈએ અને વ્યાવહારિક માર્ગ અપનાવવો જોઈએ.

વેપારી સ્પષ્ટવકતા હોવો જોઈએ, તો જ એ બજારમાં ચાલી શકે. ગોળ ગોળ વાત કરવાનો કોઈ અર્થ નથી. ચોખ્ખું સંભળાવવાની હિંમત કેળવે તે જીતે. નિત્ય નવું શીખવાની તૈયારી રાખે તે જ જમાના સાથે કદમ મિલાવી શકે. નવું શીખવામાં શરમ ન ચાલે.

ધન તો વપરાવાથી જ શોભે

गुणो भूषयते रूपं शीलं भूषयते कुलम्।
सिद्धिर्भूषयते विद्यां भोगो भूषयते धनम्॥

ગુણ રૂપની, શીલ કુળની, સિદ્ધિ વિદ્યાની અને યોગ્ય ઉપભોગ ધનની શોભા વધારે છે.

ગુણથી રૂપની શોભા વધે છે. જેમ સોનામાં સુગંધ ભળે તેમ રૂપમાં ગુણ ભળે. સ્વરૂપવાન સ્ત્રી સુશીલ અને ગુણિયલ હોય તો તેની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લાગી જાય છે.

શીલ કે સારા આચરણથી સમાજમાં કુળની પ્રતિષ્ઠા વધે છે. કોઈ પણ વિષય કે વિદ્યામાં નિપુણતા મેળવવી એ બહુ આકરું છે. જો તે સિદ્ધિ મળી જાય તો વિદ્યાની શોભા વધી જાય છે. ધનનો સદુપયોગ થવાથી જ તેની શોભા વધે છે. ધાર્મિક કે સામાજિક કાર્યોમાં લક્ષ્મીનો સદુપયોગ કરવાથી તે શોભી ઊઠે છે.

ગુણવત્તા પ્રોડકટની, શાખ કંપનીની, સફળતા સંચાલકની અને પરફેકટ ઇન્વેસ્ટમેન્ટ મૂડીની શોભા વધારે છે. ધંધાર્થીઓ તો ઢગલાબંધ છે. એમનાથી અલગ કઈ રીતે પડશો? યોગ્ય સ્થળે ધનનું રોકાણ કરો અને સમાજહિતમાં એનો વિનિયોગ કરો. ચારે દિશાઓમાં તમારી વાહવાહ થશે.

કંજૂસનું ધન કાંકરા સમાન

निर्गुणस्य हतं रूपं दुःशीलस्य हतं कुलम्।
असिद्धस्य हता विद्या अभोगेन हतं धनम्॥

ગુણહીનનું રૂપ, દુરાચારીનું કુળ અને અયોગ્ય વ્યક્તિની વિદ્યા નષ્ટ થાય છે. ધનનો યોગ્ય દિશામાં ઉપયોગ ન કરવાથી તેનો પણ નાશ થાય છે.

વ્યક્તિ સ્વરૂપવાન હોય પણ ગુણવાન ન હોય તો તેનું રૂપ કશા કામનું નથી. સુંદરતા સાથે સુશીલતા હોવી જરૂરી છે. સ્ત્રીની સુંદરતા ગુણ હોય તો બીલી ઊઠે છે. માણસ તેના ગુણ વડે પૂજાય છે, રૂપને કારણે નહિ.

દુર્ગુણોથી દુર્ગુણીનું કુળ વગોવાય છે. સમાજમાં તેને ક્યાંય સ્થાન મળતું નથી. દુરાચરણથી વ્યક્તિનું સામાજિક, આર્થિક અને નૈતિક – એમ ત્રણે સ્તરે પતન થઈ જાય છે. તેના કુળની પ્રતિષ્ઠાનું ધોવાણ થઈ જાય છે.

વિદ્યા યોગ્ય વ્યક્તિ પાસે જ શોભે અને ખીલે છે. અયોગ્ય વ્યક્તિ પાસે તેનો સદુપયોગ કેવી રીતે કરવો તેનું જ્ઞાન ન હોવાથી વિદ્યા નાશ પામે છે. તે જ રીતે લક્ષ્મીનો સદુપયોગ ન થવાથી તે પણ નકામી બની જાય છે. ધન સારા માર્ગે ખરચાય તો જ ખપનું.

ક્વૉલિટી વગરની બ્રાન્ડ, ભ્રષ્ટાચારી સંસ્થા અને માણસાઈ વગરની આવડત દેવાળું ફૂંકે છે. મૂડીનું યોગ્ય ધંધામાં ઇન્વેસ્ટમેન્ટ ન થાય તો તે ડૂબે જ છે. તમારી ગુણવત્તાને ટકાવી રાખો. જ્યાં સુધી બજારમાં તમારી શાખ છે ત્યાં સુધી તમારા બિઝનેસને ઊની આંચ નહીં આવે. વિચારો સર્જનાત્મક કરો. એને સારી દિશામાં વાળો. માત્ર ધંધાને જ નહીં, ધંધા સાથે સંકળાયેલી દરેક વ્યક્તિ અને સમાજને પણ ધ્યાનમાં રાખો. નફો રળવા સમાજ માટે નુકસાનકારક હોય એવું ઉત્પાદન ટાળો અને હા, જે કંઈ કરો – લાંબા ગાળાનાં પરિણામોને ધ્યાનમાં રાખીને કરો. તમારો વિજય નિશ્ચિત છે. ધન સંઘરી રાખવાથી વધતું નથી – ઊલટાનું કટાઈ જાય છે. એને 'વહેતું' રાખો.

પોતાનું છે એને જ શ્રેષ્ઠ માનો

आत्मवर्गं परित्यज्य परवर्गं समाश्रयेत्।
स्वयमेव लयं याति यथा राजाऽन्यधर्मत: ॥

જેમ સ્વધર્મનો ત્યાગ કરી બીજા ધર્મનો આશ્રાય લેનાર રાજા નાશ પામે છે, તેમ પોતાના સમુદાયને છોડી બીજા સમુદાયનો આશરો લેનાર મનુષ્ય નષ્ટ થાય છે.

ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું છે કે, ગમે તેવો હોય તોપણ પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે. માણસે પોતાના ધર્મના આશ્રયે જ રહેવું જોઈએ. બીજા ધર્મનો આશ્રય લઈ પોતાના ધર્મનો ત્યાગ કરવો દ્રોહ કર્યા સમાન છે. અહીં ધર્મનો અર્થ 'કર્તવ્ય' કરવાનો છે. પોતાનું કાર્ય ઉત્તમ રીતે પાર પાડવું એ જ તે જ રીતે પોતાના સમુદાય સાથે દ્રોહ કરીને બીજા સમુદાય સાથે ભળે તે વ્યક્તિ પણ નાશ પામે છે. પોતાના સમુદાયના લોકો સાથે રહેવાથી વ્યક્તિનાં મૂળિયાં સચવાઈ રહે છે, જ્યારે બીજા સમુદાયના લોકો વચ્ચે રહેવાથી મનુષ્યનું સંસ્કારભાથું નાશ પામે છે. આ વાત ગામ છોડી શહેરમાં વસવાટ કરનારાઓને અને દેશ છોડી વિદેશમાં વસનારાઓને કેવી આબાદ લાગુ પડે છે!

પોતાના ધંધાને પ્રેમ કરો. પોતાનો ધંધો જ સર્વશ્રેષ્ઠ છે એવું માનો. વધુ નફાની લાલચમાં આવીને બીજાનો ધંધો ન અપનાવો. તમે જે ધંધા સાથે જોડાયેલા છો એના વિશે તમે માહિતગાર હશો. એ ધંધા સાથે જોડાયેલી નાનામાં નાની વાત કે માહિતીથી તમે વાકેફ હશો. પરિણામે તમને વ્યવહાર કરવામાં સરળતા રહેશે. પારકા ધંધાથી તમે અજાણ છો એનાં ગણિતોથી તમે વાકેફ નથી. પરિણામે તમે ત્યાં ફાવી શકશો નહીં. ત્યાંના લોકો તમારી અણઆવડત અને તમારા અજ્ઞાનનો ભરપૂર ગેરલાભ ઉઠાવશે. જ્યાં સુધી સત્ય બહાર આવશે ત્યાં સૂધી તમે છેતરાઈ ચૂકયા હશો. પછી તો પેલી કહેવત છે જ ને 'ધોબી કા કુત્તા ન ઘર કા, ન ઘાટ કા.' ખેતી હંમેશાં પોતાના ખેતરમાં જ કરો, કારણ કે એની રજ રજથી તમે માહિતગાર છો. બીજાનું ખેતર કેવું છે, એની ફળદ્રૂપતા કેવી છે, એમાં કયા પ્રકારનો પાક સારો પાકે છે, એનાથી તમે અજાણ છો. એમાં ખેતી કરવા જશો તો મહેનત અને મૂડી બંને ખોવાનો વારો આવશે.

પુરુષાર્થ કરો

अनागतविधाता च प्रत्युत्पन्नमतिस्तथा।
द्वावेतौ सुखमेधेते यद्भविष्यो विनश्यति॥

ભવિષ્યની મુશ્કેલીઓને દૂર કરવા જે અગાઉથી જ સજ્જ હોય છે અને જે વ્યક્તિ આપત્તિ આવી પડતાં તેને દૂર કરવાના ઉપાય વિચારે છે – આ બે પ્રકારના લોકો સુખે જીવી શકે છે. 'ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે' – એવું વિચારી બેસી રહેનારી વ્યકિત નાશ પામે છે.

ભવિષ્યની ફિકર ન કરતાં વર્તમાનમાં જીવવું જોઈએ. ભાગ્યમાં લખ્યું છે તેવું થશે એમ વિચારી બેસી રહેનાર વ્યક્તિ ખતમ થઈ જાય છે. સંઘર્ષ કરે તેને જ સફળતા મળે છે. આવી પડેલા પડકારો ઝીલી સતત લડતો રહે તેને જ જીવનરૂપી કુરુક્ષેત્રમાં જીત પ્રાપ્ત થાય છે.

સંઘર્ષ જ સત્ય છે. 'આ અઘરું છે', 'આ મારાથી નહીં થાય', 'આપણાં નસીબ નહીં હોય' વગેરેનો હમણાં જ ત્યાગ કરો. બધું જ શક્ય છે. જો સાચું આયોજન અને પૂરતી મહેનત હોય તો... પુરુષાર્થ આગળ પ્રારબ્ધ કશી વિસાતમાં નથી. હાથ જોડીને બેસી ન રહો. નસીબનો વાંક ન કાઢો. મહેનત કરો. હિંમતે મર્દા તો મદદે ખુદા.

પારકી પંચાતમાં ન પડો

अनालोक्य व्ययं कर्ता ह्यनाथः कलहप्रियः।
आतुरः सर्वक्षेत्रेषु नरः शीघ्रं विनश्यति॥

જે વ્યક્તિ વગર વિચાર્યે, પહોંચ કરતાં વધુ ખર્ચ કરે છે, જેને કોઈનું સંરક્ષણ નથી, છતાંય લડાઈ-ઝઘડા કર્યા કરે છે અને બધાં જ ક્ષેત્રોમાં ચંચુપાત કરવા ઉતાવળો થાય છે એ મનુષ્ય જલદી નાશ પામે છે.

અહીં આચાર્ય જણાવે છે કે વ્યક્તિએ હંમેશાં પોતાની ક્ષમતા મુજબનો ખર્ચ કરવો જોઈએ. અસુરક્ષિત અવસ્થામાં અને પૂર્વ તૈયારી વગર ક્યારેય લડાઈ કરવી જોઈએ નહીં. સુરક્ષિત અવસ્થામાં પણ બને ત્યાં સુધી લડાઈ ઝઘડાથી દૂર રહેવું જોઈએ. અને હા, મનુષ્યે માત્ર પોતાના જ ક્ષેત્રમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ. અન્યના ક્ષેત્રમાં અકારણ અને નકામો ચંચૂપાત ન જ કરવો જોઈએ. એ અક્ષમ્ય અપરાધ છે અને એનાં ફળ પણ અતિ ઘાતક હોય છે.

ખર્ચામાં માપ નહીં રાખો તો ગમે તેટલું નાણું હશે તે ચોક્કસ ખૂટી જશે. દેવું તો ન જ કરો. ઝઘડાથી દૂર રહો. બીજાનાં ક્ષેત્રોમાં ચંચુપાત ન કરો. જો એ લોકો તમારા ક્ષેત્રમાં ચંચુપાત કરવા માંડશે તો તમે પતી જશો. જ્યાં સુધી તમે કોઈને નહીં નડો, કોઈ તમને નહીં નડે. તમે ધંધાદારી છો. તમને ધંધો શોભે, પારકી પંચાત નહીં.

આયોજનપૂર્વક, વ્યવસ્થિત કાર્ય કરો

अनवस्थितकार्यस्य न जने न वने सुखम्।
जने दहति संसर्गो वने सङ्गविवर्जनम्॥

કઢંગું કામ કરનારને ન સમાજમાં સુખ મળે છે અને ન તો તે જંગલમાં સુખ પામે છે. સમાજમાં મનુષ્યોનો સાથ તેને દુ:ખી કરે છે, જ્યારે જંગલમાં એકલતા.

કોઈ પણ આયોજન કે નીતિનિયમો વિના કામ કરનારી વ્યક્તિને જીવનમાં નિષ્ફળતા જ મળે છે. દરેક પરિસ્થિતિ તેના માટે કષ્ટદાયક જ હોય છે.

આયોજન વગરનાં કામમાં કશો ભલીવાર રહેતો નથી. તેથી જે કંઇ કામ હાથમાં લો તેને પદ્ધતિસર, વ્યવસ્થિત રીતે પાર પાડો. તો તમારું કામ દીપી ઊઠશે અને તમારી પ્રશંસા થશે. આયોજન વગરની બધી ઊડઝૂડ મહેનત પાણીમાં જશે અને ઊલટાની હાંસી થશે.

મંજિલ તો મળશે જ, જો પગલાં મક્કમ હશે

यद्दूरं यद्दुराराध्यं यच्च दूरे व्यवस्थितम्।
तत्सर्वं तपसा साध्यं तपो हि दुरतिक्रमम्॥

જે વસ્તુ ખૂબ દૂર છે, જેને મેળવવા આકરી તપસ્યા કરવી પડે છે અને જેનું અસ્તિત્વ છે, પણ ત્યાં પહોંચવા માંટે ખૂબ મહેનત કરવી પડતી હોય છે એ તમામ વસ્તુને આકરા તપ દ્વારા જમેળવી શકાય છે.

ઘણી વાર કોઈક વસ્તુને જોઈને આપણને થાય છે કે આ કરવું મારા માટે શક્ય નથી. તેને જોઈને લાગે છે કે તેને મેળવવી અઘરી નથી, પણ અશક્ય જ છે. જો તમે એવું માનતા હો તો તમે ખોટું વિચારો છો. ચાણક્ય કહે છે કે જેનું ખરેખર કોઈ અસ્તિત્વ છે, તેવી એકેય વસ્તુ એવી નથી કે તેને ન મેળવી શકાય. તેની પૂર્વશરત માત્ર એટલી જ છે કે વ્યક્તિ અથાગ પરિશ્રમ અને આકરા તપ દ્વારા જ તેને મેળવી શકે છે. તેને લાયક બની શકે છે.

આપે કશુંક ધાર્યું છે? ત્યાં સુધી પહોંચવાના રસ્તા આપ શોધી રહ્યા છો? એ રસ્તે આવનારી અગવડોને પહોંચી વળવાની આપની તૈયારી છે? આપ આપનું સર્વસ્વ દાવ પર લગાવી ચૂકયા છો? આપ મક્કમ છો? આપની નજર એ સિવાય બીજા કશાને નથી જોતી? આપ જે કંઇ કાર્ય કરો છો, સંબંધો વિકસાવો છો, સમજણ કેળવો છો, સંશોધન કરો છો, પરિશ્રમ કરો છો એ બધાંના મૂળમાં તમારી ત્યાં સુધી પહોંચવાની તાલાવેલી છે? તો લખી રાખો, આપને એ મળીને જ રહેશે. પછી ભલે ને એ સ્વયં ઇશ્વર જ કેમ ન હોય!

દુ:ખતી રગ કોઇને ન બતાવો

अर्थनाशं मनस्तापं गृहे दुश्चरितानि च।
वञ्चनं चाऽपमानं च मतिमान्न प्रकाशयेत्॥

બુદ્ધિશાળી મનુષ્યે પાંચ વાતો પોતાના મનમાં જ રાખવી જોઈએ-ધનનો નાશ, મનમાં થયેલું દુ:ખ, પત્નીની ચાલચલગત, પોતે છેતરાયાની બાબત અને પોતાનું અપમાન.

ધન-હાનિ, પત્નીનું ચારિત્ર્ય, છેતરપિંડી અને પોતાનું અપમાન જેવી વાતો બીજી વ્યક્તિને કરવાથી મનુષ્ય પોતે જ હાંસીપાત્ર થાય છે. એટલે આ પાંચ બાબતો વિશે ચૂપ રહેવામાં જ મનુષ્યની ભલાઈ છે.

ધનનો નાશ થવાથી મનુષ્યને પીડા થાય તે સ્વાભાવિક છે. જો પત્નીની ચાલચલગત સારી ન હોય તો વ્યક્તિને માનસિક વ્યથા સહન કરવી પડે છે. જો કોઈ દુષ્ટ ઠગી લે અથવા કોઈ વ્યક્તિ અપમાન કરે તોપણ વ્યક્તિને દુ:ખ થાય તે સ્વાભાવિક છે; પરંતુ મનુષ્યે તે બધે કહેતાં ફરવું નહિ; કારણ કે તેમાં તે વારંવાર અપમાનિત તો થાય જ છે, સાથેસાથે લોકો તેની હાંસી પણ ઉડાવે છે. એટલે આ પ્રકારનું વિષ ચૂપચાપ પી જવું જોઈએ.

અમુક વાતો માત્ર તમારા માટે જ છે. એને તમારી પાસે જ રાખો. જગતને એની જાણ ન થવા દો અને હા, જગતમાં ઘણાં એવા છે જેમને પરપીડનમાં ખૂબ જ આનંદ આવે છે. એમને તમારી દુખતી રગ ન બતાવો; નહીંતર એ તમારું જીવવું હરામ કરી દેશે. વાત ધંધાની હોય કે ઘરની. એને ગમે ત્યાં છુટ્ટી ન જ મુકાય. જીવતરનાં ઝેર જાતે જ પચાવતાં શીખો.

મહત્ત્વાકાંક્ષી બનો

सन्तोषाऽमृत तृप्तानां यत्सुखं शान्त चेतसाम्
असन्तुष्टा द्विजा नष्टाः सन्तुष्टाश्च महीभृत:।
सलज्जा गणिका नष्टा निर्लज्जाश्च कुलाग्ङ़ना:॥

આ ચારનો નાશ થાય છે – અસંતોષી બ્રાહ્મણો, સંતોષી રાજાઓ, શરમાળ વેશ્યા અને બેશરમ દુરાચારી કુળવધૂઓ.

બ્રાહ્મણ સંતોષી હોવો જોઈએ. જે બ્રાહ્મણ સંતોષી હોતો નથી તેને સમાજમાં કોઈ માન-સમ્માન આપતું નથી.

બ્રાહ્મણને સંતોષ હોવો જોઈએ, પણ રાજાને સંતોષી થવું ન પાલવે. તેને જો ધન અને રાજ્યનો સંતોષ થઈ જાય તો તેના રાજ્યનો વિકાસ થતો નથી. તેનો સંતોષ જ તેના માટે શત્રુ સમાન હોય છે. રાજાએ એનું રાજ્ય સતત વિસ્તારતાં રહેવું જોઈએ.

વેશ્યાનો વ્યવસાય જ બેશરમીનો છે. જે વેશ્યા શરમાય તેને રોજીરોટી ક્યાંથી મળે? તેની શરમ તેનો નાશ કરે છે જ્યારે કુળવધૂની નિર્લજ્જતા તેના નાશ માટે જવાબદાર હોય છે.

દુરાચારી કુળવધૂને કોણ રાખે? તેને ક્યાંય સ્થાન મળતું નથી. તેનો નાશ પણ ઝડપથી થાય છે.

ધંધાદારી વ્યક્તિને ક્યારેય એના કામથી, એની આવડતથી, એના ધંધાના વિકાસથી કે નફાથી સંતોષ ન જ થવો જોઇએ. જે ક્ષણે એનામાં સંતોષ પ્રવેશશે એ ક્ષણે જ એનો વિકાસ અટકી જશે. યાદ રાખો, ધંધાનું ક્ષેત્ર અસીમ છે. એના વિકાસને કોઇ છેડો નથી. સમગ્ર વિશ્વ એનું બજાર છે. સમર્થ ધંધાદારી નક્કી કરે તો પોતાના ધંધા થકી સમગ્ર વિશ્વ પર શાસન ચલાવી શકે, તમે પણ...

સ્વચ્છ, સુઘડ રહો

कुचैलिनं दन्तमलोपसृष्टं बह्वाशिनं निष्ठुरभाषिणं च।
सूर्योदये चास्तमिते शयानं विमुञ्चति श्रीर्यदि चक्रपाणि:॥

ગંદાં કપડાં પહેરનાર, ગંદા દાંતવાળા એટલે કે દાંતની સફાઈ ન રાખનાર, અતિશય ખાનાર, નિષ્ઠુર વેણ બોલનાર, સૂર્યોદય સમયે અને સૂર્યાસ્ત સમયે સૂઈ રહેનાર વ્યક્તિને લક્ષ્મી, આરોગ્ય, સુંદરતા અને શોભા ત્યજી દે છે. એ વ્યક્તિ ભલે ને વિષ્ણુ પોતે જ કેમ ન હોય!

આચાર્ય ચાણક્ય અહીં શિસ્ત અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવે છે. આ શ્લોક દ્વારા જાણવા મળે છે કે આચાર્ય ચાણક્ય મનની ચોખ્ખાઈના તો આગ્રહી હતા જ, પણ સાથે શારીરિક ચોખ્ખાઈને પણ જરૂરી માનતા હતા. તેમણે આળસુ અને અશુદ્ધ વ્યક્તિઓને સુધરી જવા ચેતવણી આપી છે.

મોટા ભાગની વ્યક્તિઓ પહેલાં તમને જુએ છે. પછી તમારા વર્તનને જુએ છે. પછી તમારી આવડતને. ક્યાંક એવું ન બને કે તમારો દેખાવ કે તમારું વર્તન તમારી આવડત આડેના અવરોધો બની જાય. માટે જ શિસ્તમાં રહો, સ્વચ્છ રહો, જીવનમાં જ નહીં, કામમાં પણ. એટલું હશે તો... આવડત તો દેખાશે જ. સુંદર અને સુઘડ વસ્ત્રો તેમ જ વાણીવર્તનથી કોઈ પણ વ્યક્તિ સમાજમાં આવકાર પામે છે. સમુદ્રમંથનમાંથી અમૃત પણ નીકળ્યું હતું, વિષ પણ નીકળ્યું હતું, લક્ષ્મી પણ નીકળી હતી. પિતાંબરધારી પ્રભાવશાળી વિષ્ણુને સમુદ્રે લક્ષ્મી વરાવી દીધી અને ચર્મવસ્ત્ર પહેરીને ઊભેલા શિવજીને ઝેર મળ્યું!

વેપાર અધ્યક્ષની જવાબદારીઓ

पण्याध्यक्ष: स्थलजलजानां नानाविधानां पण्यानां
स्थलपथवारिपथोपयातानां सारफलवर्धान्तरं प्रियाप्रियता
च विद्यात्। तथा विक्षेपसंक्षेपक्त्रयविक्त्रयप्रयोगकालान्॥

વેપારીને-

*** સ્થળ, જળ (વેપારજગતમાં ગમે ત્યાં) ઉપલબ્ધ વસ્તુઓ વિશે,**

*** જુદા જુદા સ્થળેથી વેચાવા માટે આવતી અનેક વસ્તુઓના સાપેક્ષ (જેની સીધી તુલના થઈ શકે તેવા) મહત્ત્વની વસ્તુઓની માંગ અને તેની પૂર્તિની સ્થિતિ વિશે,**

*** લોકોની પસંદગી અને નાપસંદગી વિશે,**

*** ઓછી માંગવાળા અને વધારે માંગવાળા પદાર્થોની ઉપલબ્ધિ વિશે,**

*** તેમ જ ખરીદવેચાણના યોગ્ય સમય વિશે, પૂરેપૂરી જાણકારી હોવી જોઈએ.**

આ શ્લોકમાં આચાર્ય ચાણક્યના કહેવાનો ભાવ કંઈક આવો છે: વેપારી ખૂબ જ કાબેસ, બજાર અને ગ્રાહક બંનેની નાડી જાણકાર, તેમ જ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય સાથે તાલમેલ કેળવી સ્થળ, સમય અને સંજોગ પ્રમાણે વેપાર-વાણિજ્ય સંબંધિત કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવાની કુશળતા ધરાવતો હોવો જોઈએ.

વેપાર એ જ કરી શકે છે જેને વેપાર સાથે સંલગ્ન તમામ બાબતોનું જ્ઞાન હોય. વેપાર ક્યાં કરવો, કોની સાથે કરવો, કયા સમયે અને કયા સંજોગોમાં કરવો, કઈ વસ્તુની ઓછી માંગ છે, કઈ વસ્તુની વધુ માંગ છે, તે વસ્તુઓ સહેલાઈથી કેવી રીતે મેળવી શકાય? એ તમામ પાસાંઓનો વિચાર કરીને વેપારનો આરંભ કરનાર વેપારી જ જીતી શકે છે.

સરકારી સામાન વેચતા વેપારીની ફરજ

**पण्याधिष्ठातारः पण्यमूल्यमेकमुखं काष्ठद्रोण्या-
मेकच्छिद्रापिधानायां निदध्युः। अह्नश्चाष्टमे भागे
पण्याध्यक्षस्यार्पयेयुः इदं विक्रीतमिदं शेषमिति।
तुलामानभाण्डकं चार्पयेयुः। इति स्वविषये व्याख्यातम्।**

સરકારી સામાન(વસ્તુઓ) વેચનાર વેપારીએ વેચાણમાંથી થયેલ આવકને કાણાવાળા ઢાંકણથી બંધ કરેલ લાકડાની પેટીમાં રાખવી. દિવસના આઠમા ભાગમાં (સાંજે) આટલું વેચાયું, આટલું બાકી રહ્યું એમ કહીને યોગ્ય અધિકારીને સોંપવું. ત્રાજવાં, વજનિયાં(બાટ) વગેરે પણ સોંપી દેવાં.

સરકારી સામાન વેચનાર વેપારીની ફરજ સ્પષ્ટ કરતાં આચાર્ય કહે છે કે તેણે દિવસ દરમિયાન વેચાણમાંથી પ્રાપ્ત થયેલ આવકને કાણાવાળા ઢાંકણથી બંધ કરેલ લાકડાની પેટીમાં રાખવી, જેથી કરીને એની જાણબહાર કે જાણમાં કોઈ એમાંથી ઉચાપત ન કરી શકે. એ જ રીતે દિવસના આઠમા ભાગમાં એટલે કે સાંજે તેણે દિવસ દરમિયાન થયેલ વેચાણ વિશે સ્પષ્ટતા કરી વેચાયેલ માલમાંથી ઉપલબ્ધ આવક અને નહીં વેચાયેલ માલ યોગ્ય અધિકારીને સુપરત કરવાં જોઈએ. અધિકારીએ પણ બાકી રહેલ માલ અને આવેલ આવક બંનેનો તાળો મેળવી લેવો જોઈએ. એ જ રીતે વેચાણ અધિકારીએ પોતાનાં ત્રાજવાં અને વજનિયાં પણ જમા કરાવી લેવાં જોઈએ. આમ કહેવા પાછળનો આચાર્યનો હેતુ એ છે કે અધિકારી ઇચ્છે તો ત્રાજવાં અથવા તો વજનિયાંને પોતાને ઘરે લઈ જઈને વજનિયાંના વજનમાં કે ત્રાજવાંનાં બે પલ્લાંમાં કશોક ગોટાળો કરી શકે છે અને એ રીતે એ ઉચાપત કરી શકે છે. એ એવું ન કરે અને ગ્રાહકો છેતરાય નહીં એ હેતુથી જ આચાર્યે આ સલાહ આપી છે.

અધિકારીનું કાર્ય છે પોતાને સોંપવામાં આવેલી જવાબદારીને પ્રામાણિક્તાપૂર્વક નિભાવવી. એ માટે તેણે પોતાના તમામ વ્યવહારો ઊજળા રાખવા જોઈએ. એ જ રીતે ઉપરી અધિકારીએ પોતાના કર્તવ્યના ભાગ રૂપે પોતાના હાથ નીચેના અધિકારીને સોંપાયેલ જવાબદારીઓનું અને એમની કામગીરીઓનું સતત નિરીક્ષણ કરવું જોઈએ. બેય પલ્લાં સરખાં હશે તો ક્યારેય કોઈ પણ પ્રકારની ગરબડ થવાનો સવાલ જ પેદા નહીં થાય.

મજબૂત સંગઠન રચો

बहूनां चैव सत्त्वानां समवायो रिपुञ्जयः।
वर्षधाराधरो मेघस्तृणैरपि निवार्यते॥

સામાન્ય વ્યક્તિઓનો સમુદાય – તેઓનું સંગઠન શક્તિશાળી દુશ્મનને પણ સરળતાથી હરાવી શકે છે – જેવી રીતે એકત્રિત કરેલાં તણખલાંનું છાપરું જળની ધારાને ઘરમાં પડતાં રોકે છે.

જે પરિવારમાં મતભેદ હોય છે, અરસપરસ એકતાનો અભાવ હોય છે તે જલદી નાશ પામે છે. તેવી જ રીતે જે પરિવારમાં અથવા તો દેશમાં એકતાની ભાવના જોવા મળે છે, જેઓ ખભેખભા મેળવી એકસાથે કામ કરે છે તેઓ ખતરનાકમાં ખતરનાક દુશ્મનને પણ હરાવી શકે છે. વૃક્ષની એક ડાળી નાનું બાળક પણ સરળતાથી તોડી શકે છે, પણ લાકડાંનો ભારો તોડવો શક્તિશાળી વ્યક્તિ માટે પણ અશક્ય હોય છે.

કળિયુગમાં સંઘ જ શક્તિ છે. સંગઠન બનાવો. તમે જે ધંધા સાથે જોડાયેલા છો એને લગતી વ્યક્તિઓ, સંગઠનો કે સંસ્થાઓ સાથે સંપર્કમાં રહો. બીજાની મુશ્કેલીમાં એમની પડખે ઊભા રહો. એકલા ન રહો; નહિતર આફતના સમયે તણખલાની જેમ ઊડી જશો. સંસ્થામાં પણ શક્તિશાળી યુનિટ ઊભું કરો. ઍનર્જીવાળા સ્ટાફની ભરતી કરો. કોઈ પણ કામનો નિર્ણય લેતાં પહેલાં મિટિંગ યોજો. બધાની સહમતી સાધો. બધાની સહમતી હશે તો જ બધાનો સહકાર સાંપડશે. બધાનો સહકાર સાંપડશે તો જ સિદ્ધિ મળશે.

પુરસ્કાર

तुष्टानर्थमानाभ्यांपूजयेत्।
अतुष्टान् साम-दान-भेद-दण्डै: साधयेत्॥

રાજાએ પોતાના પ્રશાસનમાં સંતોષવૃત્તિથી કામ કરનાર લોકોને બઢતી, પુરસ્કાર વગેરે આપીને સન્માનિત કરવા જોઈએ તેમ જ અસંતુષ્ટ (વિદ્રોહી) લોકોનું સામ, દામ, દંડ, ભેદ જેવી નીતિથી દમન કરવું જોઈએ.

અહીં જણાવ્યા પ્રમાણે રાજાએ પોતાના ગુપ્તચરો દ્વારા પોતાના હાથ નીચે કામ કરનાર દરેક વર્ગના લોકોના કામથી માહિતગાર રહેવું જોઈએ.

જે તે વ્યક્તિ વિશેની પ્રમાણભૂત માહિતી મેળવ્યા બાદ રાજાએ પોતાના પ્રશાસનમાં સંતોષવૃત્તિથી ફરજ અદા કરનાર લોકોને બઢતી, પુરસ્કાર વગેરે આપીને સન્માનિત કરવા જોઈએ; જેથી કરીને એમનો કામ કરવાનો ઉત્સાહ ટકી રહે અને એમની નિષ્ઠામાં વધારો થાય. એવું નહીં કરવામાં આવે તો લાંબે ગાળે એ લોકોનો ઉત્સાહ ઓગળી જશે અને એ લોકોની પોતાના કામમાંથી રુચિ પણ ઘટી જશે. પરિણામે એમના મનમાં રાજા કે રાજ્ય પ્રત્યે, કામ કે વેતન પ્રત્યે અસંતોષ પેદા થશે. આવું થતું રોકવા માટે પણ રાજાએ તેમને સન્માનિત કરવા જોઈએ. એ જ રીતે જે અસંતુષ્ટ જૂથ છે તેમને સામ, દામ, ભેદ, દંડ – ટૂંકમાં, કોઈ પણ રીતે વશમાં રાખવા જોઈએ, કારણ કે રાજાના હાથ નીચે કામ કરતા બધા જ અધિકારીઓ રાજાની અંગત મૂડી છે. તેમની પાસે રાજાનાં રહસ્યો છે. જો કોઈ પણ કારણસર તે લોકો શત્રુપક્ષમાં ભળી જાય તો મોટો અનર્થ થવાની સોએ સો ટકા શક્યતા રહે છે. આથી જ રાજાએ આ બંને પ્રકારના લોકોને બંને પ્રકારના ઉપાયો અજમાવી વશમાં રાખવા જોઈએ.

દરેક વ્યક્તિ કદરની ભૂખી હોય છે. કદર ન થવાથી યોગ્ય વ્યક્તિ પણ અયોગ્ય માર્ગે ફંટાઈ શકે છે. એથી જ યોગ્ય માણસ યોગ્ય જવાબદારીને વળગી રહે અને તેને કશુંક નવું કરવાની પ્રેરણા મળે તે હેતુથી શાસકે વફાદાર અને મહેનતુ કર્મચારીને પુરસ્કૃત કરવો જોઈએ. તે જ રીતે અપ્રામાણિક અને અયોગ્ય માણસોને સજા કરવામાં ન આવે તો તેઓ નિરંકુશ બની જાય છે અને વધારે ભ્રષ્ટાચાર કરવા માંડે છે. આવા સંજોગોમાં રાજાએ તેમને તેમના અપરાધ મુજબનો દંડ પણ કરવો જોઈએ. ટૂંકમાં, શાસક કે સંચાલકના એક હાથમાં ફળ અને બીજા હાથમાં ચાબુક હોવો જોઈએ અને બંનેનો તેણે જરૂરિયાત મુજબ

અને અસરકારક રીતે ઉપયોગ કરવો જોઈએ.

રાજાનું કર્તવ્ય

एवं स्वविषये कृत्यानकृत्यांश्च विचक्षण:।
परोपजापात् संरक्षेत् प्रधानान् क्षुद्रकानपि॥

બુદ્ધિશાળી રાજાએ પોતાના પ્રધાન અને સામાન્ય માણસોને શત્રુપક્ષમાં જતા રોકવા જોઈએ.

આચાર્ય કહે છે કે આ રીતે અર્થાત્ યોગ્ય લોકોને પુરસ્કૃત કરીને અને અયોગ્ય લોકોને દંડીને રાજાએ એ બંને પ્રકારના લોકોને પોતાના વશમાં રાખવા જોઈએ. યોગ્ય લોકો પુરસ્કારથી પોરસાઈને અને અયોગ્ય લોકો દંડથી ડરીને રાજા અથવા તો સંચાલકને તાબે થશે તો જ એ શત્રુપક્ષમાં જતા અટકશે, આથી જ બુદ્ધિશાળી રાજાએ સામ, દામ, ભેદ, દંડ કોઈ પણ નીતિનો ઉપયોગ કરીને પોતાના મંત્રીઓ તેમ જ સામાન્ય માણસોને પોતાના અંકુશમાં રાખવા જોઈએ. જે રાજા આવું નથી કરતો એટલે કે યોગ્યની કદર નથી કરતો અને અયોગ્યને દંડ નથી આપતો એ પોતાના બંને પ્રકારના માણસો ગુમાવીને અંતે બરબાદી પામે છે.

પોતાના માણસોને પોતાના તાબામાં રાખવાનું કૌશલ્ય કેળવી જાણે તે જ શ્રેષ્ઠ સંચાલક. જે સંચાલક પાસે સારાનો સ્વીકાર કરવાની, એની કદર કરવાની અને ખોટાને દંડવાની આવડત નથી એ સાચા અર્થમાં સંચાલક જ નથી. એ સંસ્થા સ્થાપી તો શકે છે, ચલાવી શકતો નથી. આવા સંચાલકને વગર હલેસે દરિયો પાર કરવા નીકળેલા નાવિક સાથે સરખાવવામાં આવે તો એમાં કશું જ ખોટું નથી.

રાજકોષનું રક્ષણ

कोषपूर्वाः सर्वारम्भाः।
तस्मात् पूर्वं कोषमवेक्षेत्॥

(કોઈ પણ) રાજ્યનાં બધાં જ કાર્યો તેના કોષ પર આધારિત હોય છે. તેથી જ (દરેક) રાજાએ પહેલાં કોષ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

રાજ્યનો કારભાર શેનાથી ચાલે? કોષથી અર્થાત્ રાજ્ય પાસેના ઉપલબ્ધ ધનથી. જો રાજ્યધન ખૂટી જાય તો સમગ્ર અર્થતંત્ર ભાંગી પડે અને જેવું અર્થતંત્ર ભાંગી પડે કે શાસનવ્યવસ્થાના ભુક્કા નીકળી જાય. એથી જ રાજાને આચાર્યની સલાહ છે કે રાજાએ સૌથી પહેલું ધ્યાન કોષ પર આપવું.

કોઈ પણ સંસ્થાનાં કાર્યો એના ભંડોળ, એની મૂડી પર આધાર રાખતાં હોય છે. એથી જ દરેક સંચાલકે સતત તેની આવકજાવક પર નજર રાખવી જોઈએ. જે કાર્યોને કારણે મૂડી કે ભંડોળનો વ્યય થતો હોય એ કાર્યો પર ચાંપતી નજર રાખવી જોઈએ. જે ક્ષણે એને અંદેશો પણ આવે કે સંસ્થાનું ભંડોળ ભયજનક હાલતમાં છે એ જ ક્ષણે એની સંપૂર્ણ શક્તિઓ ભંડોળને સમૃદ્ધ કરવામાં લગાવી દેવી જોઈએ, કારણ કે અર્થવ્યવસ્થાનો પાયો જ પૈસો છે. આર્થિક પ્રવૃત્તિ કરતી કોઈ પણ સંસ્થાનું ચાલક બળ પૈસો છે. જેવો પૈસો ખૂટે કે આપોઆપ આખું તંત્ર નબળું પડે. લોકોનો સંસ્થા અને સંચાલક બંનેમાંથી વિશ્વાસ ઓછો થતો જાય. સંચાલક પોતે પણ આર્થિક રીતે પડી ભાંગતાં માનસિક રીતે પણ પડી ભાંગે તો નવાઈ નહીં. આ બધું ન થાય અને બધું જ સમુંસૂતરું ચાલે એ માટે સંચાલકે સતત પોતાનું આર્થિક પાસું મજબૂત રાખવું જોઈએ.

પરિશ્રમીને પુરસ્કૃત કરો

यश्चैषां यथादिष्टमर्थं सविशेषं वा करोति स स्थापमानौ लभेत्॥

જે અધિકારી પોતાને સોંપાયેલ કાર્ય પૂરું કર્યા બાદ રાજ્યને હિતકર એવાં અન્ય કામો પણ સ્વેચ્છાથી પતાવતો હોય એવા અધિકારીને સન્માન તેમ જ બઢતી(પ્રમોશન) આપીને પુરસ્કૃત કરવો જોઈએ.

આચાર્ય ચાણક્ય કહે છે કે જે અધિકારી પોતાને સોંપાયેલ કાર્ય ઉપરાંત વધારાની જવાબદારી સ્વેચ્છાએ જ વહન કરે છે અને સંતોષકારક રીતે પાર પાડે છે તેવા અધિકારીઓને સમયે સમયે બઢતી, પગારવધારો કે પુરસ્કાર આપીને સન્માનિત કરવા જોઈએ. આમ કરવાથી તેમની નિષ્ઠા અને કાર્યક્ષમતામાં પણ ઉત્તરોત્તર વધારો જોવા મળશે; એટલું જ નહીં, એમને જોઈને તેમ જ એમને મળતાં બઢતી, પુરસ્કારો, સન્માન વગેરે જોઈને રાજ્યના અન્ય અધિકારીઓ પણ એ મુજબનું વર્તન કરવા પ્રેરાશે.

દરેક વ્યક્તિ દરેક કાર્ય પોતાની સભાનતાથી કરતી હોય છે. દરેક વ્યક્તિને પોતાનાં કામની નોંધ લેવાય એવી આશા હોય છે. જે ક્ષણે વ્યક્તિની નોંધ લેવાવી બંધ થાય છે એની બીજી જ ક્ષણે એની કાર્યક્ષમતા ક્ષીણ થવા માંડે છે. તમારું તંત્ર ધબકતું રહે એમ ઇચ્છતા હો, તો તંત્ર સાથે સંકળાયેલી દરેક વ્યક્તિના મનને ધબકતું રાખો – જેના યોગદાનથી તમારું તંત્ર ચાલે છે.

ચોરને દંડો

य: समुदयं परिहापयति स राजार्थं भक्षयति।
स चेदज्ञानादिभि: परिहापयति तदेनं यथागुणं दापयेत्॥

જે અધિકારી રાજ્યની આવકમાં ક્રમશ: ઘટાડો નોંધાવે છે તે રાજ્યના ધનની ચોરી કરે છે (એમ સમજવું). (તપાસ કરતાં માલૂમ પડે કે) આવું તેનાં અજ્ઞાન, પ્રમાદ કે આળસને કારણે થાય છે તો તેણે જેટલો ઘટાડો નોંધાવ્યો હોય એના કરતાં બે ગણા કે ત્રણ ગણા ધનનો દંડ કરવો.

આચાર્ય જેવી રીતે પ્રામાણિક કર્મચારીઓને પુરસ્કાર આપવાની સલાહ આપે છે એમ જ એ ભ્રષ્ટ અધિકારીને દંડ આપવાની પણ વાત કરે છે. આચાર્ય કહે છે: જે અધિકારી રાજ્યની આવકમાં ક્રમશ: ઘટાડો દર્શાવે છે એ રાજ્યના ધનની ચોરી કરે છે. રાજાએ એ બાબતની ગંભીરતાથી નોંધ લઈને વિધિસરની તપાસ કરાવવી જોઈએ. તપાસ કરતાં માલૂમ પડે કે આવું તે (ઘટાડો દર્શાવનાર) અધિકારીના અજ્ઞાન, પ્રમાદ કે આળસવૃત્તિને કારણે થયું છે તો તેની પાસેથી નુકસાન થયેલ ધનથી બે ગણું કે ત્રણ ગણું ધન દંડ સ્વરૂપે વસૂલ કરવું જોઈએ. જો આમ નહીં કરવામાં આવે તો તેને છુટ્ટો દોર મળી જશે અને એ પોતાની પરંપરા જાળવી જ રાખશે. વળી અપરાધ કર્યા બાદ પણ એને સલામત જોઈને તેની આજુબાજુવાળા (અન્ય અધિકારીઓ) પણ તેનું અનુકરણ કરવા પ્રેરાશે. એ બધું ન થાય તે માટે પણ રાજાએ તેની પાસેથી કડક રીતે દંડ વસૂલ કરવો જ જોઈએ.

ઉદારતાથી ભૂલ માફ કરવાનું તમારું વલણ મૂર્ખતામાં ન ખપી જાય તે બાબતે સભાન રહો. ગુનેગાર ફરીથી ગુનો ન કરે એ માટે પણ એની પહેલી ભૂલથી પોતે (શાસક) વાકેફ છે એનું એને ભાન થવા દો; એટલું જ નહીં એ ભૂલોની પરંપરા ન સર્જે એ માટે થઈ ને પણ એને દંડો.

શોષણખોરને દંડો

**यः समुदयं व्ययमुपनयति स पुरुषकर्माणि भक्षयति।
स कर्म-दिवस द्रव्यमूलपुरुषवेतनापहारेषु यथापराधं दण्डयितव्यः॥**

જે અધિકારી વાપરવા માટે મળેલાં નિર્ધારિત(ચોક્કસ) નાણાંને ખર્ચ ન કરી બચાવી લે છે તે ગરીબ મજૂરોનાં પેટ કાપે છે. તેવા અપરાધી અધિકારીને કાર્યહાનિનું મૂલ્ય તેમ જ મજૂરો સાથેના અન્યાયનો યોગ્ય દંડ આપવો જોઈએ.

ઉપરના સૂત્ર દ્વારા આચાર્ય કહેવા માગે છે કે અધિકારીને જે કાર્ય કરવા માટે જેટલી રાશિ (ધન) ફાળવવામાં આવી હોય તે અધિકારીએ તે કાર્ય માટે તેટલી રાશિ ખર્ચવી જ જોઈએ. જે અધિકારી એમાંથી બચત કરે છે એ ચોક્કસ ગરીબ મજૂરોનાં પેટ કાપે છે અર્થાત્ એમની મજૂરીમાંથી કટડી કરે છે. આચાર્ય તેને ગંભીર ગુનો ગણે છે. આ ગુના માટે આચાર્ય રાજાને ગુનેગાર અધિકારી પાસેથી કાર્યમાં આવેલ હાનિ અર્થાત્ એના ગોટાળા કરવાને કારણે કામમાં જે ખોટ રહી ગઈ હોય તેટલી ખોટ પૂરી થઈ શકે તેટલી રકમ વત્તા મજૂરો સાથે અન્યાય કરવાના ગુનાસર જે દંડ થતો હોય તે દંડ વસૂલ કરવાની સલાહ આપે છે.

ટૂંકમાં, આચાર્ય કહે છે કે જ્યાં જેટલો ખર્ચ થતો હોય તેટલો કરવો જ, તેટલો જ... (વધારે નહીં, ઓછો પણ નહીં.) નવા વરસના બજેટ પૂર્વે ફાળવાયેલ રકમ ખર્ચાય નહીં તે ગુનો છે. એવી જ રીતે ગરીબોનું શોષણ પણ અન્યાય જ છે. અધિકારીને આ બંને અન્યાયોની સજા થવી જ જોઈએ.

સામાન્ય કર્મચારી ધંધારૂપી વૃક્ષનું મૂળ છે અને કોઈ પણ વૃક્ષના પ્રાણ એના મૂળમાં હોય છે. મૂળને હંમેશાં પોષણ પૂરું પાડો. જે ક્ષણે મૂળનું શોષણ શરૂ થશે એની બીજી જ ક્ષણે ટોચ સુકાવાની શરૂઆત થશે. એ જ વૃક્ષ આકાશને આંબી શકે છે જેનાં મૂળિયાંને પૂરતું પોષણ મળતું હોય.

ભ્રષ્ટ અધિકારીને દંડો

आस्त्रवयेच्चोपचितान्, विपर्यस्येच्च कर्मसु।
यथा न भक्षयन्त्यर्थं भक्षितं निर्वमन्ति वा॥

આર્થિક બાબતોમાં ગરબડ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ વિશે ખબર પડે અને જો એમના પર લગાવેલો આરોપ સિદ્ધ થાય તો (રાજાએ) તેમનું પદ તો પડાવી જ લેવું જોઈએ સાથે એમની બધી સંપત્તિ પણ પડાવી લેવી જોઈએ.

આગળની વાતના અનુસંધાનમાં જ આચાર્યનું કહેવું છે કે જો આ રીતે ગરબડ કરતાં કોઈ અધિકારી પકડાઈ જાય અને એના પર લગાવેલો આરોપ કાયદેસર રીતે સાબિત પણ થઈ જાય તો તરત જ તેનું પદ પડાવી લેવું જોઈએ, કારણ કે ભ્રષ્ટ પદાધિકારી રાજ્યની તિજોરીના ધનનો ચોર છે. આપણે ત્યાં અને બધે જ ચોરીને મહાઅપરાધ ગણવામાં આવ્યો છે. જો મુખ્ય અધિકારી જ ભ્રષ્ટ હશે તો તેના હાથ નીચેના અધિકારીઓ પણ ભ્રષ્ટ થશે. પરિણામે નાણાંની તો ચોરી થશે જ; કર્મચારી પણ ભ્રષ્ટ થશે. વળી જ્યાં જે પ્રમાણમાં ખર્ચ થવાનો હોય તે ખર્ચમાંથી કટકી રૂપે ખોટ પડતાં જે તે કામની ગુણવત્તા પર પણ અસર પડશે. ટૂંકમાં, એક સળંગ સાંકળ રચાશે. જે ન રચાય એટલા માટે તેને પદ પરથી હઠાવી દેવો જોઈએ; તેટલું જ નહીં, એની સમગ્ર સંપત્તિ પણ પડાવી લેવી જોઈએ, કારણ કે એની પાસે જે કંઈ હશે તે બધું ચોરીનું જ હશે, રાજ્યનું જ હશે. ગુનો સાબિત થતાં રાજાએ તે ધન પાછું મેળવી લેવું જોઈએ.

ભ્રષ્ટાચાર સામે આંખમીંચામણાં કરવાથી તો ભ્રષ્ટાચાર વકરે જ. એથી ભ્રષ્ટ અધિકારીને દંડિત કરી દાખલો બેસાડવો જોઈએ. ગુનેગારને નજરઅંદાજ તો ન જ કરાય. એક નાનકડા ગુના બદલ આપવામાં આવેલી માફી બીજા અનેક ગુનાઓની શરૂઆતનાં દ્વાર ખોલી શકે છે. ગુનેગારને નહીં, પણ એની અંદર પડેલી ગુનાખોરીને ખતમ કરવા માટે પણ એને એની ભૂલનું ભાન કરાવવું જ રહ્યું. એ માટે પણ એને સજા કરવી જ રહી.

યોગ્ય અધિકારીને બઢતી

न भक्षयन्ति ते त्वर्थान् न्यायतो वर्धयन्ति च।
नित्याधिकारा:कार्यास्ते राज्ञ: प्रियहिते रता:॥

રાજ્યધન ન હરનારા (ખાયકી ન કરનાર) ન્યાયપરાયણ તથા રાજાના હિતને પ્રિય માનીને રાજ્યની સમૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવાવાળા સચ્ચરિત્ર અધિકારીઓને સ્થાયી પદ પર નિયુક્ત કરવા.

એનાથી ઊલટું જે લોડો પ્રામાણિક છે, નિષ્ઠાવાન છે. રાજ્યની સંપત્તિને પોતાની સંપત્તિ માની એનું રક્ષણ કરે છે, એનો સદુપયોગ કરે છે તેમ જ પોતાનાં કાર્યો વડે રાજ્યની સમૃદ્ધિમાં વધારો કરે છે એવા અધિકારીઓને આચાર્ય ઉચ્ચ પદે નિયુક્ત કરવાની સલાહ આપે છે.

ફળ તો મળવું જ જોઈએ – અયોગ્યતાનું પણ અને યોગ્યતાનું પણ. જેટલું નુકસાન અયોગ્યતા પ્રત્યે આંખમીંચામણાંમાં છે એટલું અથવા એનાથી પણ વધારે નુકસાન યોગ્યતા પ્રત્યે આંખમીંચામણાં કરવામાં છે, એટલા માટે જ લાયક વ્યક્તિની તરત કદર થવી જ જોઈએ.

ઉદાર બનો

कुराजराज्येन कुत: प्रजासुखं कुमित्रमित्रेण कुतोऽस्ति निर्वृति:।
कुदारदारैश्च कुतो गृहे रति: कुशिष्यमध्यापयत: कुतो यश:॥

દુષ્ટ રાજાના શાસનમાં પ્રજા સુખ-શાંતિથી કેવી રીતે રહી શકે? દગાબાજ મિત્રના સંગથી આનંદ કેવી રીતે મળી શકે? દુષ્ટ પત્નીથી ઘરમાં સુખ અને શાંતિ કેવી રીતે જળવાય? મૂર્ખ શિષ્યને વિદ્યાદાન કરવાથી ગુરુને યશ કેવી રીતે મળે?

દુષ્ટ રાજાને પ્રજાનાં સુખ, સમૃદ્ધિ અને શાંતિમાં રસ હોતો નથી. તેને તો માત્ર પોતાના એશઆરામ અને વૈભવમાં રસ હોય છે. આ પ્રકારના નિર્દયી રાજાના શાસનમાં સદાચરણને બદલે દુરાચરણ અને વ્યભિચારને મોકળું મેદાન મળે છે. સજ્જનોનું રહેવું હરામ થઈ જાય છે.

દગાબાજ મિત્ર ક્યારેય વફાદારી કરતો નથી. મિત્ર સુખદુ:ખનો સાથી હોય છે. મિત્રો એકબીજાનાં અનેક રહસ્યો જાણતા હોય છે. આ કારણે દગાબાજ મિત્રના સંગથી કોઈક વખત વ્યક્તિ મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

પત્ની સુશીલ હોવી જોઈએ. ઘરનાં સુખ-શાંતિનો આધાર પત્ની પર જ હોય છે. દુષ્ટ પત્નીને તો માત્ર પોતાની જ ઇચ્છા-આકાંક્ષા પૂરી કરવામાં જ રસ હોય છે. તેનામાં ત્યાગ કરવાની ભાવના હોતી નથી. આવી પત્નીથી ઘરનાં સુખ-શાંતિ જળવાતાં નથી.

મૂર્ખ શિષ્યને વિદ્યાનું દાન ન કરાય તેમ છતાં જો કોઈ ગુરુ કરે તો તે સમાજમાં હાંસીપાત્ર જ થાય.

સંચાલનમાં હિટલરશાહી તો ન જ ચાલે; નહિતર કાળો કેર થાય, અસંતોષ ફેલાય, બળવો થાય, સંસ્થા અને સંચાલક બંને મૂળમાંથી ઊથલી પડે. માટે જ જે કંઈ કરો – સમજીને કરો. નાનામાં નાની વ્યક્તિની શક્તિનો સ્વીકાર કરો, એની કામગીરીને બિરદાવો. દરેક કર્મચારી સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સીધા સંપર્કમાં રહો. એમની તકલીફોને સમજો અને તે તકલીફો નિવારવાના રસ્તા વિચારો, તેમના પર વરસી ન પડો તો કંઈ નહીં, પણ તેમને તરસે તો ન જ મારો. ઉદારવાદી બનો.

કસોટીની મર્યાદા

न दूषणमदुष्टस्य विषेणेवाम्भसश्चरेत्।
कदाचिद्धि प्रदुष्टस्य नाधिगम्येत भेषजम्॥

જેવી રીતે એક વાર ઝેર ભેળવ્યાથી અશુદ્ધ થઈ ગયેલા પાણીને શુદ્ધ નથી કરી શકાતું એવી જ રીતે એક વાર દોષિત ઠેરવેલા માણસને સારા માર્ગે નથી લાવી શકાતો.

આચાર્ય ચાણક્ય સલાહ આપે છે કે આ રીતે કસોટી લેતાં ખરેખર કોઈ નિર્દોષનો ભોગ ન લેવાઈ જાય તેનો ખ્યાલ રાખવો જોઈએ, કારણ કે જેમ શુદ્ધ જળમાં ઝેર ભેળવી દીધા પછી એને ફરીથી શુદ્ધ નથી કરી શકાતું, એમ એક વખત લાલચ આપીને આડે પાટે ચડાવી દેવામાં આવેલી વ્યક્તિને પાછી સીધા પાટે ચડાવવી અઘરી છે. જો એને ખરેખર ગોટાળા કરવાની આદત પડી જાય તો ખૂબ જ ખોટું થાય. આમ, અયોગ્ય રીતે લેવાયેલ પરીક્ષા દ્વારા એક ખરેખર શુદ્ધ વ્યક્તિ દૂષિત થઈ શકવાની સોએ સો ટકા સંભાવના છે; જેથી પરીક્ષા લેનારે પરીક્ષાર્થીનાં લક્ષણોનું પૂરેપૂરું વિશ્લેષણ કર્યા પછી જ એની પરીક્ષા લેવી હિતાવહ છે.

પરીક્ષા તે જ લોકોની કરવી જોઈએ જેમના ચારિત્ર્ય પર તમને શક હોય. નિર્દોષ અને શુદ્ધ માણસોને એમાંથી બહાર જ રાખવા જોઈએ, કારણ કે કેટલીક વાર નિર્દોષ લોકો આવી પ્રક્રિયાનો ભોગ બની ખરેખર ભ્રષ્ટ થઈ જતા હોય છે અને એક વાર ભ્રષ્ટ થઈ ગયેલ વ્યક્તિ ફરી પાછી સીધે પાટે ચડે એવી શક્યતાઓ ખૂબ જ ઓછી હોય છે.

ગુપ્તચર નિયુક્ત કરવા

कृतमहामात्यापसर्पः पौरजानपदानपसर्पयेत्॥

રાજાએ પોતાના પ્રધાનમંત્રી, અન્ય મંત્રીઓ, પુરોહિત અને અમાત્યોનાં ચરિત્ર પારખવા ઉપરાંત નાગરિકોના પોતાના પ્રત્યેના ભાવ (રાગદ્વેષ) જાણવા માટે ગુપ્તચરોની નિયુક્તિ કરવી જોઈએ.

રાજ્યવ્યવસ્થામાં ગુપ્તચરનું સ્થાન ખૂબ આગવું રહ્યું છે. રાજનીતિમાં ક્યારે શું થાય, કોણ શું કરે, કંઈ જ કહેવાય નહીં. રાજા એકલો કેટલી જગ્યાની, કોની કોની ખબર રાખે? રાજ્યમાં ક્યાં શું ચાલી રહ્યું છે? કોણ શું કરી રહ્યું છે? એની રજેરજની માહિતી મેળવવા એકલા રાજાની પહોંચ ટૂંકી પડે. આથી જ આચાર્ય ચાણક્ય રાજાને ગુપ્તચર દ્વારા આ બધી ગતિવિધિઓથી વાકેફ રહેવાની સલાહ આપે છે. આચાર્ય ચાણક્ય કહે છે કે રાજાએ પોતાના પ્રધાનમંત્રીઓ, અન્ય મંત્રીઓ, પુરોહિત અને અમાત્યોનાં (આ બધા રાજ્યવ્યવસ્થાનાં આંતરિક અંગો છે) ચારિત્ર્ય પારખવા તેમ જ પોતાની પ્રજાના, પોતાના પ્રત્યેના ભાવ (રાગદ્વેષ) જાણવા માટે ગુપ્તચરોની નિયુક્તિ કરવી જોઈએ.

આ રીતે રાજા પોતાના તંત્રમાં શું ચાલી રહ્યું છે એનાથી વાકેફ રહી શકે છે. ક્યાંક કશુંક રંધાતું હોય તો તેને દાબી શકે છે. ભૂતકાળમાં આ બધી બાબતોમાં ગાફેલ રહેનાર રાજાઓને એમના વિશ્વાસુ મંત્રીઓએ જ ઉથલાવી દીધાના અનેક દાખલા છે. તેથી રાજાએ પોતાના આંતરિક માણસોથી પણ સતત સતર્ક રહેવું જોઈએ.

એ જ રીતે પોતાની પ્રજાની ખરેખર સ્થિતિ શું છે, પ્રજા પોતાના શાસનમાં સુખી છે કે દુ:ખી, પોતાનાથી ખુશ છે કે નારાજ – રાજાએ એ પણ જાણવું જોઈએ. છેલ્લી ઘડીએ પ્રજા બળવો પોકારે ત્યારે જ રાજાને હકીકતની જાણ થાય અને પસ્તાવાનો વારો આવે તે ખોટું. એવું ન બને એ માટે રાજાએ શરૂઆતથી જ આ બધી બાબતોથી વાકેફ રહેવું જોઈએ.

પણ એને આ બધી બાબતોથી વાકેફ રાખે કોણ?... ગુપ્તચર.

એક સફળ સંચાલક તરીકે તમારા કેટલાક એવા અંગત માણસો અથવા અધિકારીઓ હોવા જોઈએ જે સંસ્થામાં કે સંસ્થા બહાર શું ચાલી રહ્યું છે એની રજેરજની માહિતીથી તમને વાકેફ કરે. એવું થશે તો જ તમારી આગળપાછળ શું ચાલી રહ્યું છે એ જાણીને તમે આગળનું પગલું નક્કી કરી શકશો. સંસ્થા વિશેનો જનમત પણ જાણવો જરૂરી છે.

ગુપ્તચરોની ફરજ

किंवदन्तीं च विद्युः॥

ગુપ્તચરોએ પ્રજામાં ચાલતી કિંવદંતી (લોકવાયકાઓ) પણ જાણવી જોઈએ.

ગુપ્તચરની જવાબદારી રાજા સુધી ગુપ્ત બાબતો પહોંચાડવાની છે. એને કાને પડતી બધી જ બાબતો સત્ય હોય એ જરૂરી નથી. એ જ રીતે માહિતી સત્ય હોય પણ એને રાજ્ય કે રાજા સાથે સીધો કે આડકતરો કોઈ સંબંધ જ ન હોય તો એ માહિતી રાજાને પહોંચાડવાનો કોઈ અર્થ નથી, એ છતાં એણે સતર્ક તો રહેવું જ જોઈએ અને એવી અફવાઓ એણે સાંભળવી જોઈએ જે રાજા સાથે કે રાજ્ય સાથે સંકળાયેસી હોય. એ ઉપરાંત એણે પ્રજામાં હાલ કઈ ચર્ચા જોરમાં છે, લોકો રાજા વિશે કેવા કેવા પ્રકારની ગ્રંથિઓથી પીડાય છે. રાજ્ય કે રાજા સંબંધી કેવી કેવી લોકવાર્તાઓ લોકજીભે ચર્ચાય છે તે બધી જ માહિતી એકત્રિત કરીને રાજાને આપવી જોઈએ, કારણ કે કેટલીક અફવાઓનાં કે લોકવાયકાઓનાં મૂળ કોઈક ને કોઈક સત્ય ઘટનામાં પડ્યાં હોય છે. એથી જ રાજાએ જે તે પ્રકારની વાતોની સત્યતાની ખાતરી પણ કરાવવી જોઈએ. ઘણી વાર જે વાતોને આપણે ગંભીરતાથી નથી લેતા એ વાતો ભવિષ્યમાં ગંભીર પરિણામો આપે છે. આથી જ ગુપ્તચરોએ સત્ય – તથ્યમાં પડ્યા વગર જ લોકમુખે વહેતી બધી જ વાતો સાંભળવી જોઈએ અને તેમાંથી પોતાની બુદ્ધિ પ્રમાણે રાજા માટે કામની હોય એવી વાતો પારખી તે વાતો રાજા સુધી પહોંચાડવી જોઈએ.

ગુપ્તચર અર્થાત્ ગુપ્ત વાતો જાણવા નિમાયેલ માણસે માત્ર સાચી વાતો જ નહીં, અફવાઓથી પણ પોતાના માલિકને વાકેફ કરવા જોઈએ. ગુપ્તચર ખૂબ જ ચાલાક, સ્ફૂર્તિલો, દીર્ઘદ્રષ્ટા અને કાબેલ હોવો જોઈએ. તો જ એ સાંભળેલી વાતની અગત્યતા નક્કી કરી શકશે. વળી, તે સંયમશીલ, પ્રામાણિક અને નિર્ભય હોવો જોઈએ. તો જ એ માલિકને સાચી માહિતી આપશે. અન્યથા લોકોની વાતો માલિકને પહોંચાડવાને બદલે લાલચ કે ભયનો માર્યો તે માલિકની ગુપ્ત વાતો લોકોને જણાવી દે તો નવાઈ નહીં. ટૂંકમાં, ગુપ્તચરની જવાબદારી ખૂબ જ અલાયદી અને અત્યંત મોટી છે. એ વાતનું એને પોતાને ભાન હોવું જોઈએ અને એ મુજબ જ તે વર્તન કરતો હોવો જોઈએ.

અંગરક્ષક કેવો હોવો જોઈએ?

**पितृपैतामहं महासम्बन्धानुबन्धं शिक्षितमनुरक्तं कृतकर्माणं
जनमासन्नं कुर्वीत, नान्यतो-देशीयमकृतार्थमानं स्वदेशीयं
वाप्यपकृत्योपगृहीतम्। अन्तर्वंशिकसैन्यं राजानमन्त:पुरं च रक्षेत्॥**

ચાલી આવતી પરંપરાના – સંબંધથી રાજ્યકુળ સાથે જોડાયેલ પુરુષને જ પોતાના અંગરક્ષક તરીકે નિયુક્ત કરવો જોઈએ. રાજાએ વંશપરંપરાગત અથવા વારસાગત રીતે રાજ્યકુળ સાથે સંકળાયેલ ઉચ્ચ કુળના અને શિક્ષિત પુરુષને જ પોતાના અંગરક્ષકપદે નિયુક્ત કરવો જોઈએ. વિદેશી તેમ જ વિદેશની સેવામાંથી નિવૃત્ત થયેલ વ્યક્તિને ક્યારેય અંગરક્ષકપદ સોંપવું નહીં. અંગરક્ષક સિવાય પણ રાજમહેલના આંતરિક સુરક્ષાકર્મીઓ, અધિકારીઓ તેમ જ રાજાની પણ ફરજ છે કે તે અંતઃપુરનું રક્ષણ કરે.

આચાર્ય કહે છે કે રાજાનો અંગરક્ષક એવો હોવો જોઈએ જેના વડવાઓએ રાજાના વડવાઓના અંગરક્ષક તરીકેની સેવા બજાવી હોય, અર્થાત્, જેનામાં વારસાગત અંગરક્ષક તરીકેના ગુણ હોય, કારણ કે અંગરક્ષક જો નવોસવો હોય તો તેનામાં એ ગુણો કેળવવા પડશે. બીજું કે જે વારસાગત રીતે રાજ્યકુળ સાથે જોડાયેલો હશે એનામાં રાજા પ્રત્યેનાં લાગણી, નિષ્ઠા અને માન વારસાગત રીતે જ ઊતરી આવ્યાં હશે. પરિણામે એની પાસેથી પ્રામાણિકતાની અપેક્ષા રાખી શકાય. બાકી તો તમે જાણો જ છો કે ઇન્દિરા ગાંધીની હત્યા એમના જ અંગરક્ષકોએ કરી હતી.

બીજું એ કે અંગરક્ષક સ્વદેશી હોવો જોઈએ. તો જ એ રાષ્ટ્રની પરંપરાને જાણતો હશે, તો જ એ રાષ્ટ્રની પરંપરાને જાળવી શકશે. સ્વદેશી અંગરક્ષક રાજાથી, રાજાના કુળથી, રાજ્યના હિતેચ્છુઓ અને શત્રુઓથી પરંપરાગત રીતે જ પરિચિત હશે. તે ઉચ્ચ કુળનો અને શિક્ષિત હશે તો સમય આવ્યે પોતાની બુદ્ધિક્ષમતા તેમ જ આવડતથી અચાનક જ કોઈ ગંભીર નિર્ણય લેવાનો આવશે તો યોગ્ય રીતે લઈ શકશે. આથી તેનું શિક્ષિત હોવું પણ અનિવાર્ય છે. આગળ આચાર્ય કહે છે કે રાજા કે રાજ્યનું રક્ષણ કરવાની માત્ર અંગરક્ષકની જ નહીં, રાજ્યના પ્રત્યેક અધિકારીની ફરજ છે. રાજાની પોતાની પણ ફરજ છે કે પોતાના રાજ્ય તેમ જ પોતાના અંત:પુરનું રક્ષણ કરે.

અંગરક્ષક અંગ જેવો હોવો જોઈએ. સ્વામીની પીડા એની પીડા અને સ્વામીનો

આનંદ એનો આનંદ હોવો જોઈએ. સ્વામીના એક પણ અણુમાં ફેરફાર થાય તો એની પીડા એને થવી જોઈએ. ટૂંકમાં, સ્વામીને અંગની જેમ જાળવે એ જ અંગરક્ષક.

ભોજનમાં સાવચેતી

गुप्ते देशे माहानसिक: सर्वमास्वादबाहुल्येन कर्म कारयेत्।
तद्राजा तथैव प्रतिभुञ्जीत, पूर्वमग्नये वयोभ्यश्चबलिं कृत्वा॥

રાજાના મુખ્ય રસોઇયાએ રાજાનું ભોજન ગુપ્ત સ્થળે જ તૈયાર કરવું. તૈયાર થયેલ ભોજન રાજાને પીરસતાં પહેલાં ચાખી તેના સ્વાદ વગેરેની તપાસ કર્યા પછી જ રાજાને પીરસવું. રાજાએ પણ અગ્નિ અને પંખીઓને ગ્રાસ ધરાવ્યા પછી જ ભોજન આરોગવું.

આચાર્યની રાજાના પ્રમુખ રસોઇયાને સલાહ છે કે રાજાનું ભોજન તેણે ગુપ્ત સ્થળે બનાવવું. જેથી ત્યાં કોઈ અનિચ્છનીય વ્યક્તિ કે વસ્તુ પ્રવેશી ન શકે. ભોજન તૈયાર થઈ ગયા પછી પણ રસોઇયાએ પોતે તેને ચાખવું, તેના સ્વાદ વગેરેની તપાસ કર્યા પછી જ તે રાજાને પીરસવું. જો તેમાં કોઈ પણ પ્રકારની ગરબડ કે ક્ષતિ જણાય તો તે ભોજન રાજાને ન પીરસવું. એ જ રીતે રાજાએ પણ પોતાનું ભોજન પહેલાં અગ્નિ અને પંખીને જુહાર્યા પછી જ આરોગવું. આમ કરવા પાછળનો હેતુ એ છે કે જો તે ભોજનમાં વિષ ભળેલું હશે તો અગ્નિમાં નાખતાં જ ખબર પડી જશે. કદાચ રાજાને અગ્નિપરીક્ષણનું જ્ઞાન ન હોય તો પંખી તે ભોજન આરોગશે પછી તો ખબર પડી જ જશે, કારણ કે વિષયુક્ત ભોજન ખાતાં જ પંખી પર તેની અસર થશે. જેથી રાજા હકીકત જાણી શકશે.

આમ રાજાએ ભોજન પ્રત્યે પણ ખૂબ જ સભાન રહેવું જરૂરી છે, કારણ કે રાજાના શત્રુઓ રાજ્ય બહાર જ હોય એ જરૂરી નથી. રાજમહેલમાં પણ રાજાના શત્રુઓ કે શત્રુઓ વતીથી મોકલાવાયેલા અથવા ફોડી નાખવામાં આવેલા લોકો હોઈ શકે છે. એ રાજા પર સીધી રીતે નહીં તો આડકતરી રીતે, જેમ કે એમાં ભોજન, જળ, ઔષધિ, મદ્ય વગેરેમાં વિષ કે અન્ય તત્ત્વો ભેળવીને રાજાનો જીવ લેવાની પેરવી કરી શકે છે. આથી જ આચાર્ય નાનામાં નાની વાતને લઈને પણ રાજાને સભાન રહેવાની સલાહ આપે છે. (દયાનંદ સરસ્વતીને એમના રસોઇયાએ જ ઝેર આપેલું.)

ધંધામાં મુખ્ય વ્યક્તિને જેટલા મિત્ર તેટલા જ શત્રુ હોય. ઊંઘમાં પણ જેની છઠ્ઠી ઇન્દ્રિય સાવધાન રહેતી હોય એ જ સુરક્ષિતતાનો અધિકારી છે. સત્તા એવી ચીજ છે; જેને એક છેડે શત્રુ છે, બીજે છેડે મિત્ર અને બંને ચંચળ. શત્રુ ક્યારે મિત્ર બને અને મિત્ર ક્યારે શત્રુ – કશું જ કહેવાય નહીં. સત્તાધીશે તો પોતાની જાતથી પણ સાવધાન રહેવું જ જોઈએ.

ઔષધમાં સાવચેતી

भिषग्भैषज्यागारादास्वादविशुद्धमौषधं गृहीत्वा-पाचकपोषकाभ्या मात्मना च प्रतिस्वाद्य राज्ञे प्रयच्छेत्।
पानं पानीयं चौषधेन व्याख्यातम्॥

કોઈ પણ ઔષધિ (દવા) તૈયાર કરતાં પહેલાં વૈદ્યે તે રાજાની સામે થોડીક પોતે ચાખવી, થોડીક (ઔષધિ) બનાવનારને, પીરસનારને ચબાડવી. પછી જ (તે ઔષધિ) રાજાને આપવી. રાજાને આપવામાં આવતાં પાણી અને મદિરામાં પણ આ જ રીતનું પરીક્ષણ થવું જોઈએ.

જેમ આચાર્યની રાજાના રસોઇયાને ભોજન ચાખીને પીરસવાની સલાહ છે એમ જ રાજાના વૈદ્યને પણ સલાહ છે કે તેણે કોઈ ઔષધિ તૈયાર કરતાં પહેલાં રાજાની સામે જ પહેલાં પોતે તેને ચાખવી. થોડી બનાવનાર કે પીરસનારને પણ ચખાડવી. જેથી તેની(વૈદ્યની) જાણ બહાર ઔષધિ બનાવનાર કે પીરસનારે ઔષધિમાં કશુંક ભેળવી નાખ્યું હોય તો તરત તેની જાણ થઈ જાય. આટલી પરીક્ષા થયા પછી જ તે ઔષધિ રાજાને આપવી, કારણ કે આટલી પ્રક્રિયામાંથી પસાર થયા પછી તે ઔષધિની શુદ્ધતા પુરવાર થઈ જ ગઈ હોય છે. આગળ આચાર્ય કહે છે કે રાજાને આપવામાં આવતાં જળ અને મદિરામાં પણ આ જ રીત અપનાવવી.

ટૂંકમાં, રાજા સુધી પહોંચનારી કોઈ પણ ચીજને એક પછી એક પરીક્ષામાંથી પસાર કરીને રાજા સુધી પહોંચાડવી. જેથી કરીને તે સુરક્ષિત સ્વરૂપે જ રાજા સુધી પહોંચે.

રાજાને સીધેસીધી રીતે છેતરવો અઘરો છે, એટલે જ એને આડકતરી રીતે એના પોતાના જ માણસોને હથિયાર બનાવીને માત કર્યાના દાખલા ઇતિહાસમાં છે જ. વિષને બદલે અમૃત અને અમૃતને બદલે વિષ રાજપરંપરાને કોઠે પડી ગયેલી રમતો છે. બંને બીજાને પિવડાવીને જ પીવાં. જેથી જો પીવડાવનાર પીવાનો ઇનકાર કરે તો તરત ખબર પડી જાય કે દાળમાં કંઈક કાળું છે.

અંગત માણસોથી સાવધાની

कल्पकप्रसाधकाः स्नानशुद्धवस्त्रहस्ताः मुद्रमुप-करणमन्तर्वंशिकहस्तादादाय परिचरेयुः॥

રાજાના વાળ કાપનાર, દાઢી બનાવનાર, સ્નાન કરાવનાર, વસ્ત્રાલંકાર પહેરાવનાર સેવકોએ પહેલાં પોતે સ્નાન વગેરે કરી શુદ્ધ અને દર્શનીય બની તેમ જ બધી સાધનસામગ્રીની યોગ્ય તપાસ કરી તેના પર શુદ્ધતાની મહોર લાગ્યા પછી જ રાજાની સમક્ષ લઈ જવી જોઈએ.

માત્ર ખાણીપીણી કે ઔષધિની બાબતમાં જ નહીં, રાજાની કોઈ પણ પ્રક્રિયામાં સાવધાની રાખવી અનિવાર્ય છે. આથી જ આચાર્ય કહે છે કે રાજાના વાળ કાપનાર, દાઢી બનાવનાર કે સ્નાન કરાવનાર કે વસ્ત્રો પહેરાવનાર સેવકોએ પહેલાં સ્નાન કરી શુદ્ધ અને દર્શનીય બનીને જ રાજા સામે જવું, જેથી કરીને તેમની શારીરિક શુદ્ધિ તો થઈ જાય સાથે સાથે તેઓ યોગ્ય દેખાવ અને અવસ્થામાં હોય તો રાજાનો મૂડ અને મોભો પણ જળવાઈ રહે. આ ઉપરાંત આચાર્ય કહે છે કે એ લોકોએ પોતાની સાધનસામગ્રીની યોગ્ય તપાસ કરી લેવી જોઈએ, જેથી કરીને તેમની જાણ બહાર તેમાં કોઈ ભેળસેળ કે અદલાબદલી થઈ ગઈ હોય તો તેની જાણ થઈ જાય. આટલું થયા પછી પણ એમણે રાજા દ્વારા પ્રમાણિત લોકો પાસે તેની શુદ્ધતા અને યોગ્યતાનું પરીક્ષણ કરાવી એ ચીજોની યોગ્યતા નક્કી કરતી મહોર લગાવડાવ્યા પછી જ તે રાજા પાસે લઈ જવી જોઈએ, કારણ કે ક્યાંક એવું ન થયું હોય કે એ ચીજો(અસ્ત્રો) વગેરેને વિષ પાઈને પાછી સામાનમાં રાખી દેવામાં આવી હોય. જો એ ચીજો ચેપી રોગવાળી વ્યક્તિ પાસેથી પસાર થઈને આવી હોય તોપણ એ ઘાતક નીવડી શકે છે. આથી જ આ દરેક વ્યક્તિએ પોતાની તેમ જ પોતાની સામગ્રીની શુદ્ધતા પુરવાર કર્યા પછી જ રાજા સમક્ષ હાજર થવું જોઈએ. આવું આચાર્ય પણ માને છે.

રાજાએ કેટલીક બાબતો પોતાના સલાહકાર કે અંગત સચિવને પણ કહેવી નહીં. જ્યાં સુધી સામેની વ્યક્તિનો પરિચય ન થાય ત્યાં સુધી સારા વ્યવસ્થાપકે સારા અને ધૈર્યવાન શ્રોતા બની રહેવું જોઈએ. વ્યક્તિ ગમે તેટલી અંગત કેમ ન હોય, એના પર એકદમ વિશ્વાસ મૂકવો જોઈએ નહીં. સ્થળ અને સમય પ્રમાણે ઔચિત્ય જાળવીને વર્તે છે તેને ક્યારેય પસ્તાવાનો વારો નથી આવતો.

પ્રવાસમાં સાવધાની

निर्याणेऽभियाने च राजमार्गमुभयत: कृतारक्षं दण्डिभिरपास्त शस्त्रहस्तप्रव्रजितव्यङ्गं गच्छेत्।
न पुरुषसम्बाधमवगाहेत्। यात्रासमाजोत्सवप्रवहणानि च दशवर्गिकाधिष्ठितानि गच्छेत्॥

રાજભવનમાંથી બહાર નીકળતાં કે પ્રવેશતાં પહેલાં રાજાએ એ જોઈ લેવું જોઈએ કે રાજમાર્ગ બંને બાજુથી શસ્ત્રધારી સૈનિકો કે સુરક્ષાકર્મીઓ વડે સુરક્ષિત છે કે નહીં. રાજાના આવાગમન વખતે કડક પહેરાબંધી હોવી જોઈએ, એટલું જ નહીં, રાજાના જવા-આવવાના માર્ગ પરથી સંન્યાસી, અપંગ, તેમ જ ભિખારીઓને તરત જ દૂર કરી દેવા જોઈએ. આટલું થયા પછી જ રાજાએ પોતાનો પ્રવાસ આગળ વધારવો જોઈએ. તેમ જ તેણે(રાજાએ) ક્યારેય પુરુષોની સભામાં પ્રથમ ન પ્રવેશવું. યાત્રા, દર્શન, ઉત્સવ કે સમારંભોમાં પણ તેણે પોતાના કાફલા સાથે જ જવું.

આચાર્ય કહે છે કે રાજાએ નાનામાં નાની બાબતની ચીવટ રાખવી જોઈએ. એણે પોતાના પ્રવાસ દરમિયાન પણ પોતાની સુરક્ષાનો પૂરેપૂરો પ્રબંધ કર્યા બાદ જ રાજમહેલની બહાર પગલું રાખવું. આ માટે સૌપ્રથમ એણે રાજમાર્ગને બંને બાજુથી સશસ્ત્ર સૈનિકો વડે સુરક્ષિત કરાવી દેવો; ત્યાર બાદ કડક પહેરેબંધી વચ્ચે એણે રાજમહેલની બહાર નીકળવું. પોતે જે માર્ગ પરથી પસાર થવાના હોય એ તમામ માર્ગો ખાલી કરાવી દેવા. જેથી કરીને કોઈ અનિષ્ટ તત્ત્વ અચાનક તેના પર હુમલો ન કરી બેસે. સંન્યાસી, અપંગ તેમ જ ભિખારીઓને હઠાવવાનું પ્રયોજન એ કે એવા વેશમાં શત્રુ-રાજા કે વ્યક્તિના માણસો હોઈ શકે છે. તે લોકો વેશપલટો કરીને રાજા પર હુમલો કરે એવી શક્યતાઓ અસ્થાને નથી. આથી જ રાજાએ રાજમાર્ગ પરથી એવા લોકોને ત્વરિત હઠાવી લેવડાવવા જોઈએ; એટલું જ નહીં, અજાણ્યા અને પરદેશી માણસોથી પણ રાજાના માણસોએ સાવધ રહેવું જોઈએ. યાત્રા, દર્શન, ઉત્સવ કે સમારંભોમાં પુષ્કળ માનવમેદની હોય છે. ટોળામાં ગમે ત્યારે ગમે તે થઈ શકે છે એટલે એવી જગ્યાઓએ પણ રાજાએ પહેલાં માર્ગ ખાલી કરાવી નાખ્યા પછી પોતાના કાફલા સાથે જ પ્રવેશ મેળવવો.

શાસકને શત્રુ ન હોય એવું તો બને જ કેમ? શત્રુનું તો હવા જેવું છે. એ ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી જાય. જેનું નાક કૂતરા જેવું હોય એ જ એની ગંધને

પારખી શકે. શાસકે એક એક પગલે સંભાળવું જ રહ્યું. એના કયા પગલાં પર એના શત્રુની નજર હોય એ તો ઇશ્વર જ જાણે. એથી જ પ્રત્યેક શાસકે ઘરમાંથી નીકળી પાછા ઘરમાં આવ્યા સુધી કોઈ પણ સ્થળે સુરક્ષાની પૂરી ખાતરી કર્યા વગર એક પગલું પણ આગળ ભરવું ન જોઈએ.

વણવિચાર્યું પગલું ન ભરો

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययाऽऽगमौ।
कश्चाऽहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः॥

સમય અને સંજોગો કેવા છે? મિત્ર કેવા છે? સ્થળ કેવું છે? આવક-જાવક કેટલી છે? હું કોણ? મારું સામર્થ્ય કેટલું છે? સમજદાર વ્યક્તિએ આ છ બાબતોનું વારંવાર મનન કરવું જોઈએ.

જેની શરૂઆત સારી તે અડધો જંગ જીતી જાય છે. વ્યક્તિએ કોઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં છ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. વ્યક્તિએ પોતાના કાર્યની શરૂઆત સમય અને સંજોગો જોઈને જ કરવી જોઈએ. કાર્ય સમયની માંગને અનુરૂપ છે કે નહિ? કેવા સંજોગોમાં કાર્યને કેટલી સફળતા મળશે? કાર્યમાં સાથ આપે તેવા સાચા સાથીદાર કેટલા છે? પોતાની આવક અને જાવક કેટલી છે? 'આમદની અઠન્ની ઔર ખર્ચા રૂપૈયા' જેવી સ્થિતિ તો નથી ને? પોતે કેટલું ગજું ધરાવે છે, કોને કેટલી મદદ કરી છે તેનો વિચાર કરતાં પોતાના કાર્યમાં કેટલી મદદ મળે છે તેનો અંદાજ પણ આવી જાય છે. ઉપરાંત સૌથી મહત્ત્વપૂર્ણ વિચાર પોતાના સામર્થ્યનો કરી લેવો જોઈએ. પોતે જે કાર્ય કરવા ધારે છે તે પાર પાડવાની કાબેલિયત તો પોતાનામાં છે કે નહિ તેનું સાચું મૂલ્યાંકન કરી લેવું જોઈએ.

જે વ્યક્તિ આ બધી બાબતોનો સાચી રીતે વિચાર કરે છે તેને ક્યારેય નિષ્ફળતાનો સામનો કરવો પડતો નથી.

બજારની દશા અને દિશાને પારખીને જ પગલું ભરો. પૂર્ણ ચકાસણી કર્યા પહેલાં કોઈ પણ વ્યક્તિને અંગત વર્તુળમાં પ્રવેશવા ન દો. હિસાબકિતાબ પર અને ખરીદવેચાણ પર હંમેશાં નજર રાખો. બજારમાં અત્યારે તમારું સ્થાન ક્યાં છે? તમારી કંપનીનો ફેલાવો કેટલો? આટલું વિચાર્યા પછી જ કોઈ પણ પગલું ભરવું.

સતત સભાન રહો

आलस्योपहता विद्या परहस्तगता: स्त्रिय:।
अल्पबीजं हतं क्षेत्रं हतं सैन्यमनायकम्॥

આળસથી વિદ્યા અને પરપુરુષ હસ્તક પડેલી સ્ત્રીનો નાશ થઈ જાય છે. થોડાં બીજ નાખવાથી ખેતર નાશ પામે છે અને સેનાપતિ હણાતાં તેના સૈન્યનો પરાજય થાય છે.

વિદ્યા પ્રાપ્ત કરવા મહેનત કરવી પડે છે. સખત પરિશ્રમ કરે તેને જ વિદ્યા વરે છે. પોતાના પુરુષને છોડી પરપુરુષનો સંગ કરે તે સ્ત્રીની હાલત ધોબીના કૂતરા જેવી થાય છે. તે નથી પોતાના પુરુષની રહેતી કે નથી તેને પરપુરુષ સાથે આજીવન સંબંધ રહેતો. જેણે પોતાના જ પુરુષનો ત્યાગ કરી દીધો હોય તે બીજા પુરુષની શું થવાની? પરપુરુષ સાથે રંગરેલીઓ મનાવનારી સ્ત્રી છેવટે નાશ પામે છે. ખેતરમાં સારો પાક મેળવવા પુષ્કળ બીજ નાખવાં પડે છે. થોડાં બીજ નાખવાથી થોકો જ પાક થાય. જેટલું વાવીએ તેટલું જ લણી શકાય. સેનાપતિ સૈન્યનું હાર્દ હોય છે. સેના સેનાપતિના માર્ગદર્શનને જ અનુસરે છે. સેનાના વિજયનો મદાર સેનાપતિ ઉપર હોય છે. જે સેનાનો સેનાપતિ સારો, તેને અડધો વિજય તો મળી ગયો સમજો. યુદ્ધમાં કોઈ પણ સેનાનું પ્રાથમિક લક્ષ્ય વિરોધી સેનાનો સેનાપતિ જ હોય છે. સેનાપતિ હણાય તો સેના દિશાહીન અને વેરવિખેર થઈ જાય છે. પછી સૈન્યનો પરાજય થાય છે.

આળસનો આ ઘડીએ જ ત્યાગ કરો. ધંધાની ધુરા પારકા હાથમાં ન સોંપો. જ્યાં જેટલી જરૂર હોય ત્યાં એટલું જ રોકાણ કરો. અંગત ખર્ચા પર કાપ મૂકો, મૂડીરોકાણમાં નહીં. તમારા ધંધાનું સુકાન તમારા હાથમાં છે. જો તમે સરતચૂક થયા તો આખું જહાજ પાણીમાં! યાદ રાખો: તમે સેનાપતિ છો. તમારી સેના એટલાં જ ડગ ભરશે જેટલાં ડગ ભરવાનું તમારામાં સાહસ હશે.

તમારો શત્રુ એ વિચારી જ શકે છે, જે તમે વિચારો છો

यथा च योगपुरुषैरन्यान्राजाऽधितिष्ठति।
तथाऽयमन्यबाधेभ्यो रक्षेदात्मानमात्मवान्॥

જે રીતે પોતે પોતાના ગુપ્તચરો વડે બીજા રાજાઓ માટે ખતરા ઊભા કરે છે એ જ રીતે બીજા રાજાઓ તેમના ગુપ્તચરો વડે પોતાની સામે ખતરા ઊભા કરી શકે છે. એમ માની રાજાએ પોતે પણ સંભવિત ખતરાઓથી પોતાની રક્ષા માટે સ્વયં સાવધાન રહેવું (જરૂરી છે.)

રાજાએ એ સત્ય સમજી લેવું ખૂબ જરૂરી છે કે જેમ પોતે બુદ્ધિશાળી છે, એમ જ પોતાના શત્રુ કે હરીફ રાજાઓ બુદ્ધિશાળી હોવાના જ. એને એ વાતનો પણ ખ્યાલ હોવો જોઈએ કે જે પેંતરા તે અન્ય લોકો માટે ઘડી શકે છે એવા જ અથવા તો એનાથી નોબા પેંતરા શત્રુ રાજાઓ એને માટે ઘડી જ શકે છે. આથી જ તેણે પ્રત્યેક પરિસ્થિતિ કે વ્યક્તિનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા બાદ જ એમના વિશેના નિર્ણય પર પહોંચવું. રાજા સંયમશીલ હોય તે ખૂબ જરૂરી છે. તેણે ક્યારેય હર્ષ કે આવેશમાં આવી જઈને ઉતાવળિયો કોઈ નિર્ણય લેવો નહીં. એમ કરવા જતાં તે શત્રુપક્ષની ચાલમાં સપડાઈ શકે છે. આથી જ તેણે સો ગળણે ગાળ્યા પછી જ પાણી પીવું. અર્થાત્, દરેક બાબત પર પૂરતો વિચાર કર્યા બાદ જ પગલું ભરવું. દરેક ક્ષણે એણે એ યાદ રાખવું કે પોતે રાજા છે અને પોતાની સાથે એ બધું જ થઈ શકે છે જે પોતે શત્રુ રાજાઓ સાથે કરવાનું વિચારી રહ્યો છે. કદાચ શત્રુ પોતાનાથી વિશેષ બુદ્ધિશાળી હોય તો એ પોતાનાથી એક પગલું આગળ પણ નીકળી શકે છે. એવું વિચાર્યા બાદ રાજાએ સતત સભાનતાની વચ્ચે અને આવનારી દરેક પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી સાથે જ જીવન જીવતાં શીખી જવું જોઈએ. જે રાજા ભાવિને વાંચી શકે છે એ જ વર્તમાનને સુરક્ષિત કરી શકે છે. જે વર્તમાનને જીતી શકે છે એ જ ભાવિ પર વિજય મેળવી શકે છે. ટૂંકમાં, જે સભાન રહી શકે છે એ જ શાશ્વતને માણી શકે છે.

કોઈ એક ક્ષણે તમારા મનમાં જે વિચાર આવી શકે એ જ વિચાર એ જ ક્ષણે કે અન્ય ક્ષણે તમારા શત્રુને પણ આવી જ શકે છે. શત્રુ સામે તમે જે કંઈ કરવા માગો છો કે કરો છો કે કરી ચૂક્યા છો એવું અથવા એના જેવું બધું જ તમારી સાથે થઈ શકે છે. જો તમે તમારા શત્રુની ઊંઘ ઉડાડી દીધી હોય તો તમારેય ઉજાગરા તો કરવા જ પડશે... શાંત ઊંઘવા માટે થઈનેય બને તો કોઈની ઊંઘ ન

જ ઉડાડો... સૂતેલો શત્રુ તમને સૂવાનો અવસર આપશે.

અધિકારીઓની પરીક્ષા

अमात्यसम्पदोपेता: सर्वाध्यक्षा: शक्तित: कर्मसु नियोज्या:।
कर्मसु चैषां नित्यं परीक्षां कारयेत्, चित्तानित्यत्वान्मनुष्याणाम्।
अश्वसधर्माणो हि मनुष्या नियुक्ता: कर्मसु विकुर्वते॥

અમાત્યને અનુરૂપ ગુણો ધરાવનાર સર્વ અધ્યક્ષોને એમની યોગ્યતા અનુસાર વિભિન્ન પદો પર નિયુક્ત કરવા જોઈએ. નિયુક્ત અધિકારીઓનાં ચરિત્ર, વર્તન અને વ્યવહારની (સમયે સમયે) પરીક્ષા કરવી જોઈએ, કારણ કે મનુષ્યની ચિત્તવૃત્તિ ચંચળ હોય છે. ક્યારેક ક્યારેક તે સ્થિરતા ગુમાવી દે છે અને અશ્વની જેમ પ્રતિકૂળ વર્તન કરે છે. પદ પ્રાપ્ત થયા બાદ અધિકારીઓનું વર્તન પણ એવું જ થઈ જાય છે.

આચાર્ય ચાણક્ય કહે છે કે અમાત્યને અનુરૂપ ગુણ ધરાવતા સર્વ અધ્યક્ષોને એમની યોગ્યતા અથવા શૈક્ષણિક અને અન્ય લાયકાત અનુસાર વિવિધ પદો પર નિયુક્ત કર્યા પછી રાજાએ સમયે સમયે, અર્થાત્, આંતરે દિવસે તેમની કાર્યક્ષમતાની, પ્રામાણિકતાની, નિષ્ઠાની પરીક્ષા કરતા રહેવું જોઈએ, કારણ કે જેમ ઘોડાને રથે જોતર્યા પછી તે સખણો નથી રહેતો, આમથી તેમ થયા કરે છે – તેમ જ ઉચ્ચ પદ પર નિયુક્ત થયા પછી અધિકારી ચંચળ થઈ શકે છે. તે પોતાની કાર્યનિષ્ઠા ગુમાવી લાંચરુશ્વત કે કામચોરીને માર્ગે ચડી શકે છે. ટૂંકમાં, જ્યાં સુધી એમને અંકુશમાં રાખવામાં આવે ત્યાં સુધી જ તે સીધા રહે છે. સહેજ દોર ઢીલી મૂકવામાં આવે તો પાછા તે ઊછળકૂદ કરવા માંડે તો નવાઈ નહીં. આથી જ રાજાએ પોતાના બધા જ કર્મચારીઓ(મંત્રીથી લઈને નીચે સુધી)ને સતત નિરીક્ષણ અને પરીક્ષણ નીચે રાખવા જોઈએ.

અનુરૂપ ગુણો ધરાવનારા કર્મચારી કે મૅનેજરે સત્તા સંભાળ્યા પછી પદ અને પ્રતિષ્ઠા કોનામાં ક્યારે શું પરિવર્તન આણે? – કશું જ ન કહેવાય. મનુષ્યનું મન ક્ષણે ક્ષણે બદલાય છે. એક જ વ્યક્તિની ક્ષણ પહેલાંની અને ક્ષણ પછીની વર્તણૂકમાં, એના વ્યવહારમાં જમીન આસમાનનો ફરક હોઈ શકે છે, એટલે દરેક વ્યક્તિનું દરેક ક્ષણે નવેસરથી મૂલ્યાંકન, નિરીક્ષણ-પરિક્ષણ કરતા રહેવું જોઈએ.

મર્યાદાને ઓળખો

यथा ह्यनास्वादयितुं न शक्यं जिह्वातलस्थं मधु वा विषं वा।
अर्थस्तथा ह्यर्थचरेण राज्ञः स्वल्पोऽप्यनास्वादयितुं न शक्यः॥

જેવી રીતે જીભ પર મૂકેલ મધ કે ઝેરનો સ્વાદ જીભ લીધા વગર નથી રહી શકતી તેવી જ રીતે આર્થિક વિભાગો સંભાળનારા અધિકારી અને કર્મચારી થોડીઘણી ગરબડ તો કરે જ છે. આ તથ્યને માનવું જ રહ્યું.

અમુક બાબતો એવી હોય છે જે નજરે ન દેખાતી હોવા છતાં એમનું અસ્તિત્વ તો હોય જ છે. સવાલ એટલો જ છે કે આપણે એને સાબિત નથી કરી શકતા. આચાર્ય કહે છે કે રાજ્યવ્યવહાર સાથે સંકળાયેલા અધિકારીઓ થોડેઘણે અંશે ભ્રષ્ટ હોય જ છે. આ વાત સમજાવવા એ મધ અને ઝેરનું ઉદાહરણ આપતાં કહે છે કે જેમ જીભ પર મૂકેલ ઝેર કે મધનો સ્વાદ જીભ લીધા વગર નથી શકતી, એમ જ જે અધિકારીના હાથ નીચેથી મોટા મોટા આર્થિક વ્યવહારો થતા હોય તે થોડુંઘણું ધન તો ચોરી જ લે છે. જોકે થોડાક એવા પણ અધિકારીઓ હોય જ છે જે તદ્દન પ્રામાણિક અને નિષ્ઠાવાન હોય છે, પણ બધા તો નહીં જ...

માણસની સૌથી મોટી મર્યાદા એનો સ્વભાવ છે. જગતની બધી જ વસ્તુઓને કદાચ થોડેઘણે અંશે બદલી શકાય, પણ સ્વભાવને...! માણસ માત્રમાં વત્તાઓછા પ્રમાણમાં લોભ અને સ્વાર્થવૃત્તિ હોય જ. આખરે એ માણસ છે અને માણસમાં મર્યાદા તો હોવાની જ. વહીવટમાં આ બાબત ખૂબ અગત્યની બની રહે છે. સ્ટાફમાં થોડે ઘણે અંશે ભ્રષ્ટ લોકો હોવાનાં જ તે સ્વીકારીને સજાગ રહેવું.

માછલી જેવા અધિકારી

मत्स्या यथान्त:सलिले चरन्तो ज्ञातुं न शक्या: सलिलं पिबन्त:।
युक्तास्तथा कार्यविद्यौ नियुक्ता ज्ञातुं न शक्या धनमाददाना:॥

જેવી રીતે પાણીમાં રહેતી માછલી પાણી પીતી દેખાતી નથી તેવી જ રીતે પોતાના હોદ્દા(કાર્યક્ષેત્ર) પર નિમાયેલા નાના નાના અધિકારીઓ રાજ્યના જ ધનને હરી લે છે(લઈ લે છે) પણ ખબર નથી પડતી.

આચાર્ય સ્પષ્ટ કરે છે કે કોઈ પણ પદાધિકારી થોડોઘણો તો પોતાના પદનો લાભ ઉઠાવે જ છે. રાજ્યતંત્ર ખૂબ વિશાળ હોય છે. એમાં અસંખ્ય અધિકારીઓ કામ કરતા હોય છે. વળી દરેકનાં કામ જુદાં જુદાં હોય છે. ક્ષેત્રો જુદાં જુદાં હોય છે. આ બધામાં કોણ ક્યાં, શું ગોટાળા કરે છે એની સીધેસીધી ખબર પડવી અઘરી છે. ટૂંકમાં, આ એક એવું સત્ય છે જે બધા જ જાણે છે, પણ કોઈ કોઈના પર આરોપ નાખી શકતું નથી, કારણ કે જ્યાં સુધી ગુનેગાર પકડાય નહીં ત્યાં સુધી તેને ગુનેગાર કહી ન શકાય.

જે હવા આપણું જીવન છે એને આપણે નરી આંખે જોઈ શકતા નથી, પણ અનુભવી તો શકીએ જ છીએ એવી જ રીતે નાણું ક્યાં ગયું એ ખબર પડતી નથી, પણ કેટલું નાણું ઘટ્યું એ તો સમજી જ શકાય છે. ચોક્કસ આંકડામાં નહીં તો અંદાજિત રકમમાં ગોટાળાનો અંદાજ તો આવી જ જાય છે. જે ઘટનાને અંદાજી શકાય એને સભાનતાથી સાબિત પણ કરી જ શકાય. જરૂર છે, માત્ર સભાનતાની. જે હવાને આપણે જોઈ નથી શકતા, પકડી નથી શકતા એને પણ જો ફુગ્ગામાં કેદ કરી શકાતી હોય તો ભ્રષ્ટ અધિકારીને સકંજામાં કેમ ન લાવી શકાય? અલબત્ત, ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે નાબૂદ કરવો અઘરો છે. તંત્ર છે ત્યાં આવા નાના પાયાની લેતીદેતી પણ ચાલતી જ રહેવાની અને ખાયકી પણ થતી રહેવાની. તંત્ર ક્યારેય સો ટકા ભ્રષ્ટાચારમુક્ત ન રહી શકે. ભ્રષ્ટાચાર એ માનવીની સહજવૃત્તિ છે. It is a universal fact .

ગરમ સરી એટલે વૈદ વેરી

निर्धनं पुरुषं वेश्या प्रजा भग्नं नृपं त्यजेत्।
खगा वीतफलं वृक्षं भुक्त्वा चाऽभ्यागता गृहम्॥

નિર્ધન પુરુષનો વેશ્યા, નિર્બળ રાજાનો પ્રજા અને ફળ વિનાના વૃક્ષનો પક્ષીઓ ત્યાગ કરે છે. તે જ રીતે ભોજન કર્યા પછી અતિથિઓ યજમાનનું ઘર છોડી દે છે.

કહેવાય છે કે મનુષ્યો વચ્ચે સંબંધ રૂપી ગાંઠ એક યા બીજા સ્વાર્થને કારણે બંધાય છે અને સ્વાર્થ સધાઈ જાય પછી ધીમે ધીમે તે ગાંઠના વળ છૂટા પડતા જાય છે. વેશ્યા માત્ર ને માત્ર ધન માટે કોઈ પુરુષ સાથે રહે છે. જો પુરુષ નિર્ધન થઈ જાય તો તે વેશ્યાને ધન આપી શકશે નહિ. વેશ્યા આવા દરિદ્ર પુરુષનો ત્યાગ કરે છે અને નવો ગ્રાહક શોધે છે.

રાજા પ્રજાને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે છે તે જ પ્રજાપ્રિય થાય છે અને તેના શાસનમાં રહેવાનું પ્રજા પસંદ કરે છે; પરંતુ નિર્બળ રાજાના શાસનમાં પ્રજાને દરિદ્રતા અને અપમાન સિવાય કંઈ મળતું નથી, તેની સુરક્ષા છીનવાઈ જાય છે અને સમાજ છિન્નભિન્ન થઈ જાય છે. આવા શક્તિહીન રાજાની છત્રછાયામાં રહેવાનું પ્રજા પસંદ કરતી નથી અને તે રાજાનો ત્યાગ કરી દે છે.

પ્રજા જેવી જ પ્રકૃતિ પક્ષીઓની છે. ફળવાળું વૃક્ષ પક્ષીઓને રોટલો અને ઓટલો બંને આપે છે; પરંતુ સૂકું ઠૂંઠું થયેલું વૃક્ષ પક્ષીઓને ન તો ફળ આપે છે અને ન માળો બાંધવા ડાળીઓ. આ પ્રકારના સૂકા અને ફળ વિનાના વૃક્ષનો પક્ષીઓ ત્યાગ કરે છે.

પ્રજા અને પક્ષીની જેમ મહેમાનો પણ ભોજન કર્યા પછી યજમાનનું ઘર છોડી દે છે.

જગતની કોઇ પણ વ્યક્તિ દુર્બળ અને નકામી વ્યક્તિ સાથે ચાલવા તૈયાર નથી હોતી. એથી જ તમે શક્તિશાળી છો એવું સ્થાપિત કરો, એક સંચાલક તરીકે પોતાની ઉમદા છાપ સ્થાપિત કરો. કર્મચારીઓનો વિશ્વાસ જીતો. તમારી સાથે જોડાયેલી દરેક વ્યક્તિને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ. જે ક્ષણે તમે એમનો વિશ્વાસ ગુમાવશો એ ક્ષણ તમારા પતનની પહેલી ક્ષણ હશે. દીવામાં દિવેલ હશે ત્યાં સુધી એ બળશે – પછી આપોઆપ હોલવાઇ જશે.

આપત્તિ વખતે શું કરવું?

आपदि सारमात्मानं वा मोक्षयेत्।
आत्मनो वा भूमिम-प्राप्त: सर्वदेयविशुद्धं व्यवहरेत्॥

વિદેશ(અન્ય પ્રદેશ)માં વેપાર કરતી વખતે અચાનક સંકટ ઊભું થાય તો (વેપારીએ) રત્ન વગેરે સારદ્રવ્યોની અને પોતાની રક્ષા કરવી જોઈએ. બંનેનું રક્ષણ શક્ય ન હોય એવી પરિસ્થિતિમાં પોતાના પ્રાણ બચાવવા ત્યાંથી નીકળીને પોતાના દેશમાં પહોંચીને ત્યાંના બધા જ કરવેરા ચૂકવીને વિધિસરનો વેપાર સંભાળવો.

વિદેશમાં વેપાર કરનાર વેપારીને આચાર્યની સલાહ છે કે વિદેશમાં રહીને વેપાર કરતી વખતે અચાનક કોઈ આફત આવી જાય તો સૌથી પહેલાં એણે પોતાના જીવ અને રત્નો વગેરે કીમતી મૂલ્યવાન વસ્તુઓને બચાવવી જોઈએ. સંજોગો વધારે કપરા હોય અને પ્રાણ સુધ્ધાં જોખમમાં હોય એવી ક્ષણોમાં એણે પોતાના જીવનને વધારે મહત્ત્વ આપવું અને બધું જ છોડી પોતાનો જીવ બચાવી તે સ્થળેથી નીકળી જવું. હેમએમ પોતાના દેશમાં પહોંચી ત્યાંના કરવેરા વગેરે ચૂકવી, સ્વદેશમાં જ વિધિસરનો વેપાર સંભાળવો.

ટૂંકમાં, જીવથી વધારે કંઈ નથી. જ્યાં જીવનું જોખમ હોય ત્યાં બીજા કશાને મહત્ત્વ આપ્યા વગર ક્ષણવારમાં જ એ સ્થળનો ત્યાગ કરવો અને એવા સ્થાળે પહોંચી જવું, જ્યાં પોતાની સુરક્ષાની પૂરતી વ્યવસ્થા હોય.

વેપારીએ દરેક ક્ષણે વેપારને મહત્ત્વ આપવું. બે બાજુ સંભાળીને ચાલવું. નફાખોટનો વિચાર કરીને જ વિનિમય કરવો. ન માત્ર વેપારમાં – જીવનમાં પણ છેતરાવું તો નહીં જ. જગતની સૌથી મૂલ્યવાન કોઇ ચીજ છે તો એ છે જીવ. જીવથી મૂલ્યવાન બીજું કશું જ નથી. જીવ હશે તો નવા જગતનું નિર્માણ થઈ શકશે. જીવ જ જશે તો જગત અને જગતમાંનું બધું જ એક ક્ષણમાં છૂટી જશે. માટે જ જીવસટોસટના ખેલમાં જીવને જ મહત્ત્વ આપવું. ભગવાન કૃષ્ણે પણ આફતવેળાએ કોઈ પણ રીતે જીવનરક્ષાની જ મહત્તા દર્શાવી છે; એવા સમયે બધા સિદ્ધાંતો નેવે મૂકી દેવાની વાત કરી છે.

વેપાર કરતાં ધ્યાનમાં રાખવાની બાબતો

**वारिपथे च यानभाटकपथ्यदनपण्यप्रतिपण्यार्ध-
प्रमाण्यात्राकालभयप्रतीकारपण्यपत्तनचारित्राण्युपलभेत्॥**

જળમાર્ગે વેપાર કરનાર વેપારીએ-

*** નાવ કે જહાજનું ભાડું,**
*** રસ્તામાં ખાવાપીવા પર થનાર ખર્ચ,**
*** ખરીદવેચાણની વસ્તુઓ વચ્ચેની કિંમતનો ખ્યાલ,**
*** યાત્રા માટેનો યોગ્ય સમય તથા સમયમર્યાદા,**
*** ચોર-લૂંટારાથી બચવાના ઉપાય,**
*** જે પ્રદેશમાં વેપાર અર્થે જવાનું હોય ત્યાંના લોકોનો વ્યવહાર,**

– આટલી બાબતો જાણ્યા પછી જ વેપાર અર્થે નીકળવું.

વેપારી વેપાર શું કામ કરે છે? નફો મેળવવા. અને નફો ક્યારે મળે? જ્યારે દરેક બાબતનો વિચાર કરવામાં આવે ત્યારે... જે વેપારી વસ્તુ વેચવા પાછળના ખર્ચનો અને અનુકૂળતાઓનો વિચાર કર્યા વગર જ વેપાર કરવા બેસી જાય છે એને માત્ર ને માત્ર આફતોનો સામનો જ કરવો પડે છે.

વિચાર કર્યા વગર જ વેપાર કરવામાં આવે તો વસ્તુના વેચાણ પરનો ખર્ચ જ થનારી આવક કરતાં વધી શકે છે. આવા સંજોગોમાં નફાને બદલે ખોટ થાય તો નવાઇ નહીં. માટે જ કોઇ પણ વેપારીએ વિદેશમાં વેપાર કરતાં પહેલાં આચાર્યે સૂચવેલી ઉપર મુજબની બાબતોનો વિચાર કરવો જ રહ્યો. ચાણક્ય કેટલા 'પ્રૅક્ટિકલ' છે, તે આ સૂત્ર પરથી સમજાશે. 'પ્રૅક્ટિકલ' છે તેથી જ આટલાં વર્ષો પછી પણ એ પ્રાસંગિક છે.

શઠ મિત્રોથી દૂર રહો

परोक्षे कार्यहन्तारं प्रत्यक्षे प्रियवादिनम्।
वर्जयेत्तादृशं मित्रं विषकुम्भं पयोमुखम्॥

જે તમારી સામે તમારાં કાર્યોની પ્રશંસા કરે અને તમારી પીઠ પાછળ તમારું કાર્ય બગાડે તેવા મિત્ર ઉપરથી દૂધ ભરેલા પણ ભીતરથી વિષયુક્ત ઘડાની સમાન છે. તેનો ત્યાગ કરવામાં જ ભલાઈ છે.

જો ઝેરના ઘડામાં ઉપર દૂધ રાખવામાં આવે તો શું તે દૂધનો ઘડો થઈ જાય? ના, તેને વિષનો ઘડો જ કહેવાય. કેટલીક વ્યક્તિઓ આવા વિષયુક્ત ઘડા સમાન હોય છે. તે તમારી સામે તો તમારાં કાર્યોની પ્રશંસાના ગુણગાન ગાતાં થાકતા નથી, પરંતુ તમારી ગેરહાજરીમાં તમારું કાર્ય બગાડવામાં બાકી પણ રાખતા નથી. 'મુખ મેં રામ બગલ મેં છુરી' જેવા આ મિત્રોનો ત્યાગ કરવામાં જ તમારી ભલાઈ છે. આવા મિત્રો ખરેખર શત્રુ સમાન છે.

મિત્રને માત્ર તમારી હાજરીમાં કરેલા વર્તનથી જ ન ઓળખો. તમારી ગેરહાજરીમાં થતા વર્તન પર પણ નજર રાખો. એક જ વ્યક્તિના હજાર ચહેરા હોય છે. એ દરેક ચહેરાને ઓળખવાની શક્તિ કેળવો તો જ તમે અજેય રહી શકશો. મિત્રના વેશમાં શત્રુનું કાર્ય કરતી વ્યક્તિઓને સમયસર ઓળખી લઇ એમનાથી સલામત અંતર જાળવવું જરૂરી છે.

કોઇ મિત્ર પર સંપૂર્ણ વિશ્વાસ ન રાખો

न विश्वसेत् कुमित्रे च मित्रे चाऽपि न विश्वसेत्।
कदाचित् कुपितं मित्रं सर्व गुह्यं प्रकाशयेत्॥

જે કુમિત્ર છે તેનો ક્યારેય વિશ્વાસ ન કરવો અને જે મિત્ર છે તેનો પણ વિશ્વાસ ન કરવો. ક્યારેક ગુસ્સામાં આવીને તે મિત્ર પણ તમારી ગુપ્ત વાતો જાહેર કરી શકે છે.

ચાણક્ય રાજનીતિજ્ઞ છે. રાજકારણમાં તો મિત્રને પણ શંકાની નજરે જોવામાં આવતો હોય છે. એથી અહીં મિત્ર કે અમિત્ર – કોઈનો પણ વિશ્વાસ ન કરવાની વાત રજૂ થઈ છે.

જે વિશ્વાસપાત્ર નથી, ચાડી-ચુગલીખોર છે, જે સ્વાર્થી છે, દુષ્ટ છે તેવા દુર્જન મિત્રનો ક્યારેય વિશ્વાસ ન કરવો. એટલું જ નહિ અમુક વાતો એવી હોય છે જે તમારા લંગોટિયા મિત્રને પણ ન કહેવી. ક્રોધમાં માણસ વિવેકભાન ગુમાવી દે છે. તેને સારાં-નરસાંનું ભાન રહેતું નથી. ક્યારેક ગુસ્સામાં આવીને તમારો મિત્ર જ તમારી બધી ગુપ્ત રાખવા જેવી બાબતો જાહેર કરી શકે છે. ક્યારેક એવું પણ બને કે તમારી ગુપ્ત વાતો જાહેર કરવાની ધમકી આપી તે તમારી પાસે અયોગ્ય કાર્ય પણ કરાવે. અમુક બાબતો ગુપ્ત જ રાખવી.

વ્યક્તિનું મન જાદુગરના કોથળા જેવું છે... એમાંથી ક્યાં? ક્યારે? અને શું નીકળે કશું જ કહેવાય નહીં. આપણું અંગત એ આપણી અલાયદી મૂડી છે, એનું જીવની જેમ જતન કરો. એને ગમે ત્યાં છતું ન કરો, નહીંતર ક્યારેક બહુ મોટા પાયે પસ્તાવાનો વારો આવશે. ધંધામાં તો ખાસ... ક્યારેય કોઇનો સહેજ પણ વિશ્વાસ ન કરો. કોણ ક્યાં કેવી રીતે દગો આપે, કશું જ કહેવાય નહીં. આંખ-કાન ખુલ્લાં રાખો, કોઇને 'પેટ' ન આપો!

સલામતીનું મહત્ત્વ સમજો

नदीतीरे च ये वृक्षा: परगेहेषु कामिनी।
मन्त्रिहीनाश्च राजान: शीघ्रं नश्यन्त्यसंशयम्॥

વહેતી નદીના કિનારે વિકાસ પામેલું વૃક્ષ, પારકા ઘરમાં રહેતી સ્ત્રી, મંત્રીઓ અને સલાહકાર વિનાના રાજાનો નાશ ઝડપથી થાય છે.

સલામતી, સ્વતંત્રતા અને યોગ્ય માર્ગદર્શન હોય તો સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે છે. અનિશ્ચિતતા વિનાશ નોતરે છે. નદીમાં ગમે ત્યારે પૂર આવે છે. આવી નદીને કિનારે રહેલાં વૃક્ષો ગમે ત્યારે પૂરનાં પાણીમાં તણાઈ જાય છે અને નાશ પામે છે. આત્મસન્માન અને ચારિત્ર્ય મનુષ્યનું ઘરેણું છે. પારકા ઘરમાં રહેતી સ્ત્રીનું ન તો માન-સન્માન જળવાય છે અને ન ચારિત્ર્ય. પરાધીન સ્ત્રીને પોતાના સ્વામીની આજ્ઞાને અધીન જ રહેવું પડે છે. તેના સતીત્વ પર લોકો ઝડપથી શંકા કરે છે અને તેનો વિનાશ થાય છે. તે જ રીતે જે રાજા સ્વચ્છંદી હોય, વિદ્વાનોની સલાહ ન લેતો હોય અને જેની પાસે યોગ્ય માર્ગદર્શન માટે મંત્રીઓ કે સલાહકારો ન હોય તેનો નાશ ઝડપથી થાય છે.

જે સ્થળ, વ્યક્તિ કે વાતાવરણ પર તમારો અંકુશ ન હોય ત્યાંથી ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તરત જ ખસી જાઓ એમાં જ તમારું હિત છે. સામા પવનમાં સફર કરવી એ પતનની પહેલી નિશાની છે. માટે જ ધંધાનું સ્થળ એવું પસંદ કરો જે સલામત હોય. જ્યાં વારંવાર હુલ્લડો કે હડતાળો થતી હોય એવા વિસ્તારથી દૂર રહો. ભ્રષ્ટ વ્યક્તિ સાથે ભાગીદારી ન કરો. નહીંતર લોકો તમારી પ્રામાણિકતા પર પણ શંકા કરશે; એટલું જ નહીં, કોઇ પણ પગલું ભરતાં પહેલાં તમારા સેક્રેટરી કે મૅનેજરની સલાહ લો. જે તે વિષયના નિષ્ણાતોની સલાહ લો. એમની સાથે વિચારવિમર્શ કરો. સારાં- નરસાં પાસાં તપાસ્યા બાદ જ પગલું ભરો. યાદ રાખો: અંતિમ નિર્ણય તો તમારે જ લેવાનો છે.

રાજકારણીઓ અને પોલીસખાતાને નવ ગજથી નમસ્કાર કરો

नखीनां च नदीनां च श्रृङ्गीणां शस्त्रपाणिनाम्॥
विश्वासो नैव कर्तव्य: स्त्रीषु राजकुलेषु च॥

લાંબા નખવાળાં પ્રાણીઓ, નદીઓ, મોટાં-મોટાં શિંગડાંવાળાં પશુઓ, શસ્ત્રધારી વ્યક્તિઓ, સ્ત્રીઓ અને રાજ-પરિવારો – આ છ ઉપર ક્યારેય વિશ્વાસ ન મૂકવો.

લાંબા નખવાળાં સિંહ, વાઘ, રીંછ જેવા હિંસક પશુઓની સ્વાભાવિક વૃત્તિ જ આક્રમક હોય છે. કોઈ પણ ક્ષણે તમારા પર હુમલો કરી શકે છે. તે જ રીતે શિંગડાંવાળાં પશુઓ અને શસ્ત્રધારી વ્યક્તિઓ પણ ભરોસાપાત્ર નથી, કારણ કે તે ઝનૂનવશ થઈ ગમે ત્યારે આક્રમણ કરે છે. આ બધાં દેખીતી રીતે જોખમી છે. નદીનો પ્રવાહ અને તેની ઊંડાઈ વિષે કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ સાચી માહિતી ન આપી શકે. આ બંને બાબતો તો અમુક નિશ્ચિત સમયે બદલાતી હોવાથી તેની ચોક્કસ ધારણા બાંધી શકાય નહિ. એટલે નદી પાર કરતાં તમારે સતત સતર્ક રહેવું જોઈએ. આચાર્ય ચાણક્ય સ્ત્રીઓ અને રાજપરિવારો પર આંખો મીંચીંને વિશ્વાસ ન કરવાની પુરુષોને સલાહ આપે છે. તેમના મત મુજબ, મોટા ભાગની સ્ત્રીઓની કથની અને કરણીમાં બહુ ફરક હોય છે. સ્ત્રીની સલાહ કે વાત માનતાં પહેલાં પુરુષે તમામ પાસાંનો વિચાર કર્યા પછી જ તેના પર અમલ કરવો જોઈએ. તે જ રીતે રાજપરિવારની મોટા ભાગની વ્યક્તિઓનું લક્ષ્ય એકમાત્ર સત્તા જ હોય છે. તેમને રાજગાદી મેળવવામાં જ રસ હોય છે. તેમના સંબંધો સ્વાર્થ-આધારિત હોય છે અને તેઓ સતત રાજરમતમાં જ મસ્ત હોય છે. જો રાજપરિવારની વ્યક્તિઓ સાથે સંબંધો જાળવવામાં સાવધાન ન રહો તો તમે ગમે ત્યારે તેમની રાજરમતનો શિકાર બની શકો છો.

તમે ધંધાદારી છો? તો ધંધો કરો. રાજકારણમાં માથું મારશો નહીં; એમ છતાં એક ધંધાદારી તરીકે તમારે રાજ્યના કોઇક કામમાં ફરજિયાત ભૂમિકા ભજવવાની આવે તો પોતાની ભૂમિકા ભજવી ચતુરાઇથી પોતાનો રસ્તો શોધી લો. પેલી કહેવત તો તમને યાદ જ છે ને 'રાજા, વાજાં ને વાંદરાં કોઇનાં થયાં પણ નથી, ને થશે પણ નહીં,' એ જ રીતે પોલીસખાતાના અને લશ્કરના અધિકારીઓને પણ નવ ગજથી નમસ્કાર કરવા. સ્ત્રીનું સૌંદર્ય ક્યારે ઘાતક નીવડે એ નક્કી નહીં. એ મુદ્દે સાવધ ન રહેનારની કેવી દુર્દશા થાય છે તે

જગજાહેર છે.

ભાઇ કોને કહેવાય

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रु-संकटे॥
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धव:॥

બીમારીનું દુ:ખ આવી પડે, દુકાળ પડે, શત્રુ જ્યારે કોઈ મુશ્કેલી સર્જે ત્યારે; રાજ્યસભા, સ્મશાન અથવા મૃત્યુસમયે જે વ્યક્તિ સાથ ન છોડે, હકીકતમાં એ જ સાચો ભાઈ છે.

વ્યક્તિ જ્યારે બીમાર પડે કે દુ:ખી હોય, દુકાળની પરિસ્થિતિ સર્જાય કે દુશ્મન મુશ્કેલીઓ ઊભી કરે કે પછી કોઈ કેસમાં ફસાઈ જનારી વ્યક્તિને બાતમી આપનાર બચાવી લે. કાયદાકીય મુશ્કેલીના સમયે અને મૃત્યુના સમયે સ્મશાન ઘાટ પર જે હાજર રહે છે તે જ સાચો ભાઈ છે. આ પ્રસંગો એવા છે જ્યારે મદદની અત્યંત જરૂર હોય છે.

સાચા ભાઇને ઓળખો અને સાચા ભાઇ બનો, કારણ કે બાબત ઘરની હોય, કુટુંબની હોય, ધંધાની હોય કે અન્ય કોઇ પણ, જાણે-અજાણે તમારા ભાઇભાંડુ એની સાથે સંકળાયેલા જ હોય છે. તમારા વિકાસના દરેક તબક્કે ક્યાંક ને ક્યાંક તમારા ભાઇભાંડુની પ્રત્યક્ષ કે પરોક્ષ હાજરી હોય જ છે. તમારા ભાઇભાંડુ તમારી ઉન્નતિ કે તમારા પતનનો એક અદૃશ્ય હિસ્સો છે. એથી જ એમના પર નજર રાખો કે એ તમારું કે તમે એનું અહિત ન કરી બેસો.

સિંહ પાસેથી આટલું શીખો

प्रबूतं कार्यमल्पं वा यन्नरः कर्तुमिच्छति।
सर्वारम्भेण तत्कार्यं सिंहादेकं प्रचक्षते॥

મનુષ્ય જે નાના કે મોટા કોઈ પણ કાર્યનો પ્રારંભ કરે તેમાં તેણે શરૂઆતથી અંત સુધી સંપૂર્ણ શક્તિ લગાવી દેવી જોઈએ. આ ગુણ આપણે સિંહ દ્વારા ગ્રહણ કરવો જોઈએ.

સિંહ જે પણ કામ કરે છે તેમાં તે પોતાની તમામ શક્તિ લગાવી દે છે. તે શિકાર કરે છે ત્યારે તેની સંપૂર્ણ એકાગ્રતા તેના શિકારમાં કેન્દ્રિત હોય છે અને તેની તમામ શક્તિ શિકાર પર આક્રમણ કરવામાં લગાવી દે છે. મનુષ્યે પણ સિંહની જેમ પોતાના દરેક કાર્યમાં તમામ શક્તિનો ઉપયોગ કરી સફળતા મેળવવી જોઈએ. પોતાનું કાર્ય પૂર્ણ કરવા વ્યક્તિએ સિંહ જેવી આક્રમકતા દાખવવી જોઈએ.

તમારી એકાગ્રતા એ જ તમારું હથિયાર છે, પણ હા, એકલી એકાગ્રતાથી કંઇ જ ન વળે. એકાગ્રતાથી શરૂ કરેલાં કાર્યને આકાર આપવા માટે પ્રચંડ આત્મશક્તિ પણ જોઇએ જ. કોઇ પણ વ્યક્તિ એકાગ્રતા, આક્રમકતા અને નિરંતરતાના પરફેક્ટ મેથેમેટિકસથી કામ કરે તો સફળતા તેના ચરણચૂમે જ.

બગલા પાસેથી આટલું શીખો

इन्द्रियाणि चं संयम्य बकवत् पण्डितो नरः।
देशकालबलं ज्ञात्वा सर्वकार्याणि साधयेत्॥

બગલાની જેમ ઇન્દ્રિયો વશ કરી દેશ, કાળ અને બળને જાણી વિદ્વાનોએ પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવું જોઈએ.

બગલો બધું ભૂલી માછલી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તક મળતાં જ તેનો શિકાર કરે છે. મનુષ્યે પણ પોતાનું કામ કરતી વખતે પોતાની તમામ ઇન્દ્રિયોને કેન્દ્રિત કરવી જોઈએ. તેનું સંપૂર્ણ ધ્યાન કામને સફળતા કેવી રીતે મળે તેમાં જ પરોવાયેલું હોવું જોઈએ. કયું કામ કયાં કરવા યોગ્ય છે?કયું કામ કરવા માટે કયો સમય અને કેવા સંજોગો અનુકૂળ છે? તેવા પ્રશ્નોનો વિચાર કરી તેમાં જ ડૂબેલા રહેવું જોઈએ.

તમારે શું કરવું છે, ક્યાં કરવું છે, ક્યારે કરવું છે તે નક્કી કરી જગતને ભૂલી જાઓ. જે ચીજ જોઇએ છે એ મળે પછી જ જગતમાં પાછા આવો. અર્થાત્, ધ્યેયપ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધ્યાનભંગ ન જ થાઓ. અર્જુનને માછલીની આંખ જ દેખાતી હતી, એમ આપણને પણ આપણું લક્ષ્યબિંદુ જ દેખાવું જોઇએ. તો જ ધાર્યું નિશાન પાડી શકાશે.

કૂકડા પાસેથી આટલું શીખો

प्रत्युत्थानं च युद्धं च संविभागं च बन्धुषु।
स्वयमाक्रम्य भुक्तं च शिक्षेच्चत्वारि कुक्कुटात्॥

સમયસર જાગવું, યુદ્ધ માટે સદાય તત્પર રહેવું, પોતાના બંધુઓને ભગાડી મૂકવા અને તેમનો હિસ્સો પોતે જ ખાઈ જવો – આ ચાર ગુણ કૂકડમાંથી મનુષ્યે ગ્રહણ કરવા જોઈએ.

કૂકડા પાસેથી મનુષ્યે ચાર ગુણ શીખવા જેવા છે. કૂકડો સમયસર જાગી જાય છે. તે ક્યારેય તેમાં આળસ કરતો નથી. મનુષ્યે પણ નિત્ય સમયસર જાગી જવું જોઈએ. કૂકડાની જેમ સતત લડવા તૈયાર રહેવું જોઈએ. જીવન એક જંગ છે અને તેમાં લડવૈયાની જેમ લડતા રહેવાથી જ ટકી શકાય છે તથા સફળતા મળ છે.

ઉપરાંત કૂકડો પોતાના જ ભાઈઓને ભગાડી મૂકે છે અને તેમનું ભોજન પોતે ખાઈ જાય છે. એક જ ધંધો કરનારા ભાઈઓમાં જે તાકાતવાળો હશે તે ટકશે. મોટે ભાગે આ બાબત વ્યવસાયમાં લાગુ પડે છે. જો બે ભાઈઓ એક જ વ્યવસાયમાં હોય તો તંદુરસ્ત સ્પર્ધા કરતાં ખચકાટ ન અનુભવવો.

સૌથી પહેલી શરૂઆત કરો, હરીફાઇ માટે. હંમેશાં તત્પર રહો. સંબંધોને સિદ્ધિ પર છવાઇ ન જવા દો. આગળ વધો. લાગણીઓથી ન દોરવાઓ. પોતાની જાતને જ કેન્દ્રમાં રાખો. મંજિલ સામે જ છે.

કાગડા પાસેથી આટલું શીખો

गूढमैथुनचरित्वं च काले काले च संग्रहम्।
अप्रमत्तमविश्वासं पञ्च शिक्षेञ्च वायसात्॥

છુપાઈને મૈથુન કરવું, સમયે સમયે અમુક વસ્તુઓ સંઘરવી, સતત સાવધાન રહેવું, કોઈ ઉપર સંપૂર્ણ વિશ્વાસ ન કરવો અને મોટે મોટે અવાજ કરી બધાને ભેગા કરવા – આ પાંચ ગુણ કાગડા પાસેથી શીખવા જોઈએ.

વ્યક્તિએ જરૂર પડે તો અમુક કાર્ય કાગડા જેવાં પણ કરવાં જોઈએ. મૈથુન જાહેરમાં ન કરાય. તે વ્યક્તિગત બાબત છે. કાગડાની જેમ મૈથુન એકાંતમાં જ કરવું. તે સમયે સમયે અમુક ચીજવસ્તુઓ પોતાના માળામાં સંઘરતો રહે છે. તેની જેમ માણસે પણ ભવિષ્યમાં ચીજવસ્તુઓની ઉપયોગિતાને ધ્યાનમાં રાખી સંગ્રહ કરવો જોઈએ.

કાગડાની જેમ કોઈ પણ વ્યક્તિ પર પૂરેપૂરો વિશ્વાસ ન ચૂકવો. મનુષ્યે કાગડાની જેમ સદાય સતર્ક રહેવું જોઈએ. ચેતતો નર સદા સુખી; એટલું જ નહિ, જરૂર પડે ત્યારે મનુષ્યે કાગડાની જેમ જોરજોરથી અવાજ કરવાનું પણ શીખવું જોઈએ. કાગડા કા કા કરીને બીજા અનેક કાગડાની સેના ભેગી કરી નાખે છે. તેની જેમ મુશ્કેલીના સમયે માણસે પોતાના મિત્રોને બોલવવા બૂમબરાડા પાડવા જોઈએ.

ધંધાનાં રહસ્યો ગુપ્ત રાખો. મૂડીનો સંગ્રહ કરો. હરીફોથી સાવધ રહો. ખોટા વિશ્વાસની તો વાત જ ન કરો. મજબૂત સંગઠન રચો. કાગડા જેવા જાગ્રત રહેશો તો પસ્તાવાનો વારો જ નહીં આવે.

કૂતરા પાસેથી આટલું શીખો

बह्वाशी स्वल्पसन्तुष्टः सुनिद्रो लघुचेतनः।
स्वामिभक्तश्च शूरश्च षडेते श्वानतो गुणाः॥

જ્યારે ભોજન મળે ત્યારે પેટ ભરીને જમી લેવું અને ભોજન ન મળે ત્યારે થોડા ભોજનથી સંતુષ્ટ રહેવું, સારી ઊંઘ લેવી, પરંતુ થોડો સળવળાટ થતાં જ જાગી જવું, સ્વામી પ્રત્યે સંપૂર્ણ વફાદારી દેખાડવી અને લડવામાં જરા પણ ગભરાવું નહિ – આ છ ગુણ વ્યક્તિએ કૂતરા પાસેથી શીખવા જોઈએ.

કૂતરા પાસેથી છ ગુણ માણસે શીખવા જેવા છે. જ્યારે તેને ભોજન મળ છે ત્યારે તે પેટ ભરીને જમી લે છે અને ઓછું ભોજન મળે ત્યારે તેનાથી પણ સંતુષ્ટ રહે છે. માણસે પણ ભોજન મળે ત્યારે જમી લેવું, પણ સમય અને સંજોગો જોઈ જમવું. જ્યારે ઓછું ભોજન મળે ત્યારે થોડા ભોજનથી પણ સંતોષ રાખી ભૂખને નિયંત્રણમાં રાખવી. કૂતરો સ્વામીભક્તિ માટે જાણીતો છે. વળી એ ગમે તેવા પડકાર ઝીલવા તત્પર રહે છે. એ નીડર છે. એના આ ગુણો પણો મનુષ્યે જીવનમાં ઉતારવા જેવા છે.

સમયને ઓળખીને ચાલો. સિઝનમાં ધમધોકાર ધંધો કરી લો. ઑફ સિઝનમાં આયોજન કરો. સંયમ જાળવી રાખો. સતર્કતા ચૂકશો નહીં. બૉસ પ્રત્યે પૂરી વફાદારી દાખવો; નમે એને નમો, સામે પડે એને સીધા કરો... તમે સાચા હો, તો ખોટું સહન કરવાની જરૂર નથી. તમારી વાત પર અડગ રહો.

કાળા માથાના માનવી માટે કશું જ અશક્ય નથી

को हि भार: समर्थानां किं दूरं व्यवसायिनाम्।
को विदेश: सविद्यानां क: पर: प्रियवादिनाम्॥

સમર્થ અને શક્તિશાળી મનુષ્ય માટે કોઈ પણ કાર્ય મુશ્કેલ નથી, વ્યાપારીઓ માટે કોઈ સ્થાન દૂર નથી. વિદ્વાનો માટે કોઈ પણ દેશ પરદેશ નથી અને જે વ્યક્તિની વાણી મધુર છે તેને માટે કોઈ પારકું નથી.

સમર્થ વ્યક્તિ માટે કોઈ પણ કાર્ય મુશ્કેલ નથી. તે પોતાના સામર્થ્યથી કોઈ પણ કાર્ય કરી શકે છે. પોતાનાં મજબૂત મનોબળથી તે તમામ અવરોધો પાર પાડી દે છે અને પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરે છે.

સાચો વેપારી ગમે તે સ્થાને વેપાર કરવા તૈયાર હોય છે. તે સાત સમંદર પાર કરીને પણ વેપાર કરવા સમર્થ હોય છે. તેને માટે કોઈ સ્થાન દૂર નથી.

વિદ્વાનો માટે દેશ કે પરદેશ જેવું હોતું નથી. તે તો દરેક જગ્યાએ પોતાના માટે વાતાવરણ બનાવી લે છે. તે જ રીતે મધુર વાણી ધરાવતી વ્યક્તિ બધાનાં દિલ જીતી લે છે. તેને માટે તો બધાં પોતાનાં જ હોય છે.

તમે વેપારી છો. તમારું બજાર સમગ્ર વિશ્વ છે. તમારું ધ્યેય પૂરું કરવા તમારે ગમે ત્યારે, ગમે તે સંજોગોમાં, ગમે ત્યાં જવાની તૈયારી રાખવી જોઈએ. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે – વિશ્વ જાણે 'ગ્લોબલ વિલેજ' બની રહ્યું છે. તમારી મધુર વાણીથી બધાનાં દિલ જીતી શકો છો.

જાગતા રહેજો

विद्यार्थी सेवक: पान्थ: क्षुधाऽऽर्तो भयकातर:।
भाण्डारी प्रतिहारी च सप्त सुप्तान् प्रबोधयेत्॥

જો વિદ્યાર્થી, સેવક, યાત્રી, ભૂખથી પીડિત અને ડરપોક વ્યક્તિ, ભંડારનું રક્ષણ કરનાર ભંડારી અને દ્વારપાળ – આ સાત પોતાની ફરજના સમયે સૂઈ જાય તો તેમને જગાડવા જોઈએ.

અભ્યાસ કરતાં કરતાં વિદ્યાર્થી જો સૂઈ જાય તો તેનો અભ્યાસ અધૂરો રહી જાય છે. માલિક તેના સેવકને સૂતો ઝડપે તો સેવકે નોકરીથી હાથ ધોવા પડે છે. યાત્રી રસ્તામાં સૂઈ જાય તો લૂંટાઈ જવાનો ભય રહે છે. તેવી જ રીતે ભૂખ્યા પેટે સૂઈ જનારને બરાબર ઊંઘ આવતી નથી. ડરી ગયેલી વ્યક્તિ ઊંઘમાંથી વારંવાર ઝબકી જાય છે તેમજ દરવાજે રક્ષણ માટે તૈનાત દ્વારપાળ જો સૂઈ જાય તો ચોરી થવાનો ભય રહે છે.

કેટલીક બાબતોમાં છૂટછાટ ન જ ચાલે; જેમ કે, હિસાબકિતાબ. એક રૂપિયાનો પણ હિસાબ તો જોઇએ જ. એવી જ રીતે કર્મચારી કર્મનિષ્ઠ તો હોવો જ જોઇએ. એમાં કોઇ પણ પ્રકારની બાંધછોડ ન કરાય. એમાંય ચોકીદારની બાબતમાં તો નહીં જ; નહીંતર પત્યું. કંપનીમાં ગમે ત્યારે ગમે તે થઇ શકે. એના પર સખત અંકુશ રાખો. અમુક બાબતોમાં છૂટછાટ તો ન જ ચાલે. ઊંઘતા ન ઝડપાઇ જાઓ એનુંધ્યાન રાખો. 'જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો.' એ કહેવતને યાદ રાખી જાગતા રહેજો!

મુસીબતો વહોરશો નહીં

अहि नृपं च शार्दूलं किटिं च बालकं तथा।
परश्वानं च मूर्खं च सप्त सुप्तान् न बोधयेत्॥

સાપ, રાજા, સિંહ, સૂવર, બાળક, બીજાનું કૂતરું અને મૂર્ખ વ્યક્તિ – આ સાત સૂતેલાં જ સારાં, તેમને જગાડવાં નહિ.

અચાનક છંછેડાઈને જાગી ઊઠેલો સાપ કરડી બેસે છે. તેવી જ રીતે રાજાને ગાઢ નિદ્રામાંથી જગાડવામાં આવે તો અકળાઈને રાજા દંડ પણ કરી શકે છે. સિંહ જેવાં હિંસક પ્રાણીઓને જો ઊંઘમાંથી જગાડવામાં આવે તો તે હુમલો કરી બેસે છે. સૂતેલા બાળકને જો જગાડવામાં આવે તો રડી રડીને બેહાલ થઈ જાય છે. બીજાના પાળેલા શ્વાન અજાણી વ્યક્તિને જોઈ હંમેશાં ભસતા જ રહે છે. એટલે તેઓ સૂતા હોય તો તેમને સૂતા જ રહેવા દેવા જોઈએ. જ્યારે મૂર્ખ વ્યક્તિ હંમેશાં કામને બગાડતી જ રહે છે એટલે એ ન જાગે તે જ ઉત્તમ.

સામે ચાલીને મુસીબત ન વહોરવી. અમુક વિઘ્નસંતોષી વ્યક્તિઓને તમારી પ્રવૃત્તિઓથી વાકેફ ન કરો એમાં જ સલામતી છે. એવી વ્યક્તિઓ અકારણ અડચણો જ ઊભી કરતી હોય છે. પોલીસ, સરકારી અધિકારીઓ અને રાજકારણીઓથી બને એટલું સલામત અંતર જાળવવામાં જ મજા. એવું જ આપણાં ઓછી અક્કલવાળાં સ્વજનો વિશે સમજવું. ક્યારેક એ અજાણતાં જ વણજોઇતી ઉપાધિ નોતરી બેસતાં હોય છે.

સ્થિર આવકનો સ્રોત પકડી રાખો

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च॥

જે વ્યક્તિ નિશ્ચિત કાર્ય છોડી અનિશ્ચિત કાર્યની પાછળ દોડે છે, તે હાથમાં આવેલું કાર્ય કે પ્રાપ્ત થયેલી ચીજવસ્તુ ગુમાવે છે.

જે ચીજવસ્તુ નક્કી મળવાની જ હોય તેને મેળવવા જ પ્રયત્ન કરવો જોઈએ અને તેને લગતા કાર્યને જ પહેલાં પૂર્ણ કરવું જોઈએ. જે ચીજવસ્તુ મળશે તેની ખાતરી ન હોય તેની પાછળ દોડવાનો કોઈ અર્થ નથી. દિશાહીન દોટ મૂકનાર વ્યક્તિના હાથમાં કંઈ આવતું નથી. વ્યક્તિએ પોતાની શક્તિને અનુરૂપ નિશ્ચિત યોજના બનાવી આગળ વધવું જોઈએ. લોભમાં આંધળા થઈને વ્યક્તિએ ગમે ત્યાં ફાંફાં ન મારવાં જોઈએ.

હિંદીમાં એક કહેવત છે કે, 'આધી તજ પૂરી કો ધાવે, આધી મિલે ન પૂરી કો પાવે' એટલે કે જે મનુષ્ય એક કામ પૂર્ણ ન થયું હોય અને બીજું કાર્ય મેળવવા ભાગદોડ કરે છે તેનું અડધું પૂર્ણ થયેલું કાર્ય પણ નાશ પામે છે.

જે ધંધા-રોજગારથી તમે સુખી થયા છો તેને છોડીને ખોટાં પ્રલોભનો તરફ ખેંચાશો નહીં. અંગ્રેજીમાં કહેવત છે: A bird in hand is worth two in the bush **. ઝાડીમાં સંતાયેલાં બે પક્ષી પકડવા જતાં હાથમાં આવેલું પક્ષી છટકી જવાની સંભાવના રહે છે! 'સ્થિર'ને પકડી રાખો, 'અસ્થિર'નો મોહ છોડો.**

ઢંઢેરો ન પીટો

मनसा चिन्तितं कार्यं वाचा नैव प्रकाशयेत्।
मन्त्रेण रक्षयेद् गूढं कार्ये चाऽपि नियोजयेत्॥

જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેનું ગુપ્ત મંત્રની જેમ રટણ કરો. કોઈને કહ્યા વિના તે કાર્ય શરૂ કરી દો અને તે પૂર્ણ ન થાય એ પહેલાં તેનો ઢંઢેરા ન પીટો.

તમારી યોજના ગુપ્ત રાખો. જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેને મનમાં રાખો. કોઈને તેના વિશે કહો નહિ. મંત્રની જેમ તેનું સતત રટણ કરી તેને શરૂ કરી દો. જ્યાં સુધી કાર્ય ચાલુ હોય ત્યાં સુધી તેના વિશે બધાને કહેતા ન ફરો. જો કાર્ય પૂર્ણ નહિ થાય તો તમે હાંસીપાત્ર ઠરશો; એટલું જ નહિ, તમે શરૂ કરેલું કાર્ય કોઈ હરીફ જાણી જશે તો તે તમારાં કાર્યમાં વિઘ્નો પણ ઊભાં કરશે.

હવે પછીનો યુગ હરીફાઇનો છે. દરેક વ્યક્તિને નવી યોજનાઓનો ઇંતેજાર છે. ગાફેલ ન થાઓ... ભોળવાશો પણ નહીં. આરંભેલું કાર્ય પરિણામ સ્વરૂપે બહાર ન આવે ત્યાં સુધી માત્ર ને માત્ર મહેનત કરો, ચર્ચા નહીં; કારણ કે ચર્ચા ચૉરે થાય, ખેતરમાં તો માત્ર ખેતી જ થાય. તો જ પાક પાકે ને તો જ ખળાં છલકાય. બીજ જ્યારે વૃક્ષ બનશે ત્યારે જગત જોવાનું જ છે. અત્યારથી લોકોને એની આજુબાજુ ફરકવા ન દો, નહીંતર ક્યાંક એ કોકના પગ નીચે કચડાઇ જશે. અત્યારે તમારી ફરજ છે ફળદ્રૂપ જમીનમાં વાવેતર કરી જીવની જેમ છોડનું જતન કરવાની. અત્યારે એટલું જ કરો. બાકી બધું સમય પર છોડી દો.